અચલગઢ

મુનિરાજ શ્રી જયંતવિજયજી

ખંડ ભાગ ત્રીજો

— શ્રીજયંતવિજયજી

અચલગઢ

[સચિત્ર ઐતિહાસિક વર્ણન]

(આબૂ ભાગ ત્રીજો)

લેખક :
ઇતિહાસપ્રેમી, શાન્તમૂર્તિ
મુનિરાજ શ્રી. જયંતવિજયજી

વીર સં. ૨૪૭૪] ધર્મ સં. ૨૬ [વિ. સં. ૨૦૦૪

કિંમત ૧-૮-૦

પ્રકાશક :
ભાયચંદ અમરચંદ શાહ
મંત્રી : શ્રીયશોવિજય જૈન ગ્રંથમાલા
ગાંધીચોક, ભાવનગર (કાઠિયાવાડ)

પ્રથમ આવૃત્તિ : વિ. સં. ૨૦૦૨
બીજી આવૃત્તિ : વિ. સં. ૨૦૦૪

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ
શારદા મુદ્રણાલય;
પાનકોર નાકા, અમદાવાદ.

પ્રકાશકનું નિવેદન

જગત્પૂજ્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય સ્વ. શ્રીવિજયધર્મસૂરિજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન શાન્તમૂર્તિ મુનિરાજ શ્રીજયન્તવિજયજીના નામથી હવે વિદ્વજ્જગત ભાગ્યે જ અજાણ્યું હશે.

તેમની પ્રૌઢ લેખિનીથી લખાયેલ (૧) 'સિદ્ધાન્તરત્નિકા'નું ટિપ્પણ, (૨) વિહારવર્ણન, (૩) 'આબુ' ગુજરાતીની નાની-મોટી બે આવૃત્તિઓ, (૪) 'બ્રાહ્મણવાડા', (૫) 'હેમચંદ્રવચનામૃત', (૬) 'શ્રીઅર્બુદ-પ્રાચીન-જૈન-લેખસંદોહ', (૭) 'શંખેશ્વર મહાતીર્થ' વગેરે મહત્ત્વના ગ્રંથો, તથા તેમણે સંપાદિત કરેલ 'શ્રીઉત્તરાધ્યયનસૂત્ર' (કમલસંયમી ટીકાયુક્ત) તથા 'અભિધાનચિન્તામણિ' કોશની અકરાદ્યનુક્રમણિકા વગેરે અમૂલ્ય ગ્રંથો અગાઉ છપાઈ ચૂક્યા છે. ત્યારપછી તેમનો આ સુંદર ગ્રંથ પ્રકટ કરતાં અમને ખૂબ આનંદ થાય છે.

શ્રીઅચલગઢ એ પ્રાચીન અને મહત્ત્વનું તીર્થ છે. ઇતિહાસવેત્તા મુનિરાજ શ્રીજયન્તવિજયજીએ આ પુસ્તક દ્વારા આ પ્રાચીન તીર્થનું શુદ્ધ અને ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર વર્ણન કરી તેની મહત્તામાં વધારો કર્યો છે. અતિ પરિશ્રમ લઈને શોધ-ખોળપૂર્વક તૈયાર કરેલો તેમનો આ ગ્રંથ પુરાતત્ત્વવેત્તાઓ, વિદ્વાનો અને તીર્થપ્રેમીઓમાં આદરપાત્ર થઈ પડશે તેમાં શંકા નથી. વળી આ તીર્થ સંબંધી ૧૬ છબીઓ, સુંદર છપાઈ, પાકું બાઇંડીંગ અને સુંદર જૅકેટને લીધે આ પુસ્તકની બાહ્ય આકૃતિ પણ મનોહર બની છે. આવા સુંદર ગ્રંથને પ્રકટ કરવાનું સદ્ભાગ્ય અમને પ્રાપ્ત થયું છે, તે માટે અમે મુનિરાજ શ્રીજયંતવિજયજીના આભારી છીએ.

અતિ દુઃખદ અને ભયંકર વિશ્વયુદ્ધને લીધે થયેલી અસહ્ય મોંઘવારી હજુ ચાલુ હોવાથી, આ પુસ્તક છપાવતાં, આમાં સામાન્ય રીતે લાગવું જોઈએ તેના કરતાં ઘણું વધારે ખર્ચ લાગ્યું છે.

આ પુસ્તક છપાવવામાં અમોને બિલકુલ સહાયતા મળી નથી, તેથી નિરુપાયે અમારે પહેલાં કરતાં કિંમત થોડી વધારે રાખવી પડી છે. આ પુસ્તકનું કુલ ખર્ચ બાદ કરતાં જે કાંઈ રકમ વધશે, તે બીજું સાહિત્ય છપાવવાના કામમાં વપરાશે.

અંતમાં—પૂજ્ય ગુરુદેવ અમને આવું બીજું લોકોપયોગી વધારે સાહિત્ય પ્રગટ કરવાનું સામર્થ્ય આપે, એ જ મહેચ્છા.

—પ્રકાશક

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય

સ્વ. શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

તીર્થભક્તિમાં સદાય તલ્લીન

અને

તીર્થરક્ષા માટે સતત પ્રયત્નશીલ

પરમપૂજ્ય ગુરુદેવ

સ્વર્ગસ્થ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય

શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજને,

તેઓશ્રીના આબુતીર્થની આશાતના દૂર કરવા રૂપ

પુનિત કાર્યની સ્મૃતિ નિમિત્તે,

શ્રીઆબુતીર્થના એક અંશરૂપ

શ્રીઅચલગઢ તીર્થના વર્ણનનું

આ લઘુ પુસ્તક

સાદર સમર્પણ.

गुरुदेवस्तुतिः

धर्मो विज्ञवरेण्यसेवितपदो
धर्मं भजे भावतः,
धर्मेणावधुतः कुबोधनिचयो
धर्माय मे स्यान्नतिः।
धर्माच्चिन्तितकार्यपूर्तिरखिला
धर्मस्य तेजो महत्,
धर्मे शासनरागधैर्यसुगुणाः
श्रीधर्म ! धर्मं दिश ॥१॥

—अनेकान्ती

॥ यक्षराट् मणिभद्रो विजयतेतराम् ॥

કિંચિદ્ વક્તવ્ય

શ્રીઉદયપુર (મેવાડ) માં સં. ૧૯૯૧નું ચાતુર્માસ પૂર્ણ કરીને ત્યાંથી અમો મારવાડમાં પીંડવાડા થઈને આબુરોડ (ખરાડી) ગયા હતા. તે વખતે અચલગઢ ઉપરના શ્રી ઋષભદેવ ભગવાનના મંદિર ઉપર તથા તેની આસપાસની ૨૪ દેરીઓ ઉપર કલશો તથા ધ્વજાદંડો ઘણાં વરસોથી હતા નહીં. તથા આબુરોડ (ખરાડી)થી લગભગ દોઢ માઈલ દૂર માઉંટ આબુની પાકી સડકના માઈલ નંબર ૧૬ની પાસે આવેલ માનપુર નામનું ગામ છે, ત્યાંના જીર્ણ થઈ ગયેલ પ્રાચીન જિનમંદિરનો લગભગ પચાસ વરસ પહેલાં જીર્ણોદ્ધાર થયો હતો, છતાં ત્યાં શ્રાવકોની વસ્તી બિલકુલ નહીં હોવાથી તે મંદિરની પ્રતિષ્ઠા થઈ નહોતી. ઉપર્યુક્ત બન્ને સ્થાનોનો વહીવટ શ્રીરોહિડા ગામના સમસ્ત પંચમહાજન (જૈન સંઘ સમસ્ત)ના હાથમાં હોવાથી, અમો આબુરોડથી વિહાર કરીને ફાગણ માસમાં રોહિડા ગયા, ત્યારે ઓસવાલ અને પોરવાડ સમસ્ત સંઘને એકત્ર કરી તેમની સમક્ષ ઉપરનાં બન્ને કાર્યો માટે સમજૂતી સાથે ઉપદેશ આપતાં ત્યાંના સમસ્ત સંઘે સહર્ષ ઉપર્યુક્ત બન્ને કાર્યો તરતમાં જ કરવાનો નિશ્ચય કર્યો.

મુહૂર્ત કઢાવતાં બન્ને પ્રતિષ્ઠા માટે વૈશાખ સુદિમાં ફક્ત ત્રણ જ દિવસના અંતરે બન્ને મુહૂર્તો આવ્યાં, તેથી બન્ને ઠેકાણે એકી સાથે નહીં પહોંચી શકાય, એમ રોહિડાના શ્રીસંઘને લાગવાથી, માનપુરે જૈન મંદિરની પ્રતિષ્ઠાનું કાર્ય તે વખત પૂરતું

મુલતવી રાખીને[1] અચલગઢ માટેની બધી તૈયારીઓ થોડા જ સમયમાં કરીને, ઘણા જ આનંદ અને ઉત્સાહપૂર્વક અચલગઢ ઉપરના શ્રીઋષભદેવ ભગવાનના જિનાલય તથા તેની ફરતી ચોવીસ દેરીઓ ઉપર સુવર્ણ કલશો અને ધજાદંડોની પ્રતિષ્ઠા કરાવીને વિ. સ. ૧૯૯૨ના વૈશાખ સુદિ ૧૦ના દિવસે ચડાવવામાં આવ્યા. રોહિડા શ્રીસંઘના આગ્રહથી આ પ્રતિષ્ઠા ઉપર અમો અચલગઢ ગયા હતા. પ્રતિષ્ઠાનું કાર્ય પતી ગયા પછી ત્યાંનાં શ્રીકુંથુનાથજીનાં દેરાસરમાંની ધાતુની લગભગ ૧૬૦ જિનમૂર્ત્તિઓના લેખો લેવાના બાકી હતા તે લેખો ઉતારવા માટે અમો અચલગઢમાં લગભગ એક મહીનો રોકાયા. તે દરમ્યાન ત્યાંના કારખાનાના મુખ્ય મુનીમ ઉવારસદ (જિલ્લો અમદાવાદ)ના રહેવાસી શાહ વાડીલાલ નાથાલાલે અમોને શ્રી અચલગઢ તીર્થનું એક જુદું વર્ણન લખી આપવા માટે આગ્રહ કર્યો. તેમના આગ્રહથી શ્રીઅચલગઢનું જુદું વર્ણન લખવાનો નિર્ણય કરીને મેં ત્યાંની સ્થિરતા દરમ્યાન વિશેષ શોધ–ખોળ તથા તપાસ કરવા જેવું લાગ્યું તે કરીને તેની નોંધો કરી લીધી, અને આબુ કેંપમાંથી ફોટોગ્રાફરને ખાસ બોલાવરાવીને તેર જાતના નવા ફોટા લેવરાવી લીધા.

ત્યારપછી સં. ૧૯૯૩–૯૪ના કરાંચીના ચોમાસામાં આ વર્ણન લખીને તૈયાર કર્યું. પરંતુ તે દરમ્યાન ઉપર્યુક્ત શ્રીયુત વાડીલાલ નાથાલાલે અચલગઢ જૈન કારખાનાના મુનીમ

---

૧ માનપુરના દેરાસરની પ્રતિષ્ઠા બીજે વર્ષે જ કરાવવાની રોહિડા શ્રીસંઘની સંપૂર્ણ ઈચ્છા હતી. પણ ત્યારપછી અનેક વિઘ્નો આવવાથી તે પ્રતિષ્ઠા આજ સુધી થઈ શકી નથી.

તરીકેની નોકરી છોડી દીધેલી, તેથી આ પુસ્તક છપાવવાનું વિલંબમાં પડયું. તે દરમ્યાન અચલગઢ સંબંધી પ્રાચીન ગ્રંથોમાંથી જે સામગ્રી મળે તે મેળવવાનું ચાલુ રાખ્યું હતું. સં.૨૦૦૦ના ચોમાસામાં રાધનપુરમાંથી આ પુસ્તક છપાવવા માટે સહાયતા મળવાથી પહેલાં લખી રાખેલ વર્ણનમાં ઘણો જ સુધારો-વધારો કરી તૈયાર કરેલી આ પુસ્તિકા આજે શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા તરફથી પ્રકાશિત થઈને જનતા સમક્ષ રજુ થાય છે. આ પુસ્તિકાની ઉપયોગિતા કે સુંદરતા માટે મારે પોતાને કાંઇ લખવું એના કરતાં આ કામ વાચકો ઉપર જ રાખવું વધારે ઠીક જણાય છે.

આમાં (૧) ગિરિરાજ આબુ, (૨) રસ્તા, વાહનો, મુંડકું, (૩) ઓરીયા, (૪) અચલગઢ, (૫) અચલગઢનાં જૈન મંદિરો તથા (૬) હિંદુ તીર્થો અને દર્શનીય સ્થાનો—આ પ્રમાણે ૭ પ્રકરણો આપેલાં છે.

યદ્યપિ "આબૂ" ગુજરાતી, ભાગ પહેલાની બીજી આવૃત્તિ (કે જેનો હિન્દી અનુવાદ છપાઈ ગયો છે, અને અંગ્રેજી અનુવાદ છપાવવાની તૈયારી ચાલી રહી છે. તે) માં અચલગઢમાં આવેલાં જૈન મંદિરો, હિંદુ તીર્થો અને દર્શનીય સ્થાનોનું વિસ્તારથી વર્ણન આપ્યું છે, છતાં ફક્ત અચલગઢનું જ વર્ણન જાણવાની ઇચ્છા ધરાવતા સજ્જનો માટે ઘણા જ સુધારા–વધારા સાથે અચલગઢના વર્ણનની આ સચિત્ર પુસ્તિકા જુદી છપાવવામાં આવી છે. આમ છતાં આબુ ઉપર ચડવાના રસ્તા, વાહનો, યાત્રાકર (મુંડકું),

પ્રેક્ષકોનો તથા જૈન યાત્રાળુઓનો સામાન્ય કાર્યક્રમ, જૈન પારિભાષિક શબ્દોનો ખુલાસો વગેરે બાબતો 'આબૂ' ભાગ પહેલાની બીજી આવૃત્તિમાં વિસ્તારથી આપેલી હોવાથી તે બધી બાબતો આમાં આપી નથી. આમાં ફક્ત દેલવાડાથી અચલગઢ આવવાનાં રસ્તા અને વાહનોની હકીકત આપવા સાથે યાત્રાના કરની સંક્ષેપમાં હકીકત આપી છે.

જેમ દેલવાડાનાં જૈન મંદિરોમાં ચામડાના બુટ વગેરે પહેરીને જવાનો ના. સરકાર તરફથી મનાઈહુકમ છે, તેમ અચલગઢનાં જૈન મંદિરોમાં પણ ચામડાના બુટ વગેરે પહેરીને જવાનો મનાઈહુકમ છે. તે મનાઇહુકમની નકલ પણ "આબૂ" ભાગ પહેલાની બીજી આવૃત્તિના પરિશિષ્ટમાં આપેલ હોવાથી આમાં આપી નથી. દેલવાડાની જેમ અહીંના કારખાનામાં પણ યુરોપિયનો માટે કેનવાસના બુટ રાખવામાં આવે છે.

આમાં અચલગઢનાં જૈન મંદિરો તથા ધર્મશાળાઓ અને કુદરતી દશ્યો વગેરેની કુલ બાર છબીઓ તદ્દન નવી લેવરાવીને આપી છે. તેમજ (૧) મહારાજા કુમારપાળે અચલગઢની તલહટ્ટી (તળેટી) માં બંધાવેલ જૈન મંદિરના મૂળ નાયક શ્રીશાંતિનાથ ભગવાનની સપરિકર છબી, (૨) અચલેશ્વર મહાદેવનો પોઠીઓ અને કવિ દુરાસા આઢા, (૩) પરમાર ધારાવર્ષદેવ અને ત્રણ પાડા અને (૪) ગુરુશિખર–ગુરુ દત્તાત્રેયની દેરી અને ત્યાંથી ધર્મશાલા—આ ચાર છબીઓ "આબૂ" ભાગ પહેલાની બીજી આવૃત્તિમાં આપેલા હોવા છતાં આમાં આપી છે. એટલે કુલ ૧૬ છબીઓ દરેકના ટૂંકા પરિચય સાથે આમાં આપી છે.

અચલગઢ અને ઓરિયામાંના કુલ પાંચ જૈન મંદિરોમાંથી કુલ ૧૯૫ શિલાલેખો મળ્યા છે, તે બધાય મૂળ સંસ્કૃત લેખો, ગુજરાતી ભાષાના અવલોકન તથા અતિહાસિક ટિપ્પણો સાથે, " શ્રી અર્બુદ-પ્રાચીન-જૈન-લેખસંદેહ " (આબૂ ભાગ બીજો) માં પ્રકટ કરવામાં આવ્યા છે, તેથી તેને ફરીને આ પુસ્તિકામાં આપીને આ પુસ્તિકાનું કદ વધારવામાં આવ્યું નથી; એટલે કે એ આમાં આપ્યા નથી.

આ પુસ્તિકાના પ્રુફોનું સંશોધનં કરવામાં, બ્લોકો તથા જેકેટ કરાંવવામાં અને સર્વ રીતે આ પુસ્તિકાને આકર્ષક બનાવવામાં સંપૂર્ણ સહયોગ આપનાર **સાયલા** (હાલ **અમદાવાદ**) નિવાસી ગુરુભક્ત સેવાભાવી ન્યાયતીર્થ તર્કભૂષણ શ્રીયુત રતિલાલ **દીપચંદ** દેસાઈને; જે જે ગ્રંથોનાં આમાં પ્રમાણો (રેફરન્સ) આપવામાં આવ્યાં છે તે તે ગ્રંથોના લેખકો, સંપાદકો, પ્રકાશકોને; તથા આ પુસ્તિકા છપાવવામાં થોડે ઘણે અંશે પણ સહાય આપનારા દરેક સજ્જનોને ધન્યવાદ આપવાવાનું હું ઉચિત ધારું છું.

પ્રાંતે, વાચકો આ પુસ્તિકા વાંચીને શ્રીઅચલગઢ તીર્થની યાત્રા કરવા માટે વિશેષ પ્રેરાશે તેમજ ત્યાં જઈને સમ્યકત્વ નિર્મળ કરવા અને આત્મકલ્યાણ સાધવા વિશેષ પ્રયત્નશીલ બનશે તો લેખક, પ્રકાશક અને સહાયકોનો પ્રયાસ અવશ્ય સફળ થશે.

છેવટે-પૂજ્યપાદ સ્વ. ગુરુદેવ **શ્રીવિજયધર્મસૂરિજી** મહારાજની અસીમ કૃપાથી અને આંતરિક સહાનુભૂતિથી જ આ કૃતિ-પુસ્તિકા હું જનતા સમક્ષ મૂકવા ભાગ્યશાળી થયો

છું. એવી જ રીતે પૂજ્યાપાદ ગુરુદેવ પ્રત્યે પ્રાર્થના છે કે–તીર્થોનો ઇતિહાસ અને બીજું લોકોપયોગી ઉત્તમોત્તમ સાહિત્ય જનતા સમક્ષ વિશેષ પ્રમાણમાં રજૂ કરવાનું મને સામર્થ્ય અર્પણ કરો! એ જ અભિલાષા સાથે હું મારું વક્તવ્ય અહીં સમાપ્ત કરું છું.

માંડળ (જિલ્લો અમદાવાદ)
વીર સં. ૨૪૭૨ : વિ. સં. ૨૦૦૨
ધર્મ સં. ૨૪: કારતક સુદ ૧૫
તા. ૧૯–૧૧–૪૫ સોમવાર

શ્રીવૃદ્ધિધર્મચરણોપાસક
મુનિ જયંતવિજય

બીજી આવૃત્તિ પ્રસંગે

આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ થાય છે તે દરમ્યાન, ભારતવર્ષ સ્વતંત્ર થવાના કારણે, દેશની રાજદ્વારી પરિસ્થિતિમાં તેમજ દેશીરજવાડાંઓની સ્થિતિમાં ખૂબ પલટો આવી ગયો છે; રજવાડાં તો લગભગ વિલુપ્ત થઈ ગયાં છે. આની અસર આબૂ (અને અચલગઢ) ની માલિકી, હકુમત વગેરે ઉપર ખૂબ થઈ છે. અને તેથી એ અંગેનું આ ગ્રંથમાંનું કેટલુંક વર્ણન અત્યારે તો હવે ગઈ કાલનું–ઇતિહાસની વસ્તુ જેવું–થઈ પડ્યું છે. એટલે એમાં ફેરફાર કર્યો હોત તો કરી શકાત. પણ મેં એ બધું પહેલી આવૃત્તિની જેમ–જેમનું તેમ જ–રહેવા દીધું છે એટલું અહીં જણાવવું જરૂરી સમજું છું.

વૈશાખ શુદિ ૧૫
વિ. સં. ૨૦૦૪

મુનિ જયંતવિજય

અ નુ ક્ર મ ણિ કા

પ્રારંભિક

પ્રકાશકનું નિવેદન ૫

સમર્પણ ૭

ગુરુદેવસ્તુતિ ૮

કિંચિદ્ વક્તવ્ય ૯

અનુક્રમણિકા ૧૫

પ્રકરણ પહેલું : ગિરિરાજ આબુ ૩

પ્રકરણ બીજું : રસ્તા : વાહનો : મુંડકું ૧૧

રસ્તા ૧૧

વાહનો ૧૨

મુંડકું ૧૪

પ્રકરણ ત્રીજું : ઓરિયા ૧૫

શ્રીમહાવીરસ્વામિનું મંદિર ૧૬

પ્રકરણ ચોથું : અચલગઢ ૨૦

પ્રકરણ પાંચમું : અચલગઢનાં જૈન મંદિરો... ... ૩૧

(૧) શ્રીચૌમુખજી (આદીશ્વર)નું મુખ્ય મંદિર ... ૩૧

મંદિર બંધાવનાર ૩૧

મંદિરની રચના ૩૩

મૂર્તિઓનો ઇતિહાસ ૩૪

(૨) શ્રીઋષભદેવ ભગવાનનું મંદિર ૪૯

મંદિરની રચના ૫૧

મૂર્તિસંખ્યા અને તેની હકીકત ૫૧

(૩) શ્રીકુંથુનાથ ભગવાનનું મંદિર ૫૪

મૂર્તિસંખ્યા અને વિશેષ હકીકત... ... ૫૭

પિત્તલના ત્રણ ઘોડા ૫૮

(૪) શ્રીશાંતિનાથ ભગવાનનું મંદિર ૬૦

મંદિરની રચના ૬૦

આ મંદિર બંધાવનાર ૬૯
આ મંદિરના મૂળનાયકજી ૬૫
મૂર્તિઓનું વર્ણન ૭૦
કોરણી ૭૧
અચલગઢ અને ઓરિયાના જિનમંદિરની મૂર્તિઓની સંખ્યા ૭૪
જુદા જુદા સંવતોમાં અચલગઢનાં જૈન મંદિરોમાં
બિરાજમાન ફક્ત જિન–મૂર્તિઓની સંખ્યા... ... ૭૬
પ્રકરણ છઠ્ઠું : હિંદુ તીર્થો અને દર્શનીય સ્થાનો ... ૭૮
(૧) શ્રાવણ–ભાદરવો ૭૮
(૨) ચામુંડાદેવી ૭૮
(૩) અચલગઢનો કિલ્લો ૭૯
(૪) હરિશ્ચંદ્ર-ગુફા ૮૦
(૫) બગીચો ૮૦
(૬) અંચલેશ્વર મહાદેવનું મંદિર ૮૧
(૭) મંદાકિની કુંડ ૮૬
(૮) સારણેશ્વરજી ૮૮
(૯) ભર્તૃહરિ–ગુફા ૮૮
(૧૦) રેવતીકુંડ ૮૯
(૧૧) ભૃગુ–આશ્રમ (અ) ૮૯
તીર્થવિજય–આશ્રમ (બ) ૯૦
(૧૨) કોટેશ્વર (કનખલેશ્વર શિવાલય) ૯૧
(૧૩) ભીમગુફા ૯૨
(૧૪) સક્કરકુંડ ૯૨
(૧૫) ગુરુશિખર ૯૨
ઉપસંહાર ૯૫
યાત્રાળુઓએ તીર્થયાત્રામાં પાળવાના નિયમો ૯૮
શુદ્ધિપત્રક ૧૦૦
ચિત્રમય અચલગઢ [સોળ જુદાં જુદાં ચિત્રો અને તેનો પરિચય]

અ ચ લ ગ ઢ

प्रणम्याचलदुर्गेशं धर्मसूरिं गुरुं तथा ।
मुनिर्जयन्तविजयः कुरुतेऽचलवर्णनम् ॥

॥ जगत्पूज्य--श्रीमद्विजयधर्मसूरिगुरुभ्यो नमः ॥

અ ચ લ ગ ઢ

गुणानां यत् स्रोतः जगति विसरत्वाज्जनगणः
चिराज्ज्ञातुं तस्य प्रभवमिति बम्भ्रम्यत इह ।
तदर्थं पृष्टोऽद्रौ स्थितविजयधर्मोऽदिदृशत
गुणानामागारं ह्यचलगढगादीश्वरविभुम् ॥

પ્રકરણ પહેલું : ગિરિરાજ આબુ

મુંબઈથી ઉત્તર દિશામાં ૪૨૫ માઈલ દૂર અને દિલ્લીથી દક્ષિણ દિશામાં ૪૨૪ માઈલ દૂર 'આબુરોડ' નામનું સ્ટેશન આવેલું છે. ત્યાંથી ઉત્તર-પશ્ચિમ દિશા (વાયવ્યખૂણા)માં આબુ પર્વત આવેલો છે.

હિંદુસ્તાનમાં જ નહિ, બલ્કે યુરોપ, અમેરિકા આદિ દેશોમાં પણ પોતાની અત્યંત રમણીયતા અને દેલવાડા તથા અચલગઢનાં સુંદર શિલ્પવાળાં જૈન મંદિરોને લીધે આબુ સુપ્રસિદ્ધ હોવાથી તેનું વર્ણન લખવું તે પિષ્ટપેષણ કરવા

જેવું છે, અને તેથી જ વધારે ન લખતાં ટૂંકમાં માત્ર એટલું જ કહેવાનું કે **આબુ** પહાડ; ૧-૨ દેલવાડા અને **અચલગઢ**નાં જૈન મંદિરો, ૩ ગુરુશિખર, ૪ **અચલેશ્વર મહાદેવ**, ૫ **મંદાકિની** કુંડ, ૬ **રેવતી** કુંડ, ૭ ભૃગુઆશ્રમ, ૮ **ભર્તૃહરિ**ગુફા, ૯ **ગોપીચંદજી** (હરિશ્ચંદ્ર)ની ગુફા, ૧૦ **કોટેશ્વર** (કનખલેશ્વર) મહાદેવ, ૧૧ **ભીમ**ગુફા, ૧૨ **શ્રી**માતા (કન્યાકુમારી), ૧૩ **રસીયો** વાલમ, ૧૪ **નલ**ગુફા, ૧૫ **પાંડવ**ગુફા, ૧૬ **અર્બુદાદેવી** (**અધરદેવી**), ૧૭ **પાપકટેશ્વર મહાદેવ**, ૧૮ રઘુનાથજીનું મંદિર, ૧૯ દુલેશ્વરજીનું મંદિર, ૨૦ **રામઝરુખો**, ૨૧ **રામકુંડ**, ૨૨ વશિષ્ઠાશ્રમ, ૨૩ **ગૌમુખી** ગંગા ૨૪ **ગૌતમ**-આશ્રમ, ૨૫ **માધ્વાશ્રમ**, ૨૬ **શાંતિ**-આશ્રમ, ૨૭ ગણપતિનું મંદિર, ૨૮ **વાસ્થાનજી**, ૨૯ **કોડીધજ**, ૩૦ દેવાંગણજી, ૩૧ હૃષીકેશ, ૩૨ **નખી** તળાવ, વગેરે વગેરે તીર્થસમાન સ્થાનોને લીધે પ્રાચીન કાળથી જેમ જૈન, શૈવ, શાકત, વૈષ્ણવો વગેરેને માટે પવિત્ર અને તીર્થસ્વરૂપ છે, તેમ પોતાની રમણીયતા અને આરોગ્યપ્રદ આબોહવાને લીધે યુરોપિયનો તથા દેશી રાજા-મહારાજાઓને પણ સંપૂર્ણ આનંદદાયક છે. ભોગીઓને માટે ભોગનું અને યોગીઓને માટે યોગ સાધવાનું આ સ્થાન છે; જડી, બૂટી અને ઓષધિઓનો ભંડાર છે; અને કુદરતી ઝાડી, જંગલ, નદી, નાળાં અને ઝરણાં વગેરેથી અતિ સુશોભિત છે. અહીં પગલે પગલે આંબા, કરમદા આદિ અનેક પ્રકારનાં ફળોનાં ઝાડો; તેમજ ચંપો, મોગરો આદિ ફૂલોનાં ઝાડો લોકોનાં મનને રંજિત કરે છે. ઠેકાણે ઠેકાણે વાવ, કૂવા, તળાવ, સરોવર, કુંડ, ગુફાઓ વગેરે દશ્યો આનંદ આપે છે.

શિલ્પકળાનો આદર્શ રજુ કરતાં જૈન તીર્થસ્થાનો વગેરે અને વિવિધ વનસ્પતિ આદિ કુદરતી શોભાને લઈને આબુ પહાડ, સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ અને પવિત્ર તીર્થસ્વરૂપ ગણાય તો તેમાં આશ્ચર્ય જેવું શું છે? આબુ એ પ્રાચીન અને પવિત્ર સ્થાન છે. અહીં પહેલાં અનેક ઋષિ-મહર્ષિઓ આત્મ-કલ્યાણ માટે-આત્મશક્તિઓના વિકાસને માટે-અનેક પ્રકારની તપશ્ચર્યા અને ધ્યાન કરતા હતા.

'મહાભારત' અને 'વિષ્ણુપુરાણ'માં આબુનું નામ અને વર્ણન આવે છે, એટલે 'મહાભારત'ની રચનાના સમયની પહેલાં પણ આબુ વિદ્યમાન હતો, એમ ચોક્કસ રીતે માની શકાય.

આબુ ઉપરનાં જંગલોમાં હરણ, સાંભર, સસલાં, જંગલી ભૂંડ, અને અનેક પ્રકારનાં જંગલી પક્ષીઓ તથા સઘન ઝાડીવાળા પ્રદેશોમાં તો વાઘ અને ચિત્તા પણ રહે છે.

આબુ ઉપર તેરમા સૈકામાં બાર ગામ હતાં. આજ-કાલ પણ સિરોહી-સ્ટેટના નકશામાં આબુ ઉપર ચૌદ ગામ વિદ્યમાન હોવાનું લખ્યું છે, પણ તેમાંના ત્રણ-ચાર ગામો આબુકેમ્પની હદમાં ભળી ગયાં છે. દન્તકથા છે કે-આબુ ઉપર ચઢવા-ઊતરવા માટે રસીયાવાલમે બાર પાજ (રસ્તા) બાંધી હતી.

હિંદુસ્તાનની અંદર દક્ષિણમાં નીલગિરિથી લઈને ઉત્તરમાં હિમાલયની વચ્ચે જેના ઉપર ગામો વસેલાં હોય એવો ઊંચામાં ઊંચો કોઈ પણ પહાડ હોય તો તે આબુ પર્વત જ છે. આબુ નીચેથી મૂળમાં વીશ માઈલ લાંબો

અને આઠ માઈલ પહોળો છે; અને એકદમ ઊંચાઇમાં વધે છે. ઉપરથી લંબાઈ અત્યારે બાર માઈલ અને પહોળાઈ એથી ત્રણ માઈલની છે. સમુદ્રની સપાટીથી આબુ કેમ્પના બજાર પાસેની ઊંચાઈ ૪૦૦૦ ફીટની છે, અને ગુરુશિખરની ઊંચાઈ ૫૬૫૦ ફીટની છે. અર્થાત્ આબુ ઉપર સૌથી ઊંચું સ્થાન ગુરુશિખર છે.

આબુ ઉપર દરવર્ષે સરેરાશ ૬૯ ઇંચ વરસાદ પડે છે. ઉનાળામાં ગરમી વધારેમાં વધારે ૯૦ ડીગ્રી સુધી પડે છે, અને શિયાળામાં ઠંડી વધારેમાં વધારે કોઈ વખત ૪૫ ડીગ્રી સુધી પહોંચી જાય છે.

અહીં પહેલાં વસિષ્ઠ ઋષિ તપશ્ચર્યા કરતા હતા. તેમના અગ્નિકુંડમાંથી પરમાર, પડિહાર, સોલંકી અને ચૌહાણ—એ નામના ચાર પુરુષો ઉત્પન્ન થયા. તેઓના વંશજોની એ જ નામની ચાર શાખાઓ થઈ એમ રાજપૂતો માને છે.

આબુ ઉપર વિ૦ સંવત્ ૧૦૮૮માં, ગુર્જરાધિપતિના દંડનાયક-સેનાપતિ વિમળશાહે જૈન મંદિર બંધાવ્યું, તે વખતે જો કે બીજું એક પણ જૈન મંદિર અહીં વિદ્યમાન ન હતું, પરંતુ પ્રાચીન અનેક પટ્ટાવલી-ગ્રંથોથી જણાય છે કે—શ્રી મહાવીર-સ્વામીથી ૩૩મી પાટે થયેલા શ્રી વિમલચંદ્રસૂરિના શિષ્ય, વડગચ્છ (વૃદ્ધગચ્છ)ના સ્થાપક શ્રી ઉદ્યોતનસૂરિ અહીં વિ. સંવત્ ૯૯૪માં યાત્રા કરવા માટે પધાર્યા હતા. તેથી તે વખતે અહીં જૈન મંદિરો હોવાનું સંભવી શકે છે. સંભવ છે

કે તે પછીનાં ૯૪ વર્ષના અંતરમાં તે જૈન મંદિરોનો નાશ થઈ ગયો હોય.

વિક્રમની ચૌદમી શતાબ્દિના ઉત્તરાર્ધમાં રચાયેલ 'વિવિધતીર્થકલ્પ' માંના ઢિંપુરીતીર્થકલ્પમાં લખ્યું છે કે—"શ્રીમાન્ સુસ્થિતાચાર્યજી **અર્બુદાચલથી** અષ્ટાપદની યાત્રા માટે રવાના થયા.[1] આ સુસ્થિતાચાર્યજી (આર્ય-સુસ્થિત), શ્રીમહાવીરસ્વામી ભગવાનથી દશમી પાટે એટલે વીરાત્ ૨૯૧ વર્ષ પછી (આજથી લગભગ ૨૧૫૦ વર્ષો પહેલાં) થઈ ગયા છે.

'ઉપદેશસપ્તતિકા'ના ત્રીજા અધિકારના બીજા ઉપદેશમાં લખ્યું છે કે—(વિક્રમની પહેલી શતાબ્દિમાં થયેલા) શ્રીમાન્ પાદલિપ્તસૂરિજી મહારાજ આકાશગામિની વિદ્યાથી હમેશાં ૧ શત્રુંજય, ૨ ગિરનાર, ૩ અષ્ટાપદ, ૪ આબુ અને ૫ સમેતશિખર આ પાંચ તીર્થોની યાત્રા કર્યા પછી જ આહાર–પાણી (ભોજન) કરતા હતા.

આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે વિમળશાહે અહીં જૈન મંદિર બંધાવ્યું તે પહેલાં આબુ જૈન તીર્થ હતું.

---

૧. अन्यदा सुस्थिताचार्या अर्बुदाचलादष्टापदयात्रायै प्रस्थिताः ।
—વિવિધતીર્થકલ્પમાં ૪૩. ઢિંપુરીતીર્થકલ્પ પૃ. ૮૧ (સિંઘીગ્રંથમાલા.)

૨. (૧) આબુરોડથી પશ્ચિમ દિશામાં ચાર માઈલની દૂરી પરના 'મૂંગથલા (મુંડસ્થલ મહાતીર્થ)' ગામના શ્રીમહાવીરસ્વામીના પ્રાચીન ચૈત્યના ખંડિયેરમાંથી મળેલા વિ. સં. ૧૪૨૬માં ખોદાયેલા એક લેખમાં લખ્યું છે કે—"શ્રીમહાવીર ભગવાન્ છદ્મસ્થાવસ્થામાં અર્બુદભૂમિમાં વિચર્યા હતા."

શાસ્ત્રોમાં આબુનું નામ અર્બુદગિરિ આવે છે અને બીજું નંદિવર્ધન નામ પણ આવે છે.

---

(૨) આબુથી નજીકમાં પશ્ચિમ દિશામાં આવેલા (જોધપુર સ્ટેટના) ભીનમાલ નામના ગામના શ્રીમહાવીરસ્વામીના પ્રાચીન મંદિરમાંના વિ. સં. ૧૩૩૪ના લેખના પ્રારંભમાં લખ્યું છે કેઃ— "ભગવાન્ મહાવીરસ્વામી ભીનમાલમાં પધાર્યા હતા."

(૩) અંચલગચ્છીય શ્રીમહેન્દ્રસૂરિજીએ વિ. સં. ૧૩૦૦ લગભગમાં રચેલ "શ્રીઅષ્ટોત્તરી તીર્થમાલા"ની ૯૭મી ગાથામાં લખ્યું છે કે— "શ્રીમહાવીરપ્રભુ અર્બુદભૂમિમાં વિચર્યા હતા."

(૪–૫) તપાગચ્છાધિપતિ શ્રીસોમસુંદરસૂરિજીના પ્રશિષ્ય શ્રીરત્નમંદિર ગણિએ વિ. સં ૧૫૧૭માં રચેલા "ઉપદેશતરંગિણી" નામના સંસ્કૃત ગ્રંથના પૃષ્ઠ ૪ (ય. વિ. ગ્રં.)માં અને શ્રીઇંદ્રહંસ ગણિએ લગભગ વિ. સં. ૧૫૫૫માં રચેલ "ઉપદેશકલ્પવલ્લી" નામના સંસ્કૃત ગ્રંથના પલ્લવ ૩૬, પૃષ્ઠ ૩૪૧ (હી. હં.)માં લખ્યું છે કે— "શ્રીઋષભદેવ ભગવાનના ઉપદેશથી આબુ ઉપર ભરત ચક્રવર્તીએ શ્રીઆદીશ્વર ભગવાનનું મંદિર બંધાવ્યું તથા અહીં ઘણા મુનિઓ તપસ્યા કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે ગયા છે.

(૬) તપાગચ્છનાયક શ્રીમાન્ સોમસુંદરસૂરિજીના પ્રશિષ્ય શ્રી જિનહર્ષગણિએ વિ. સં. ૧૪૯૭માં રચેલા "મહામાત્ય શ્રીવસ્તુપાલ-ચરિત્ર"ના આઠમા પ્રસ્તાવના પ્રારંભના આઠ શ્લોકોમાં ઉપર્યુક્ત બન્ને વાતો લખવા ઉપરાંત વધારામાં લખ્યું છે કે–"અર્બુદભૂમિમાં શ્રીમહાવીર ભગવાન વિચર્યા હતા."

(૭–૧૦) શ્રીધનેશ્વરસૂરિજીકૃત "શ્રીશત્રુંજયમાહાત્મ્ય" પૃ. ૩૪૩ (પ્ર. હી. હં.)માં; શ્રી હંસરત્નવિરચિત "શ્રીશત્રુંજયમાહાત્મ્ય"પૃ.૨૭૯ (પ્ર. શેઠ ફીકાભાઈ પ્રેમચંદ)માં; "શ્રીહીરસૌભાગ્ય મહાકાવ્ય" ના તેરમા સર્ગના ૨૨૦મા શ્લોકની ટીકામાં અને વાચક વિનયશીલે

આબુની ઉત્પત્તિ માટે હિંદુ ધર્મશાસ્ત્રોમાં લખેલું છે, અને તે વાત હિંદુઓમાં બહુ પ્રસિદ્ધ પણ છે, કે—અહીં પહેલાં ઋષિઓ તપ કરતા હતા. તેમાંના **વસિષ્ઠ ઋષિ**ની કામધેનુ ગાય, ઉત્તંક ઋષિએ ખોદેલા ઊંડા ખાડામાં પડી ગઈ. ગાયને તે ખાડામાંથી નીકળવું બહુ મુશ્કેલ થઈ પડયું. પણ પોતે કામધેનુ હોવાથી પોતાના દૂધથી તેણે આખો ખાડો ભર્યો અને પછી પોતે તરીને બહાર નીકળી આવી. પરંતુ ફરીને આવું કષ્ટ ન થાય એટલા માટે **વસિષ્ઠ** ઋષિએ હિમાલયને પ્રાર્થના કરી; તેથી હિમાલયે પોતાના **નંદિવર્ધન** નામના પુત્રને ઋષિઓનું દુઃખ મટાડવાની આજ્ઞા કરી. **વસિષ્ઠજી નંદિવર્ધન**ને **અર્બુદ** સર્પ દ્વારા ત્યાં લાવ્યા અને તે ખાડામાં સ્થાપી ખાડો પૂરી દીધો અને **અર્બુદ** સર્પ પણ પહાડની નીચે, પહાડને ધારણ કરીને, ત્યાં જ રહેવા લાગ્યો. (કહેવાય છે કે અર્બુદસર્પ છ છ મહિને પડખું ફેરવે છે તેથી **આબુ** ઉપર છ છ મહીને ધરતીકંપ[૩]

વિ. સં. ૧૭૪૨માં રચેલ "શ્રીઅર્બુદાચલ ઉત્પત્તિ ચૈત્યપરિપાટી સ્તવન"ની છઠ્ઠી ઢાળની બીજી કડી વગેરે ગ્રંથોમાં લખ્યું છે કે-આબુ ઉપર **ભરત** ચક્રવર્તીએ મંદિરો બંધાવ્યાં હતાં.

૩ **આબુ** ઉપરની ભૂમિમાં રાસાયણિક પદાર્થો વધારે હોવાથી **આબુ** ઉપર વર્ષમાં ૨–૩ વાર ધરતીકંપ થાય છે.

એક યુરોપિયન વૈજ્ઞાનિકનું અનુમાન છે કે–"લગભગ દોઢસો વર્ષ પછી **આબુ** ઉપર જ્વાળામુખી ફાટી નીકળશે, અને તેથી **આબુ** ઉપરનાં બધાય ગામો આદિનો નાશ થશે. આબુ ઉપર જેટલો વરસાદ વધારે થશે તેટલું તેનું આયુષ્ય વધશે." આ ઉપરથી પણ જાણી શકાય છે કે **આબુ** ઉપરની ભૂમિમાં ગંધક આદિ રાસા-

થાય છે.) આ ઉપરથી આનું અર્બુદ[૪] અને નંદિવર્ધન નામ પડયું હશે, એમ જણાય છે. પરંતુ હિંદુઓની માન્યતા પ્રમાણે તે નંદિવર્ધન પહાડ અર્બુદ સર્પ દ્વારા ત્યાં આવ્યો તે પહેલાં પણ આ ભૂમિ પવિત્ર હતી એ તો ચોક્કસ વાત છે. કેમકે તે પહેલાં પણ અહીં ઋષિઓ તપ કરતા હતા, એમ ઉપર કહેવામાં આવ્યું છે. માટે આબુ પહાડ ઘણો પ્રાચીન અને પવિત્ર છે, તેમાં જરા પણ સંદેહ જેવું નથી.

યણિક પદાર્થો વધારે પ્રમાણમાં છે. આબુની અધિષ્ઠાત્રી અંબિકાદેવી પ્રત્યે પ્રાર્થના છે કે-ઉપર્યુક્ત વૈજ્ઞાનિકનું અનુમાન ખોટું પડે અને આબુ ચિરસ્થાયી બને.

૪. જૈન શાસ્ત્રોમાં આ પહાડનું 'અર્બુદ' નામ પાડવામાં નીચે પ્રમાણે હેતુઓ આપ્યા છે.

(૧) યુગાદિદેવ શ્રીઋષભદેવપ્રભુ અને શ્રીનેમિનાથપ્રભુજીનાં દર્શન-નમન કરવા માટે અર્બુદ=દશ ક્રોડ ઋષિઓ અહીં રહીને તપ કરતા હતા, તેથી આ ગિરિનું નામ 'અર્બુદ' પડયું અને તે તીર્થ તરીકે પ્રસિદ્ધિને પામ્યો. આ પ્રમાણે શ્રીતરુણપ્રભસૂરિજીકૃત 'શ્રીઅર્બુદાચલાલંકાર-શ્રીયુગાદિજિન-શ્રીનેમિજિનસ્તવનં' (સંસ્કૃત પદ્યાત્મક)ના ૧૧મા શ્લોકમાં લખ્યું છે.

(૨) અને શ્રીજિનરત્નસૂરિજીકૃત 'અર્બુદાચલાલંકાર-શ્રીયુગાદિદેવસ્તવનં' (સંસ્કૃત પદ્યબદ્ધ)ના દશમા શ્લોકમાં કહ્યું છે કેઃ—તરણતારણ શ્રીઋષભદેવપ્રભુજી સન્મુખ જે જે વસ્તુઓ ધરી હોય-અર્પણ કરી હોય—તે તે વસ્તુઓ અર્બુદગુણી=દશ ક્રોડ ગુણી થાય છે, અર્થાત્ અર્પણ કરનારને તે તે વસ્તુઓ ભવિષ્યમાં—આ ભવમાં કે ભવાંતરમાં—દશ ક્રોડ ગુણી મળે છે, આ કારણથી આ ગિરિનું નામ 'અર્બુદ' પડયું છે, અને તે તીર્થ તરીકે અતિ પ્રસિદ્ધિમાં આવ્યું છે.

પ્રકરણ બીજું : રસ્તા; વાહનો; મુંડકું

રસ્તા —

'આબુ' પુસ્તકની ગુજરાતી બીજી આવૃત્તિ પૃષ્ઠ ૯થી-૧૧માં મેં જણાવ્યા પ્રમાણે વાહનો દ્વારા અથવા પગે ચાલીને ખરાડી (આબુરોડ) અને અણાંદરા (હણાદ્રા)ના રસ્તાથી 'દેલવાડા' અવાય છે, દેલવાડાથી અચળગઢ સુધીની ૪॥ માઈલની પાકી સડક બનેલી છે. આ રસ્તેથી અચલગઢ જવાય છે.

અચલગઢ જવાવાળા બધા લોકો ભેગા થઈને દેલ-વાડાથી ઉનાળાની ઋતુમાં લગભગ સવારે આઠથી નવ વાગ્યે અને શિયાળા તથા ચોમાસામાં સવારે નવથી દસ વાગ્યે રવાના થાય છે. સિરોહી સ્ટેટની પોલીસ, ચોકી માટે સાથે આવે છે. અચલગઢમાં ઈચ્છા પ્રમાણે રહેવું હોય તેટલા દિવસ રોકાઈ, દેલવાડા પાછા આવવું હોય ત્યારે ત્યાંથી બપોરના ચાર વાગ્યાના સુમારે બધા યાત્રાળુઓની સાથે રવાના થઈને દેલવાડા જવું. તે વખતે પણ સ્ટેટની પોલીસ સાથે આવે છે.

અચલગઢ જવા માટેનો મુખ્ય અને ધોરી રસ્તો

આ જ છે. આ સિવાય પગદંડીના બીજા રસ્તા છે, જેમાં આરણા તલેટી પાસેથી નીકળતી પગદંડીથી ઝાડી, જંગલ, અને ઉતાર–ચડાવવાળા પહાડી રસ્તે લગભગ ૬થી ૭ માઈલ ચાલવાથી (દેલવાડા ગયા સિવાય) સીધા અચલગઢ પહોંચાય છે. પણ આ રસ્તો ઘણો જ વિકટ છે. તે રસ્તે જંગલમાં રહેનારા ભીલો સિવાય બીજું કોઈ જતું–આવતું નથી. માટે આ રસ્તે કોઈએ જવા–આવવાનું સાહસ ખેડવું નહીં.

આબુની પૂર્વ તરફની તળેટીમાં આવેલાં કાછોલી, અસપર, ટોકરા અને કાસીંદ્રા વગેરે ગામો પાસેથી નીકળતી પગદંડીઓથી પહાડી રસ્તે લગભગ આઠ આઠ માઈલ ચાલવાથી અચલગઢ પહોંચાય છે.

આ અને બીજા પણ પગંદડીના રસ્તા વિકટ છે. તેથી તે રસ્તે ભોમીઓ અને ચોકીદાર સાથે લીધા વિના કદી પણ જવું નહીં.

વાહનો —

હાલમાં દેલવાડાથી અચલગઢ સુધીની મોટર બસ સર્વિસ ચાલુ થઈ છે. આ મોટર બસ, ગરમીની ઋતુમાં હમેશાં સવારમાં ૧૧ વાગ્યે દેલવાડાથી રવાના થઈને અચલગઢ આવે છે, અને ત્યાંથી પાછા ગરમીની ઋતુમાં હમેશાં સાંજના ચાર વાગ્યે રવાના થઈને દેલવાડા જાય છે. એક સવારીનું જવા–આવવાનું ભાડું સવા રૂપિયો છે અને એક વખતના બાર આના લે છે. સ્પેશીયલ મોટર બસ અને ટેક્ષીઓની ઇજારદાર પાસે માગણી કરવાથી તે તેમની અનુકૂળતા પ્રમાણે સગવડ કરી આપે છે.

મોટર બસ સર્વિસ સિવાય દેલવાડાથી અચલગઢ જવા માટે ટેક્ષીઓ, સ્પેશીયલ મોટર બસ, બળદગાડીઓ, ઘોડાં અને રિકસા (માણુસ ગાડીઓ) દેલવાડાના ઇજારદારને પહેલેથી સૂચના આપવાથી મળે છે. આ દરેક વાહનો અચલગઢની તળેટી સુધી જઈ શકે છે. ભાડાની બસ, ટેક્ષીઓ તથા લોરીઓને તે સડકેથી ચાલવાની સ્ટેટ તરફથી પહેલાં મનાઈ હતી, પણ હવે છૂટ થઈ ગઈ છે. અચલગઢ જવાનાં વાહનો માટે સિરોહી સ્ટેટ તરફથી ઇજારો અપાયેલો છે, અને તેનું ભાડું (Rate) નક્કી કરેલ છે.

દેલવાડાથી અચલગઢ જવા-આવવા માટે મોટર બસ સર્વિસ સિવાયનાં વાહનોનાં ભાડાં નીચે પ્રમાણે છે:

બળદગાડીના	૨-૮-૦	ડોળીના	૪-૦-૦
ઘોડાના	૨-૦-૦	રીકસાના	૪-૦-૦
મજૂરના	૦-૧૨-૦	મોટરકારના	૭-૦-૦

એક મોટરકારમાં અને એક બળદગાડીમાં ચાર સવારી બેસી શકે છે.

ગમે તે યાત્રાળુઓ કે મુસાફરો તરફથી ચાર બેલગાડીઓ બંધાઈ ગયા પછી, અર્થાત્ પાંચમી બેલગાડીથી ગાડીવાળાની માંગણી મુજબ, પણ રીતસર, વધારે ચાર્જ આપવો પડે છે.

ઉપરના ભાડાથી સવારે અચલગઢ આવી સાંજે દેલવાડા પાછા જવું પડે છે. કેમકે તે એક જ દિવસમાં જવા-આવવાનું ભાડું છે. જેમની અચલગઢમાં વધારે દિવસો સુધી રહેવાની ઇચ્છા હોય તેમણે ઇજારદારને રૂબરૂ મળીને અથવા

પત્રદ્વારા વાહનોનું ભાડું નક્કી કરી લેવું જોઈએ. મોટર-બસનું એક વખતનું ભાડું બાર આના નક્કી થયેલું જ છે.

મુંડકું —

'આબૂ' ગુજરાતી (આવૃત્તિ બીજી) પૃષ્ઠ ૧૨–૧૩માં મેં જણાવ્યા પ્રમાણે મુંડકાની રકમ રૂા.* ૧–૩–૯ ફક્ત એકલા અચલગઢની જ યાત્રા કરનાર યાત્રાળુ અથવા જોવા આવનાર પ્રેક્ષક પાસેથી પણ સ્ટેટ વસૂલ કરે છે. જેણે દેલવાડામાં મુંડકું ભર્યું હોય તેણે અચલગઢમાં ફરીવાર આપવું પડતું નથી.

આબુ કેમ્પમાં રહેનારાઓએ એક વાર મુંડકું ભર્યું હોય તો તે બાર માસ સુધી ચાલી શકે છે. અને યાત્રાળુ કે મુસાફરો પણ મુંડકું ભર્યા પછી જો નીચે ન ઊતરે તો તે મુંડકું ભરવાથી બાર માસ સુધી તે આબુ ઉપરનાં દરેક તીર્થસ્થાનોમાં ગમે તેટલી વાર જઈ–આવી શકે છે.

સિરોહી સ્ટેટની પ્રજા પાસેથી ચોકી તરીકે માણસ દીઠ ૦–૬–૬ સ્ટેટ તરફથી લેવામાં આવે છે.

---

* આ મુંડકું (રૂા. ૧–૩–૯) તા. ૨૬–૩–૪૮થી માફ કર્યાની જાહેરાત કરવામાં આવી છે.

પ્રકરણ ત્રીજું : ઓરીયા

દેલવાડાથી ઉત્તર–પૂર્વમાં (ઈશાન ખૂણામાં) ૩ાા માઈલ દૂર **ઓરીયા** નામનું ગામ છે. દેલવાડાથી **અચલગઢ** જવાની પાકી સડકે ૩ માઈલ જવાથી સડક ઉપર જ, **અચલગઢ** જૈન મંદિરોના કારખાના (કાર્યાલય) તરફથી એક પાકું મકાન બનેલું છે. ત્યાં એ જ કારખાના તરફથી પાણીની [૫]પરબ બેસે છે. ત્યાંથી **ઓરીયાની** સડકે ચડી ાા માઈલ જવાથી **ઓરીયા** ગામ આવે છે. **ઓરીયા** અત્યારે નાનું ગામડું છે, પરંતુ પ્રાચીન છે. સંસ્કૃત ગ્રંથોમાં આનાં **ओरियासकपुर, ओरीसाग्राम** અને **ओरासाग्राम** વગેરે નામો આવે છે. અહીં **ઓરીયાના** શ્રીસંઘે બનાવેલું શ્રી**મ**હાવીરસ્વામીનું એક પ્રાચીન મંદિર છે. આ મંદિરનો વહીવટ અને દેખરેખ **અચલગઢ** જૈન મંદિરોના કારખાના (કાર્યાલય)ને હસ્તક છે. અહીં અત્યારે શ્રાવકનાં ઘર, જૈન ધર્મશાળા કે ઉપાશ્રય

---

૫. પરબનું મકાન એક નાના કંપાઉન્ડ યુક્ત છે. તે મકાનમાં સામસામે બંને બાજુએ એક એક ઓરડો અને વચ્ચે ઓસરી બનેલ છે. ત્યાં પીવા માટે ગરમ અને ઠંડા પાણીની સગવડ રાખવામાં આવે છે. આ પરબ હરેક મનુષ્ય માટે છે.

વગેરે કાંઈ નથી. ફક્ત આ મંદિરની બાજુમાં ગામના લોકોનો એક ચોરો છે. આ ગામમાં રજપૂતો અને ખેડૂતો વગેરે લોકવર્ણની વસ્તી છે. આ ગામની બહાર દક્ષિણ દિશામાં **કોટેશ્વર** (કનખલેશ્વર) **મહાદેવનું**[૬] એક પ્રાચીન મંદિર છે. બીજી તરફ ગામ બહાર પશ્ચિમ દિશામાં **સિરોહી સ્ટેટનો** એક ડાક બંગલો છે. એ જ રસ્તે ડાક બંગલા પાસે થઈને પરબના મકાન પાસે પાછા આવી **અચલગઢની** સડકે ચઢી અચલગઢ જવું, અથવા **ઓરીયાથી** સીધે રસ્તે પગદંડીથી થોડું ચાલી સડકે ચઢીને અચલગઢ જવું. કેંપમાં આવેલ રાજપુતાના હોટલથી **ઓરીયાનો** ડાક બંગલો ૪ાા માઈલ થાય છે.

શ્રીમહાવીરસ્વામીનું મંદિર —

ઓરીયાનું આ મંદિર, 'શ્રીમહાવીરસ્વામીનું મંદિર' કહેવાય છે. પુરાતત્ત્વવેત્તા રા. બ, મ. મ, શ્રીમાન **ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ** લખેલા અને વિ. સં. ૧૯૬૮માં પ્રકટ થયેલા "सिरोही राज्यका इतिहास"ના પૃ. ૭૭માં એ જ વાતને પુષ્ટિ આપતાં તેમણે લખ્યું છે કેઃ—"આ મંદિરમાં મૂળનાયકજી તરીકે મુખ્ય મૂર્તિ શ્રી**મહાવીરસ્વામી** ભગવાનની અને તેમની એક બાજુમાં શ્રી**પાર્શ્વ**નાથ ભગવાન અને બીજી બાજુમાં શ્રી**શાંતિ**નાથ ભગવાનની મૂર્ત્તિ છે."

પરંતુ ચોક્કસ રીતે તપાસ કરતાં જણાયું કે—અત્યારે આ મંદિરમાં મૂળનાયકજી તરીકે શ્રી**મહાવીરસ્વામીને** બદલે **શ્રીઆદીશ્વર** ભગવાનની મૂર્ત્તિ બિરાજમાન છે. (આપણી)

૬. **કોટેશ્વર** માટે આગળ '**હિંદુતીર્થો અને દર્શનીય સ્થાનો**' નામના પ્રકરણનો બારમો નંબર જુઓ.

જમણી બાજુએ શ્રી **પાર્શ્વ**નાથ ભ૦ અને (આપણી) ડાબી બાજુએ શ્રી **શાં**તિનાથ ભગવાનની મૂર્ત્તિ છે.[૭] (મૂળનાયકજીની મૂર્ત્તિનો આ ફેરફાર ક્યારે થયો તે માટે દેલવાડા—**અ**ચલગઢમાં લોકોને પૂછતાં કાંઈ પત્તો લાગ્યો નથી, અર્થાત્ છેલ્લાં પચાશેક વર્ષોમાં ફરીવાર પ્રતિષ્ઠા કે મૂર્ત્તિઓનું પરાવર્તન થયાનું કોઈની જાણમાં નથી.) આ પ્રમાણે મૂળનાયકજીની મૂર્ત્તિમાં ફેરફાર થઈ ગયો છે, છતાં હજુ પણ આ મંદિરને શ્રી **મ**હાવીરસ્વામીનું મંદિર કહે છે.

આ મંદિરમાં ઉપર્યુક્ત ત્રણ મૂર્ત્તિઓ સિવાય ચોવીશીના પટ્ટમાંથી છૂટી પડી ગયેલી ભગવાનની સાવ નાની મૂર્ત્તિઓ ૩ તથા જિન—માતાની ચોવીશીના ખંડિત પટ્ટનો એક ટુકડો છે.

આ મંદિરમાં એક પણ લેખ જોવામાં આવ્યો નથી, તેથી આ મંદિર કોણે અને ક્યારે બંધાવ્યું તે ચોક્કસ રીતે જાણવામાં આવ્યું નથી. પરંતુ ચૌદમી શતાબ્દિના લગભગ મધ્ય સમયમાં શ્રીમાન્ **જિન**પ્રભસૂરિજીએ બનાવેલા "વિવિધ-તીર્થકલ્પ" અન્તર્ગત '**અર્બુ**દકલ્પ'માં **આબુ** ઉપર ફક્ત

૭. મૂળનાયક પૂર્વસન્મુખ બિરાજમાન છે. તેમના જમણા હાથ તરફ (આપણી ડાબી બાજુએ) જગ્યા થોડી હોવાથી અને શ્રીશાંતિનાથજી ભગવાનની મૂર્તિ મોટી હોવાથી એની બાજુમાં જ પૂર્વસન્મુખને બદલે ઉત્તરસન્મુખ બિરાજમાન કરેલ છે. કદાચ આ મંદિર બન્યું એ વખતે આ મૂર્ત્તિને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ હશે. જો એમ જ હોય તો પછી મૂળનાયકનું પરિવર્તન શા માટે કરવામાં આવ્યું તે સમજાતું નથી. આ ત્રણે મૂર્ત્તિઓ મનોહર અને અખંડિત છે.

વિમલવસહી, લૂણવસહી અને કુમારપાલ રાજાનું બંધાવેલું[૮] મહાવીરસ્વામીનું મંદિર–આ ત્રણ જ મંદિરનું વર્ણન આપ્યું છે. તે ઉપરથી જણાય છે કે–આ મંદિર ચૌદમી શતાબ્દિ પછી બન્યું છે. જો તે પહેલાં બનેલું હોત તો ઉપરના 'અર્બુદ-કલ્પ'માં તેનું નામ કે વર્ણન જરૂર હોત. શ્રીમાન્ સોમસુંદર-સૂરિરચિત 'અર્બુદગિરિકલ્પ' (કે જે લગભગ પંદરમી શતાબ્દિના અંતમાં બનેલો છે તે)માં લખ્યું છે કે–"ઓરિ-યાસકપુર (ઓરીયા)માં શ્રીસંઘે બંધાવેલા નવીન જિનમંદિરમાં શ્રી શાંતિનાથ ભગવાન[૯] બિરાજે છે." આ ઉપરથી આ મંદિર પંદરમી શતાબ્દિના અંતમાં બન્યું હોય એમ જણાય છે. મંદિર બન્યું ત્યારે તેમાં મૂળનાયકજી તરીકે શ્રી શાંતિ-નાથ ભગવાન બિરાજમાન કર્યા હશે, પણ પાછળથી જીર્ણોદ્ધાર વખતે તેમાં મૂળનાયકજી તરીકે શ્રી મહાવીરસ્વામીની મૂર્ત્તિ બિરાજમાન કરી હશે, તેથી આ મંદિર શ્રી મહાવીરસ્વામીના મંદિર તરીકે પ્રસિદ્ધિને પામ્યું હશે, એમ જણાય છે.

---

૮. આબુ ઉપર મહારાજા કુમારપાળે જિનમંદિર બંધાવ્યું છે તે, ઓરીયાનું આ મંદિર હોવાનું કેટલાક લોકો માને છે, પણ તે ઠીક નથી. મહારાજાને યોગ્ય બાંધણીવાળું આ મંદિર નથી; સાદી બાંધણીવાળું છે. અચલગઢની તળેટીમાં શ્રીશાંતિનાથ ભગવાનનું મંદિર છે, તે મહારાજા કુમારપાળનું બંધાવેલું છે. તે માટે તે મંદિરના વર્ણનમાં કંઈક વધારે સ્પષ્ટતાથી લખવામાં આવશે.

૯ यत्रौरियासकपुरे प्रभुराचिरेयः,
श्रीसङ्घनिर्मितनवीनविहारसंस्थः ।
सम्यग्दृशां प्रमदसम्पदमादधाति,
श्रीमानसौ विजयतेऽर्बुदशैलराजः ॥ २४ ॥

વિ. સં. ૧૮૭૫ના વૈશાખ શુદિ ૮ ને દિવસે આબુના વર્ણન માટે લખાયેલા હસ્તલિખિત એક છૂટક પાનામાં પણ તે વખતે ઓરીયામાં મૂલનાયક શ્રી મહાવીરપ્રભુનું મંદિર હોવાનું લખ્યું છે.

આ મંદિર ગામની જમીનથી પંદરેક ફૂટ ઊંચી ટેકરીના એક વિશાળ પથ્થર ઉપર ગામના મધ્ય ભાગમાં મૂળ ગભારો, ગૂઢ મંડપ, શિખર અને ભમતીના કોટયુક્ત બનેલું છે. ગૂઢ મંડપની આગળ નવ ચોકીઓ બનાવવા માટે ચોતરો બનાવી રાખેલ છે. તેની પછી સભામંડપ બનાવવા જેટલી જગ્યા છે. ત્યાર પછી નાનો દરવાજો બનેલો છે. મૂળ-નાયકજીની જમણી બાજુમાં જિનમાતૃપટ્ટની પાસે અથવા તેને સ્થાને એક જિનમૂર્ત્તિ બિરાજમાન કરવાની જરૂર છે. આ દેરાસર ઉપર દર વર્ષે મહાસુદિ ૫ (વસંતપંચમી)ને દિવસે ધ્વજા ચડાવવામાં આવે છે.

પ્રકરણ ચોથું : અચલગઢ

દેલવાડાથી ઉત્તર–પૂર્વ (ઈશાન ખૂણા)માં લગભગ ૪ા માઈલ દૂર અને ઓરીયાથી દક્ષિણમાં લગભગ ૧ાા માઈલ દૂર અચલગઢ નામનું ગામ છે. દેલવાડાથી અચલગઢની સડકે લગભગ ત્રણ માઈલ આવ્યા પછી જ્યાંથી ઓરીયા ગામ જવાની સડક જુદી પડે છે, અને જેના નાકા ઉપર પાણીની પરબ છે, ત્યાંથી અચલગઢની તળેટી સુધીની પાકી સડક અને અચલગઢ ઉપર ચઢવા માટેનો ઘાટ, અચલગઢનાં જૈન મંદિરોના કાર્યાલય તરફથી ત્રીશેક વર્ષ પહેલાં બાંધવામાં આવેલ છે.[૧૦] ત્યારથી યાત્રાળુઓને ત્યાં જવા–આવવા માટે વિશેષ અનુકૂળતા થઈ છે.

અચલગઢ ગામ, એક ઊંચી ટેકરી ઉપર વસેલું છે.

---

૧૦. આ દોઢ માઈલની પાકી સડક અને ઉપર ચઢવાનો ઘાટ બંધાયેલ ન હતો ત્યારે અચલગઢ જવાવાળા યાત્રાળુઓને બહુ મુશ્કેલી વેઠવી પડતી હતી. ઓરીયાની સડકના નાકા ઉપરની પરબની પાસે બેલગાડીઓ છોડી નાંખતા. ત્યાંથી યાત્રાળુઓ–મુસાફરોને પોતાનાં બાલ–બચ્ચાં તથા સામાન લઈને કાચે રસ્તે પગે ચાલીને અચલગઢ જવું પડતું હતું. ઉપર ચઢવાનો રસ્તો પણ બાંધેલો નહિ હોવાથી બહુ હેરાનગતિ થતી હતી. અચલગઢના કારખાનાના કાર્યવાહકોના પ્રયાસથી પાકી સડક અને ઘાટ બંધાઈ જવાથી હવે મુશ્કેલી જરા પણ રહી નથી. આ માટે કારખાનાના કાર્યવાહકો અને તે વખતના મુખ્ય મુનીમને ધન્યવાદ ઘટે છે.

અહીં પહેલાં વસ્તી વધારે હતી; અત્યારે પણ થોડી-ઘણી વસ્તી છે. આ ટેકરીના ઉપરના ભાગમાં એક કિલ્લો બનેલો છે, તેનું નામ 'અચલગઢ' છે, તેથી આ ગામને પણ લોકો અચલગઢ કહે છે.

તલેટી પાસે પહોંચતાં (જતાં) જમણા હાથ (પશ્ચિમ) તરફ, સડકથી ૭૦ કદમ દૂર, એક નાની ટેકરી ઉપર શ્રી શાંતિનાથ ભગવાનનું ભવ્ય મંદિર છે. અને સડકથી ડાબા હાથ (પૂર્વ) તરફ સારણેશ્વર મહાદેવનું મંદિર આવે છે.ત્યાંથી ૬૦ કદમ આગળ જતાં, ડાબા હાથ તરફ, અચલેશ્વર મહાદેવનું[11] પ્રાચીન મંદિર છે.આ મંદિરના કંપાઉન્ડમાં બીજાં નાનાં નાનાં મંદિરો છે, અને તેની બાજુમાં ઉત્તર તરફ મંદાકિની કુંડ અને ભર્તૃહરિની ગુફા વગેરે છે. અચલેશ્વર મહાદેવના મંદિરની બાજુમાં દક્ષિણ દિશામાં (રસ્તા ઉપરથી જમણા હાથ તરફ) અચલેશ્વરજીના મહંતને રહેવાનાં મકાનો (જે અત્યારે ખાલી છે) અને મંદિરની પાછળ મંદિરની જૂની વાવડી તથા નાનો બગીચો છે. અહીંથી એટલે અચલેશ્વરના મુખ્ય દરવાજાથી ૫૫ કદમ આગળ જતાં પથ્થરની બાંધેલી સડક શરૂ થાય છે. ત્યાં ડાબા હાથ તરફ એક નાની દેરીમાં નારાયણ અને ગણપતિની બે મૂર્ત્તિઓ છે. ત્યાં પણ એક પોળ પહેલાં હોવી જોઈએ. ત્યાંથી આગળ જતાં જમણા હાથ તરફ કિલ્લાની દીવાલમાં ગણેશજીની મૂર્ત્તિ છે. આ સ્થાન

૧૧. અચલેશ્વર મહાદેવ, મંદાકિની કુંડ, ભર્તૃહરિની ગુફા વગેરે બીજાં મંદિરો અને સ્થાનો માટે આગળ 'હિંદુ તીર્થો અને દર્શનીય સ્થાનો' વાળું પ્રકરણ જુઓ.

ગણેશપોળના નામથી ઓળખાય છે, પણ ત્યાં પોળ કે દરવાજો નથી. ત્યાંથી ૨૦ કદમ આગળ જતાં હનુમાનપોળ આવે છે. આ પોળના દરવાજા બહાર એક દેરીમાં હનુમાનજીની મૂર્ત્તિ છે. બે ખંડવાળી પાકી જૂની પોળ અને ગઢનો કોઠો મોજૂદ છે. અહીંથી ઉપર ચઢવા માટે પથ્થર-ચૂનાથી બાંધેલો ઘાટ શરૂ થાય છે. આ પોળની પાસે ડાબા હાથ પર કપૂરસાગર નામનું પાળબાંધેલું એક નાનું તળાવ છે, તેમાં બારે માસ પાણી રહે છે. તેના કાંઠા પર જૈન શ્વેતાંબર કાર્યાલયનો એક નાનો બગીચો છે. હનુમાનપોળથી ૨૫ કદમ આગળ જતાં સડકથી જમણા હાથ તરફ લક્ષ્મીનારાયણનું મંદિર આવે છે, તેમાં એક દેરીમાં લક્ષ્મીનારાયણની મૂર્ત્તિ છે. તેની બાજુમાં ધર્મશાળા તરીકે અને પૂજારીને રહેવા માટે બે ઓરડી અને દલાણ (ઓશરી) છે. ત્યારપછી બંને તરફ છૂટાં છૂટાં ખોરડાં (ઘર) આવે છે. અહીંથી ૧૨૫ કદમ ઉપર ચઢતાં ચંપાપોળ આવે છે. તેના દરવાજા બહારની એક તરફની દેરીમાં શિવલિંગ છે અને બીજી તરફની દેરી ખાલી છે. ચંપાપોળ બરાબર સાબૂત ઊભી છે. તેમાં એક ગોખલામાં ગણપતિની મૂર્ત્તિ છે. અહીંથી ચઢવાનાં પગથિયાં આવે છે. અહીંથી ૩૦ કદમ ઉપર ચઢતાં જૈન શ્વેતાંબર કાર્યાલય, જૈન ધર્મશાળા અને શ્રી કુંથુનાથ ભગવાનનું મંદિર આવે છે. રસ્તાની બંને બાજુએ લોકોનાં થોડાં મકાનો આવે છે. ત્યાંથી થોડું ઊંચે ચઢતાં ડાબા હાથ તરફની દીવાલમાં ભૈરવજીની મૂર્ત્તિ છે. આ સ્થાન ભૈરવપોળના નામથી ઓળખાય છે. અહીંથી જરા આગળ જતાં મોટી જૈન ધર્મશાળા આવે છે. તેની અંદર થઈને જરા ઊંચે ચઢતાં પ્રથમ શ્રી ઋષભદેવ ભગવાનનું નાનું

મંદિર અને ત્યાંથી પણ ૨૩ પગથિયાં ઊંચે ચઢવાથી શિખરની ટોચ ઉપર શ્રી **ચૌમુખજી**નું મોટું મંદિર આવે છે. આ સ્થાનને અહીંના લોકો "**નવંતા જોધ**" નામથી ઓળખાવે છે.

મોટી જૈન ધર્મશાળાના દરવાજાની બહારથી ઊંચે ચઢવાનો રસ્તો છે, તેની પાસે કારખાનાની એક જૂની વાવડી છે. વાવડીથી જરા ઊંચે ચઢતાં **યો**ગીરાજ શ્રી વિજયશાંતિ-સૂરિજી મહારાજની ગુફા અને આશ્રમ આવે છે. શાંતિ–આશ્રમના ફાટક પાસેની ડાબી તરફની દીવાલના ગોખલામાં **ભૈ**રવજીની મૂર્ત્તિ છે, અને તે સ્થાન 'ભૈરવપોળ' નામથી ઓળખાય છે. દરવાજો પડી ગયો છે. તે કુંભારાણાના વખતની છઠ્ઠી પોળ (છઠ્ઠો દરવાજો)[૧૨] કહેવાય છે. ત્યાંથી થોડું ઉપર ચઢતાં **શ્રાવણ–ભાદરવો** નામના બે કુંડો આવે છે. તેની એક બાજુના કિનારાના ઉપરના ભાગમાં કિનારાથી થોડે દૂર **ચા**મુંડા દેવીનું **એ**ક નાનું મંદિર છે. ત્યાંથી થોડું ઊંચે ચઢતાં પર્વતના શિખર ઉપર **અ**ચલગઢ નામનો એક જૂનો અને તૂટેલો કિલ્લો આવે છે. ત્યાંથી એક બાજુમાં જરા નીચે ઊતરતાં પહાડને કોતરીને બનાવેલી બે માળની એક ગુફા આવે છે, તેને લોકો સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની અથવા **ગો**પીચંદજીની ગુફા કહે છે. આ ગુફાથી જરા ઉપર એક જૂનું મકાન છે. તેને લોકો **કું**ભારાણાનો મહેલ કહે છે. અહીંથી સીધે રસ્તે નીચે ઊતરી **અ**ચલગઢ ગામમાં આવી શકાય છે.

ઉપર પ્રમાણે **અ**ચલગઢમાં જૈન મંદિરો ૪, જૈન

૧૨. કહેવાય છે (અને એ સાચું પણ લાગે છે) કે–આ ભૈરવ પોળથી ઉપરના ભાગમાં રાજપૂતો અને ભૈરવ પોળથી નીચેના ભાગમાં **વાણિયા વગેરે રહેતા હતા.**

ધર્મશાળાઓ ૨, જૈન કાર્યાલયનું મકાન ૧ અને કાર્યાલયનો બગીચો ૧ છે. કાર્યાલયનું નામ શેઠ **અચલશી અમરશી** (**અચલગઢ**) છે. અહીંના કારખાનાની દેખરેખ ગામ રોહિડા (તા. સિરોહી)ના શ્રીસંઘની કમિટી રાખે છે. **ઓરીયાના** રસ્તા ઉપરની પાણીની પરબ, **ઓરીયાના** દેરાસરની દેખરેખ, **આબુરોડના** રસ્તા ઉપરની **આરણા** જૈન ધર્મશાળા[૧૩] (**આરણા** તલેટી)અને ત્યાં યાત્રાળુઓને અપાતું ભાતું વગેરે **અચલગઢના** કારખાના (કાર્યાલય) તરફથી ચાલે છે.

ઉપર કહેવામાં આવ્યો તે કિલ્લો મેવાડના મહારાણા કુંભકર્ણે (કુંભાએ) વિ. સં. ૧૫૦૯માં બંધાવ્યો હતો. મહારાણા કુંભકર્ણ આ કિલ્લામાં ઘણી વાર રહેતા હતા.

જે સમયે મેવાડ દેશના અધિપતિ મહારાણા કુંભકર્ણ સ્વયં પોતાના સામંત, યોદ્ધાઓ અને પરિવાર સાથે આ કિલ્લામાં રહેતા હશે, અને જે ઠેકાણે **ચૌમુખજી** તથા **શાંતિનાથજીનાં** આવાં વિશાળ જિનમંદિરો બંધાવવામાં આવ્યાં છે તે **અચલગઢની** તે સમયે જાહોજલાલી[૧૪] કેટલી

૧૩. **આબુ** ઉપરથી **આબુ** રોડ જતાં મા. નં. ૪–૪ની નજીકમાં **આરણા** જૈન ધર્મશાળા આવેલી છે. અહીં જૈન યાત્રાળુઓ માટે સર્વ પ્રકારની સગવડ છે. તેઓ અહીં રાત્રિનિવાસ પણ કરી શકે છે. તેમને અહીં ભાતું અપાય છે, પીવા માટે ઊના પાણીની સગવડ રહે છે. અહીં એક ઘરદેરાસર છે, તેમાં ધાતુની ચોવીશી છે. આ દેરાસર ઉપર માહ સુદિ ૫ ને દિવસે ધજા ચડે છે. અહીં સાધુ–સંતો–ફકીરો અને જેને જરૂર હોય તેને શેકેલા ચણા અપાય છે.

૧૪. **અચલેશ્વરજી** અને **સારણેશ્વરજીનાં** મંદિરોની બહારના વચ્ચેના ખુલ્લા મેદાનમાંથી અમને એક લેખ મળી આવ્યો છે. એક

હશે અને ત્યાં ધનાઢ્ય અને સુખી શ્રાવકોની[૧૫] તથા અન્ય કોમની વસ્તી કેટલી હશે?–તે વાતને વાચકો સ્વયં સમજી શકે તેમ હોવાથી તે માટે વિશેષ વિવેચન કરવાની જરૂર નથી.

વળી ગામ મોઢેરા (પ્રાંત મહેસાણા)ના, મૂલનાયકજી

પથ્થરમાં હાથ જોડીને ઊભેલી એક સ્ત્રીની મૂર્તિ કોતરેલી છે. તેની નીચે લેખ ખોદેલો છે, તેમાં લખ્યું છે કે–વિ. સં ૧૫૫૩માં અચલગઢમાં રહેનારી નગરગણિકા પ્રેમીએ આરસનો આ ચોતરો કરાવ્યો. તે લેખ આ પ્રમાણે છે:—

॥ ॐ॥ संवत् १५५३ वर्षे ज्येष्ट (ष्ठ) सुदि ११ सोमे ॥ नगर-नायका प्रेमी सागमतकी पाचां(षा)णसंयुक्तचुतरा क(का)रापिता ॥

જ્યાં ગણિકાઓ પણ આવાં લોકહિતનાં કાર્યો કરાવનારી રહેતી હોય, તે ગામ ધાર્મિક અને વ્યાવહારિક દષ્ટિએ સારી રીતે સમૃદ્ધ–આબાદ હોય તેમાં કાંઈ નવાઈ જેવું નથી.

૧૫. સં. ૧૬૭૮ આસો સુ. ૨ શુક્રે રચાયેલા 'આબુ તીર્થ-સ્તવન'માં લખ્યું છે કે–**અચલગઢમાંના** ચૌમુખજીના મંદિરમાં સુખડ ઘસવાના **એકાવન ઓરસીયા** હતા. આ ઉપરથી તે સમયમાં અહીં શ્રાવકોની વસ્તી કેટલી હશે અને યાત્રાળુઓની અવર-જવર કેટલી હશે?–તે સહેજે સમજી શકાય તેમ છે.

પહેલાં દેલવાડા, ઓરીયા, અચલગઢ, સાલગ્રામ વગેરે આબુ ઉપરનાં ગામોમાં શ્રાવકોની વસ્તી સારી સંખ્યામાં હતી. દેલવાડામાં પાંચ પાંચ મુનિરાજોએ ચોમાસાં કર્યાના તથા દેલવાડા અને અચલ-ગઢના શ્રાવકોએ મૂર્ત્તિઓ ભરાવ્યાના શિલાલેખો ત્યાંનાં મંદિરોમાં ખોદાયેલા છે. તેમજ ઓરીયાનું દેરાસર તો ઓરીયાના સંઘે જ બંધાવ્યાના ઉલ્લેખો મળે છે. લગભગ પચાસ વર્ષ પહેલાં અચલગઢમાં શ્રાવકોનાં દશેક ઘર હતાં, એમ વૃદ્ધ મુનિરાજો પાસેથી સાંભળ્યું છે. તેમાંથી કેટલાક આબુ કેંપમાં અને કેટલાક આબુ નીચેનાં ગામોમાં રહેવા ચાલ્યા ગયા છે.

શ્રી મોઢેરા પાર્શ્વનાથજીના મંદિરમાં ધાતુની પ્રાચીન એકતીર્થીની એક મૂર્ત્તિ છે. તેની પાછળ ખોદેલા લેખમાં લખ્યું છે કે **મોઢેરા**નિવાસી, શ્રીશ્રીમાલજ્ઞાતીય, દાધેલીયા ગોત્રવાળા શેઠ **પન્ના**ની ભાર્યા **વાપૂ**, તેમણે શ્રીપાર્શ્વનાથ પ્રભુજીની ધાતુની ચાર મૂર્ત્તિઓ કરાવી ને તેની શ્રી**સં**ઘપ્રભસૂરિજી મ. ના ઉપદેશથી **અચલગઢ**માં વિ. સં. **૧૨૩૫** વૈશાખ સુદિ ૫ ગુરુવારે પ્રતિષ્ઠા કરાવી.[૧૬] (આ મૂર્ત્તિ મોઢેરામાં હાલ મોજૂદ છે.)

આ ઉપરથી જણાય છે કે-**અચલગઢ**ની નીચે મહારાજા કુમારપાલે બંધાવેલ મંદિરની પ્રતિષ્ઠા થઈ ગયા પછી થોડા જ અરસામાં શ્રી**સં**ઘપ્રભસૂરિજી મ. ના ઉપદેશથી અંજનશલાકા પ્રતિષ્ઠામહોત્સવ થયો હશે.

તેમજ ગામ **ભોયણી** (તા. વીરમગામ) માંના મૂળનાયકજી શ્રી **મલ્લિનાથ** પ્રભુજીના મંદિરમાં ધાતુની પંચતીર્થીની એક મૂર્ત્તિ છે. તેની પાછળ ખોદેલા લેખમાં લખ્યું છે કે– **અચલદુર્ગવાસિ–અચલગઢનિવાસી** શ્રીશ્રીમાલજ્ઞાતીય, શેઠ **રાઘવ**ની ભાર્યા **સેફૂ**ના પુત્ર શેઠ **દલા**ની ભાર્યા **સીતૂ**, તેમણે પોતાના કલ્યાણ માટે શ્રી **અજિતનાથ** પ્રભુજીની મૂર્ત્તિ કરાવી, અને તેની, તપાગચ્છનાયક શ્રીમાન્ **સોમ**-સુંદરસૂરિજી મ. ના શિષ્ય શ્રી **રત્નશેખરસૂરિજી**એ વિ. સં.

---

૧૬. મુ. મોઢેરા (તા. ચાણસ્મા, મ્હેસાણા પ્રાંત) મુ. ના. શ્રી. મોઢેરા પાર્શ્વનાથજીના મંદિરમાં ધાતુની એકતીર્થી પ્રાચીન મૂર્ત્તિ પરનો આ મૂળ લેખ આ પ્રમાણે છે —

सं. १२३५ व. वै. शु. ५ गु. श्रीश्रीमालज्ञातीय दाघेलीया श्रे. पन्ना भा. वापू श्रीपार्श्वबिंबं ४ का. अचलगढे श्रीसंघप्रभसूरि(रीणा)मुप. प्रति. मोढेरा ।

૧૫૧૫ માઘ સુદિ ૮ ગુરુવારે પ્રતિષ્ઠા કરી છે.[૧૭] આ મૂર્તિ ભોયણી ગામના જિનાલયમાં હાલ મોજૂદ છે.

વળી સં. ૧૭૮૫માં તપાગચ્છીય કમળકળશ શાખાના ભટ્ટારક શ્રી પદ્મરત્નસૂરિ, પં૦ ઉમંગવિજય ગણિ અને તેમના શિષ્ય ભાણુવિજય ગણિ આદિ ઠાણા ૫ સાથે અચલગઢમાં ચોમાસું રહ્યા હતા.×

આ બધા ઉલ્લેખો ઉપરથી જણાય છે કે—તેરમી શતાબ્દિથી લઈને ઠેઠ અઢારમી શતાબ્દિ સુધી અચલગઢ ઉપર જૈનોની વસ્તી વધારે હશે, અને અચલગઢની ખૂબ સારી જાહોજલાલી હશે.

પરંતુ પરિવર્તનશીલ સંસારના નિયમ પ્રમાણે કાળક્રમે એ સમૃદ્ધ અચલગઢની પણ પડતી શરૂ થઈ. ભારતવર્ષમાં બ્રિટિશ ગવર્નમેન્ટનું રાજ્ય સ્થિર થતાં સિરોહી સ્ટેટે તેની સાથે કોલકરાર કર્યા, એટલે લડાઈઓની જરૂરત ઓછી થતાં, લશ્કરને અહીં રાખવાની જરૂરત નહીં રહેવાથી, અચલગઢનો કિલ્લો ખાલી રહેવાથી ધીરે ધીરે પડવા લાગ્યો.

---

૧૭. મુ: ભોયણી, મૂ. ના. શ્રી મલ્લિનાથ પ્રભુના મંદિરમાં ધાતુની પંચતીર્થી પરનો આ મૂળ લેખ આ પ્રમાણે છે.—

ॐ सं. १५१५ वर्षे माघ शुदि ८ गुरौ श्रीअचलदुर्गवासी श्रीश्रीमालज्ञातीय श्रे. राघव भार्या सेदू सुत श्रे. दला भा सीतू स्वश्रेयोर्थं श्रीअजितनाथबिम्बं कारितप्रतिष्टितं श्रीतपागच्छे श्रीश्रीश्रीसोमसुंदरसूरिशिष्य श्रीरत्नशेखरसूरिभिः ॥ श्री ।

×આબુના વિમલ વસહીના મંદિરના મુખ્ય દરવાજામાં પેસતાં બીજા સ્તંભ ઉપરનો લેખ આ પ્રમાણે છે—

संवत (त्) १७८५ वर्षे चैत्र शुदि १ बुधे । तपागच्छे कमलकलशसुरीश्वरशाषा(खा)यां पूज्य भट्टारकश्री ५ श्रीपद्मरत्नसूरीश्वरः श्रीअचलगढे पं. उमंगविजयगणिशिष्यभाणविजयगणि ठांणि ५ युतेन चतुर्मासके स्थिता देलवाडके यात्रा सफलीकृताः । श्रीरस्तु ॥

જુઓ—આબુ ભા. ૨ નો લેખાંક ૧૯૭.

બીજી તરફથી સિરોહીના મહારાવ શિવસિંહજીએ વિ. સં. ૧૯૦૨ (સને ૧૮૪૫)માં પંદર શરતોથી આબુ ઉપર ફોજ માટે સેનીટેરીયમ (સ્વાસ્થ્યદાયક સ્થાન) બનાવવા માટે અંગ્રેજ સરકારને જમીન આપી, એટલે ત્યાં સરકારે છાવણી નાંખી. પછી ખરાડીથી આબુકેંપ સુધીની ૧૭॥ માઈલની પાકી સડક બની.

તા. ૩૦મી ડીસેમ્બર સને ૧૮૮૦ના દિવસે રાજપૂતાના માલવા રેલ્વે ખુલ્લી મૂકાઇ, તેમાં ખરાડી (આબુરોડ) સ્ટેશન થયું, ત્યારથી આ રસ્તો વિશેષ ચાલુ થયો; છાવણી વધી. રાજપૂતાનાના એ. જી. જી. નું ગરમીની ઋતુમાં રહેવાનું મુખ્ય મથક થયું. રાજા-મહારાજા અને શેઠ-શાહુકારોના બંગલા થયા. આબુ કેંપની પાસે વસ્તી વધી (ગામ વસ્યું), અને તેથી જ સારી જેવી બજાર જામી ગઈ.

પરિણામે અચલગઢની પ્રજાનો વેપાર-ધંધો તૂટ્યો. લોકોને આજીવિકાનું સાધન નહિ રહેવાથી વસ્તી ઘટવા લાગી, અને તે છેક ઘટી ગઈ. જૈનોની વસ્તી પણ ઘટવા લાગી; તે ઘટતાં ઘટતાં પચાશેક વર્ષ પહેલાં અહીં જૈનોનાં દશ ઘર રહ્યાં હતાં, અત્યારે તેમાંનું એક પણ ઘર રહ્યું નથી. તોપણ જૈન કારખાનાના સિપાઇઓ, પૂજારીઓ, નોકરો ઉપરાંત જેને આજીવિકાનું સાધન રહ્યું છે એવા રાજપૂતો, ખેડૂતો અને ભીલો વગેરેની વસ્તી હજી જરૂર છે.

આ પ્રમાણે વસ્તી અને જાહોજલાલી ઘટી, પણ અચલગઢને મળેલી કુદરતી બક્ષીસો-સુંદર હવા, ગુણકારી પાણી, ઝાડી, જંગલ, ઘટાદાર સુંદર વૃક્ષો, કુંડ, ઝરણાં, ગુફાઓ વગેરે વગેરે-તો ક્યાંય ગયેલ નથી; એ તો કાયમ જ છે, તેમજ પ્રાચીન તીર્થસ્થાનો-મંદિરો વગેરે પણ મોજૂદ જ છે.

આબુ કેંપ અને દેલવાડાની ઊંચાઈ સમુદ્રની સપાટીથી લગભગ ચાર હજાર ફીટની છે, જ્યારે અચલગઢની ઊંચાઈ સાડાચાર હજાર ફીટની છે. ઊંચાઈ વધારે હોવાથી અહીંની હવા વધારે ઠંડી રહે છે, અને તે ગરમીની મોસમમાં લોકોને વધારે સુખદાયક નીવડે છે.

આબુ કેંપ અને દેલવાડા કરતા અહીંનું પાણી વધારે સારું ગણાય છે, અને અહીંથી ગુરુશિખર જવાનું વધારે અનુકૂળતાભર્યું છે. જ્ઞાની, ધ્યાની, અધ્યાત્મી, અભ્યાસી તેમજ એકાંતમાં રહેવાનું જેમને વધારે પસંદ હોય તેઓને માટે આ સ્થાન સર્વોત્તમ ગણાય.

જૈન યાત્રાળુઓ માટે તો અહીં સર્વ પ્રકારની સારી વ્યવસ્થા છે, અને યાત્રાળુઓને જે કાંઈ અવગડ હોય તે દૂર કરવા અને જોઈતી સગવડ પૂરી પાડવા માટે અહીંના કાર્યવાહકો સારી કાળજી રાખે છે. જૈન યાત્રાળુઓ અહીં વધારે દિવસો સુધી રહેવું હોય તો ખુશીથી રહી શકે છે. અહીંની ધર્મશાળામાં વધારે દિવસો સુધી રહેવાથી ભાડું આપવું પડતું નથી. હમેશાં ટપાલ લાવવા–લઈ જવાનો કારખાના તરફથી બંદોબસ્ત છે. તેમજ અહીં યાત્રાળુઓની સગવડ માટે જૈન શ્વે. કારખાના તરફથી થોડાં વર્ષોથી જૈન ભોજનશાળાનો બંદોબસ્ત પણ થયો છે. માણસ દીઠ એક ટંકના આઠ આના લે છે. દર વરસે કારતક સુદિ ૧૫થી અષાડ સુદિ ૧૫ સુધી ભોજનશાળા ચાલુ રહે છે; ચોમાસામાં બંધ રહે છે તેથી જૈન યાત્રાળુઓએ અહીં અનુકૂળતા પ્રમાણે વધારે દિવસો સુધી રોકાઈ તીર્થયાત્રા–સેવા–પૂજા આદિના અપૂર્વ આનંદનો લાભ લેવા ચૂકવું ન જોઈએ.

અહીંના કારખાનાને દર વર્ષે ખર્ચમાં ટોટો પડે છે; જરૂરી ખર્ચને પહોંચી વળવા જેટલી પણ આવક થતી નથી. ખાસ કરીને સાધારણ ખાતામાં વધારે ટોટો રહે છે. તો સાધારણ ખાતાને ડૂબતું બચાવી લેવા માટે દરેક યાત્રાળુઓએ ધ્યાન આપવાની જરૂર છે.

અહીંનાં ચારે મંદિરો ઉપર દર વર્ષે માહ સુદિ ૫ (વસંતપંચમી)ને દિવસે ધજા ચડાવવામાં આવે છે, તેથી તે દિવસે અહીં દર વરસે મેળો ભરાય છે. મેળામાં જૈન યાત્રાળુઓ અને આસપાસનાં ગામોના જૈનો ઉપરાંત થોડા–ઘણા અજૈનો અને આસપાસનાં ભીલો, મજૂરો, ખેડૂતો વગેરે પણ આવે છે. તે દિવસે પૂજા ભણાવાય છે અને આનંદપૂર્વક ધજાઓ ચડાવવામાં આવે છે.

અહીંનાં ચાર મંદિરો પૈકીનાં ત્રણ મંદિરોની મૂળનાયકજીની મૂર્તિઓની નીચે પલાંઠીની બેઠકોમાં શિલાલેખો કોતરેલા છે, તેમાં એકેમાં માહ સુદિ ૫ની મિતિ નથી. પરંતુ અહીંનાં ચારે મંદિરોમાંથી કોઈ પણ મંદિરમાં, મંદિર કરાવ્યા સંબંધીનો અને તેની પ્રતિષ્ઠા કરાવ્યાની સાલમિતિવાળો એક્કે લેખ મંદિરોની દીવાલો વગેરેમાં ખોદેલો નથી, તેથી આ મંદિરોની પ્રતિષ્ઠાની (વર્ષગાંઠની) મિતિ કોઈને યાદ નહીં હોવાથી આગળના કાર્યવાહકોએ પોતાની અનુકૂળતા પ્રમાણે અહીંનાં ચારે મંદિરો ઉપર દર વર્ષે માહ સુદિ ૫ને દિવસે ધજાઓ ચડાવવાનું નક્કી કર્યું હશે, એમ લાગે છે.

અહીંના કારખાના તરફથી કારખાનામાં કાયમ ખાતે સદાવ્રતમાં એક પાલી ભરીને શેકેલા ચણા અપાય છે. કારખાનાની જરૂરિયાત માટે એક બળદગાડી અને એક ઘોડો રાખવામાં આવે છે, અને કેટલીક ગાયોનું પાલન કરવામાં આવે છે.

પ્રકરણ પાંચમું : અચલગઢનાં જૈન મંદિરો

[૧] શ્રી ચૌમુખજી (આદીશ્વર)નું મુખ્ય મંદિર

મંદિર બંધાવનાર:—

'**અચલગઢ**'ના એક ઊંચા શિખર પર આવેલું **શ્રી આદીશ્વર** ભગવાનનું બે માળનું આ ગગનચુંબી વિશાળ ચતુર્મુખ (ચાર દ્વારવાળું) મંદિર, '**રાણકપુર**'નું અતિ વિશાળ મંદિર બંધાવનાર '**માંડવગઢ**' નિવાસી **પોરવાડ**-જ્ઞાતીય **ધરણાશાહ**ના મોટા ભાઈ સંઘવી **રતના**ના પુત્ર સંઘવી **સાલિગ**ના પુત્ર સંઘવી **સહસાએ**[૧૮] બંધાવીને

૧૮. સંઘવી **સહસા** જ્ઞાતિથી વીશા **પોરવાડ** અને **સરહડીયા** ગોત્રનો હતો. " જૈન ગૂર્જર કવિઓ " ભાગ બીજો અને પં. **શીલ**-વિજયજીકૃત 'તીર્થમાળા' વગેરેમાં લખવા પ્રમાણે તે માળવામાં આવેલ **માંડવગઢ**નો રહેવાસી હતો. સંઘવી **સહસા** દાનવીર, શૂરવીર અને ધર્મવીર હતો. તેને, તે વખતના **માળવાધિપતિ ગ્યાસુદ્દીન** બાદશાહે પોતાના ધર્માધિક **મંત્રી**ઓમાં અગ્રણી–મુખ્ય મંત્રી બનાવ્યો હતો. તેમ છતાં તે ધર્મકાર્યોમાં પણ હમેશાં તત્પર રહેતો હતો. તેના પિતા સંઘવી **સાલિગે વંશવાલ (વાંસવાડા)** નામક ગામમાં જિનાલય બંધાવ્યું હતું " ગુરુગુણરત્નાકર કાવ્ય " સર્ગ ૩માં લખ્યું છે કે– " સં. **સહસાએ** શ્રી**સુમતિસુંદરસૂરિ**ના ઉપદેશને હૃદયમાં ધારણ કરીને, ન્યાયથી ઉપાર્જન કરેલા પોતાના દ્રવ્ય વડે, સિરોહીના **મહારાવ લાખા**ની અનુમતિ લઈને (યદ્યપિ આ મંદિરની પ્રતિષ્ઠા સં. ૧૫૬૬ માં થઈ છે, અને **મહારાવ લાખા**નો સં. ૧૫૪૦માં સ્વર્ગવાસ

વિ. સં. ૧૫૬૬ના ફાગણ શુદિ ૧૦ ને સોમવારે, તપાગચ્છ-નાયક શ્રીસોમસુંદરસૂરિના પરિવારમાં થયેલા શ્રીસુમતિસુંદર-સૂરિજીના શિષ્ય શ્રીકમલકલશસૂરિના શિષ્ય શ્રીજયકલ્યાણ-સૂરિજી પાસે પ્રતિષ્ઠિત કરાવ્યું છે.

સંઘવી સહસાએ લાખો રૂપિયા ખર્ચીને આ મંદિર બંધાવવા ઉપરાંત તેની પ્રતિષ્ઠા વખતે હજારો માણસોનો મોટા ઠાઠ સાથેનો સંઘ કાઢી, અચલગઢ આવી, મોટી ધામધૂમ પૂર્વક પ્રતિષ્ઠામહોત્સવ કરી તેમાં લાખો રૂપિયા કે સોનામહોરો ખર્ચી હતી, એ નિઃસંદેહ વાત છે. પં. શ્રીશીલવિજયજીએ સં. ૧૭૪૬માં રચેલ 'તીર્થમાલા'ની કડી ૪૫માં લખ્યું છે કે–"સં. સહસાએ આ પ્રતિષ્ઠા-મહોત્સવ વખતે સેવકો (સેવક, ભોજક આદિ યાચકો)ને એક લાખ દ્રવ્ય દાનમાં દીધું." આ ઉપરથી એ સહેજે સમજી શકાશે કે–સં. સહસાએ પ્રતિષ્ઠામહોત્સવ વખતે કેટલું ધન ખર્ચ્યું હશે, અને તે કેટલો ઉદાર–દાનવીર હશે. સં. સહસાએ મંદિર બંધાવવામાં કેટલું દ્રવ્ય ખર્ચ્યું હશે તેનું અનુમાન આ મંદિરને નજરે નિહાળનાર સહેજે કરી શકે તેમ છે.

થયો છે, પરંતુ શ્રીસુમતિસુંદરસૂરિજીના ઉપદેશથી સંઘવી સહસાએ મહારાવ લાખાની અનુમતિથી આ મંદિર બંધાવવાનું કાર્ય વિ. સં. ૧૫૪૦ પહેલાં જરૂર શરૂ કરી દીધું હશે, એમ લાગે છે.) અચલ-ગઢમાં ચૌમુખજીનું મંદિર બંધાવ્યું." આ મંદિર સંબંધી તેમજ સંઘવી સહસા અને તેના કુટુંબી સંબંધી વિશેષ હકીકત જાણવા માટે "અર્બુદ પ્રાચીન જૈન લેખ સંદોહ" પૃષ્ઠ ૪૯૮થી ૫૦૬ જુઓ.

મંદિરની રચના —

આ મંદિર અચલગઢની એક ઊંચી ટેકરી ઉપર આવેલું છે. મંદિર ઘણું વિશાળ, મનોહર, બે માળવાળું, શિખરબંધી અને મજબૂત કોટથી યુક્ત છે. તેમાં મુખ્ય સ્થાનમાં ચૌમુખજીથી બિરાજિત મોટા ચાર દરવાજાવાળો મૂળ ગભારો, બહુ વિશાળ અને મજબૂત છે.

મૂળ ગભારાની બહાર ગૂઢમંડપના સ્થાને ગોળ મંડપના બદલે એક લાંબો ખંડ જૂદો પાડ્યો છે. તેમાં મૂળ ગભારાના મુખ્ય દરવાજાની બંને બાજુએ ખૂબ ઊંચા અને મોટા બે ગોખલા બનાવ્યા છે, ને મંદિરના દરવાજાના જેવા તેમાં ઉંબરા પણ મૂકેલા છે, તેથી આ બંને ગોખલાઓમાં પહેલાં મોટા કાઉસગ્ગીયા પધરાવ્યા હશે; અથવા પધરાવવા માટે ગોખલા તૈયાર કરાવ્યા હશે, પણ પછી કોઈ કારણથી પધરાવ્યા નહિ હોય એમ લાગે છે. હાલ આ બંને ગોખલા ખાલી છે. આ બંને ગોખલાની બાજુમાં દીવાલની જોડાજોડ, પૂર્વ–પશ્ચિમ સન્મુખ, સુંદર કોરણીવાળી શિખરબંધી એક એક દેરી બનેલી છે.

આ ગૂઢમંડપ પછી એક ઘણો વિશાળ અને ભવ્ય સભામંડપ બનેલો છે. આ સભામંડપમાં બંને બાજુએ, પૂર્વ–પશ્ચિમ સન્મુખ, એક એક ગભારો બનેલો છે. તેમાંના ડાબી બાજુના ગભારા પાસે કેસર–સૂખડ ઘસવાનો એક ખંડ રાખેલો છે. ત્યાંથી ભમતીમાં જવાય છે.

ગૂઢમંડપમાં જવાના મુખ્ય દરવાજાની ઉપરના ઠેઠ ઊંચા પથ્થરના પાટડામાં ૧૪ સ્વપ્ન કોતરેલાં છે.

જો કે આ મંદિરમાં અને સભામંડપમાં બહુ સુંદર

કોરણી નથી, પરંતુ મંદિર બહુ વિશાળ અને મજબૂત કરાવેલ છે. સભામંડપમાંના ફક્ત છૂટા બે જ સ્તંભો ઉપર આટલો મોટો સભામંડપ બનાવ્યો છે. સભામંડપની બહાર શૃંગારચોકી બનેલી છે. તેમાંથી ભમતીમાં જવાય છે.

મૂળ ગભારાના બીજા ત્રણે બાજુના દરવાજાની બહાર એક એક ચોકી બનેલી છે. મૂળ ગભારાની બહારની બાજુની અર્થાત્ પાછળની દીવાલોમાં સ્તંભોમાં અને ખાસ કરીને છતોમાં સુંદર કોરણી કરેલી છે. અને મંદિરને ફરતો બહુ મજબૂત કોટ છે.

બીજે માળે ચૌમુખજીનો મૂળ ગભારો ઘણો મજબૂત ચાર દરવાજાવાળો છે, પણ ઘણી ઊંચાઈએ પવનના જોરથી નુકસાન થવાના ભયે બીજા ત્રણ દરવાજામાં ભીંતો ચણી લીધેલી છે. મુખ્ય દરવાજાની બહાર એક ચોકી બનેલી છે. ઉપરના માળમાં કોરણી સામાન્ય છે.

શિખર, શ્રીશંખેશ્વરજીના જેવું, બેઠા ઘાટનું પણ સુંદર છે.

બીજે માળે જવાની સીડીની પાસે એક નાની પણ સુંદર દેરી છે. તે રૂપવિજયજીની દેરી છે.

શૃંગારચોકીથી નીચે ઊતરતાં ડાબા હાથે મંદિરનો સામાન રાખવાની એક ઓરડી છે અને જમણા હાથે ૩ ઓરડીઓ ખાલી છે.

મૂર્ત્તિઓનો ઈતિહાસ—

સિરોહીના મહારાવ શ્રીજગમાલના રાજ્યમાં, માંડવગઢનિવાસી પ્રાગ્વાટ (પોરવાડ) જ્ઞાતીય સંઘવી સાલિગના

પુત્ર સંઘવી [૧૯]સહસાએ શ્રીઆદીશ્વર ભગવાનની ધાતુની બહુ જ ભવ્ય અને મોટી મૂર્ત્તિ પોતે કરાવીને આ મંદિરના ઉત્તર દિશાના દ્વારમાં, મુખ્ય મૂલનાયકજીના સ્થાને, બિરાજમાન કરીને તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૫૬૬ના ફાગણ શુદિ ૧૦ ને દિવસે પોતાના કાકાના દીકરા ભાઈ (સં. સોનાના પુત્ર) સંઘવી આસાએ કરાવેલા મહોત્સવથી તપગચ્છાચાર્ય શ્રીકમલકલશસૂરિશિષ્ય–પટ્ટધર શ્રીજયકલ્યાણસૂરીશ્વરજી પાસે કરાવી. આ મૂર્ત્તિ (કદાચ આ મંદિર પણ) મીસ્ત્રી વાચ્છાના પુત્ર મીસ્ત્રી દેપાના પુત્ર મીસ્ત્રી અર્બુદના પુત્ર મીસ્ત્રી હરદાસે બનાવેલ છે. ઉપરની હકીકતવાળો વિ. સં. ૧૫૬૬નો વિસ્તૃત લેખ આ મૂર્ત્તિ ઉપર છે.

---

૧૯. છેલ્લી ત્રણ–ચાર શતાબ્દિઓમાં બનેલ કેટલીક તીર્થમાલાઓ અને સ્તવનો વગેરેમાં અચલગઢનું આ મંદિર ' સહસા સુલતાને બંધાવ્યું', ' બાદશાહનું બંધાવેલું મંદિર ' વગેરે ઉલ્લેખ જોવામાં આવે છે.

સંઘવી સહસા પોતે સુલતાન (બાદશાહ) નથી, તેમ તેમના ભાઈઓ કે કુટુંબીઓમાં સુલતાન નામની કોઈ વ્યક્તિ નથી. છતાં આમ શાથી લખાયું છે ? તે નિશ્ચયરૂપે સમજવામાં આવ્યું નથી. પરંતુ સંઘવી સહસા, માંડવગઢના (માળવાધિપતિ) બાદશાહ ગ્યાસુદ્દીનનો મુખ્ય મંત્રી હતો. ઘણું જ દ્રવ્ય ખર્ચીને આવું વિશાળ મંદિર તેણે બંધાવ્યું. પ્રતિષ્ઠા વખતે બાદશાહી ઠાઠમાઠથી મોટો સંઘ લઈને આવેલ, તે વખતે પુષ્કળ દ્રવ્ય ખરચ્યું અને યાચકોને ખૂબ દાન આપેલ, તેથી જનતાએ અથવા યાચકોએ એ સંઘવી સહસાને જ સુલતાન (બાદશાહ) કહી તેના ગુણગાન કર્યા હોય અને તેથી આ વાત જનતામાં પ્રચલિત રહી ગઈ હોય તો તે બનવા યોગ્ય છે.

બીજા (પૂર્વ દિશાના) દ્વારમાં મૂલનાયકજીના સ્થાને શ્રીઆદીશ્વર ભગવાનની ધાતુની મોટી અને ભવ્ય મૂર્ત્તિ બિરાજમાન છે. આ મૂર્ત્તિ મેવાડમાં આવેલા કુંભલમેરુ (કુંભલગઢ) નામના ગામમાં રાજાધિરાજ શ્રીકુંભકર્ણના રાજ્યમાં શ્રીતપાગચ્છીય સંઘે કરાવેલા ચૌમુખ મંદિરનાં (કે જેમાં આબૂથી લાવેલ ધાતુની મોટી અને મનોહર શ્રીઆદીશ્વર ભગવાનની મૂર્ત્તિ મૂલનાયકજી તરીકે બિરાજમાન હતી) બીજાં દ્વારોમાં બિરાજમાન કરવા માટે કુંભલમેરુના તપાગચ્છીય સંઘે કરાવી છે. અને તેની પ્રતિષ્ઠા, ડુંગરપુર નગરમાં રાજા સોમદાસના રાજ્યમાં તેના મુખ્ય પ્રધાન ઓસવાલ શાહ સાલ્હાએ કરાવેલા વિસ્મય પમાડનાર મહોત્સવથી તપગચ્છાચાર્ય શ્રીલક્ષ્મીસાગરસૂરીશ્વરજીએ વિ. સં. ૧૫૧૮ના વૈશાખ વદિ ૪ને શનિવારના દિવસે કરી છે. આ મૂર્તિ ડુંગરપુરનિવાસી મીસ્ત્રી લુંભા અને લાંપા વગેરેએ બનાવી છે, એવી મતલબનો આ મૂર્તિ ઉપર મોટો લેખ છે.

ત્રીજા (દક્ષિણ દિશાના) દ્વારમાં મૂળનાયકજીના સ્થાને શ્રીશાંતિનાથ ભગવાનની ધાતુની મોટી અને મનોહર મૂર્ત્તિ[૨૦] બિરાજમાન છે. આ મૂર્ત્તિ, વિ. સં. ૧૫૧૮ માં, ઉપર લખ્યા પ્રમાણે ડુંગરપુરમાં મોટી ધામધૂમથી પ્રતિષ્ઠા-મહોત્સવ કરનાર ડુંગરપુરનિવાસી ઓસવાળજ્ઞાતીય ચકે-

૨૦. "ગુરુગુણરત્નાકર" કાવ્યના ત્રીજા સર્ગના ચોથા શ્લોકમાં લખ્યું છે કે-(ત્રીજા દ્વારમાં મૂળનાયકજીના સ્થાને બિરાજમાન) ધાતુની આ મૂર્ત્તિ, ડુંગરપુરના પ્રધાન સાલ્હાએ ૧૨૦ મણના વજનની વિ. સં. ૧૫૧૮માં કરાવી છે, અર્થાત્ તેમાં આ મૂર્ત્તિનું વજન ૧૨૦ મણ લખ્યું છે.

શ્વરી ગોત્રવાળા મંત્રી શાહ સાલ્હાની માતા શ્રાવિકા બાઈ કર્માદેએ પોતાના પતિ શાહ સાભાના કલ્યાણ માટે કરાવી છે. આ મૂર્ત્તિ ઉપર પણ લગભગ ઉપરની મતલબનો વિ. સં. ૧૫૧૮ના વૈશાખ વદિ ૪ ને શનિવારનો મોટો લેખ છે.

ચોથા (પશ્ચિમ દિશાના) દ્વારમાં મૂળનાયકજીના સ્થાને આદીશ્વર ભગવાનની ધાતુની મોટી મનોહર મૂર્ત્તિ બિરાજમાન છે. આ મૂર્ત્તિ પણ રાજા સોમદાસના રાજ્યમાં તેના પ્રધાન શાહ સાલ્હા વગેરે ડુંગરપુરના શ્રાવકોએ (સંઘે) કરાવી અને તેની પ્રતિષ્ઠા તપાગચ્છનાયક શ્રીલક્ષ્મીસાગર-સૂરિજીએ વિ. સં. ૧૫૨૯ના વૈશાખ વદિ ૪ ને શુક્રવારે કરી છે, એવી મતલબનો તેના ઉપર મોટો લેખ છે.

આ બીજા, ત્રીજા અને ચોથા દ્વારના મૂળનાયકજીની તથા બીજી પણ કેટલીક મૂર્ત્તિઓ આ મંદિરની પ્રતિષ્ઠા વખતે કુંભલમેરુ (કુંભલગઢ) તથા ડુંગરપુરથી લાવીને અહીં પધરાવવામાં આવી હોય એમ જણાય છે.

આ ચારે મૂળનાયકજીની ધાતુની મૂર્ત્તિઓ બહુ મોટી અને મનોહર છે. આ ચારમાંથી બે મૂર્ત્તિઓ એક સાથે બનેલી છે, પણ બીજી બે આગળ પાછળ જુદે જુદે સમયે અને જુદે જુદે સ્થાને બનેલી હોવા છતાં ચારે મૂર્ત્તિઓ લગભગ સરખી જોડીની અને સમાન આકૃતિવાળી બનેલી જણાય છે. આ ચારે મૂર્તિઓની બેઠકો પર ખોદાયેલા, ઉપર લખેલા સંવત્‌ના લેખો મોટા અને સુસ્પષ્ટ છે.

પહેલા દ્વારના મુખ્ય મૂળનાયકજીની બંને બાજુએ ધાતુના મોટા અને બહુ જ સુંદર આકૃતિવાળા બે કાઉસગ્ગીયા

છે. તે બંને ઉપર વિ. સં. ૧૧૩૪ના લેખો છે. પણ તે લેખો જૂના હોવાથી કાંઈક ઘસાઈ ગયા છે, તેમ જ પ્રકાશનો અભાવ અને સ્થાનની વિષમતાને લીધે વાંચવામાં મુશ્કેલી પડે તેમ છે, તો પણ પરિશ્રમપૂર્વક તેનો થોડો થોડો ભાગ વાંચ્યો છે. વધારે મહેનત કરવાથી બાકીનો ભાગ વંચાઈ શકે ખરો. શ્રીઋષભદેવ ભગવાન અને શ્રીમહાવીરસ્વામીની આ બન્ને ઊભી મૂર્ત્તિઓ (કાઉસગ્ગીયા), શ્રીસત્યપુર (સાચોર) ના શ્રીમહાવીરસ્વામીના ચૈત્યમાં પધરાવવા માટે શ્રીવચ્છ વગેરે શ્રાવકોએ સં. ૧૧૩૪માં કરાવેલ છે. આ મંદિરની પ્રતિષ્ઠા વખતે સાચોરથી લાવીને અહીં પધરાવવામાં આવેલ હશે.

બીજા (પૂર્વ) દ્વારના મૂળનાયકજીની બંને બાજુએ આરસની મોટી અને મનોહર આકૃતિવાળી શ્રીપાર્શ્વનાથ ભગવાનની બે ઊભી મૂર્તિઓ (કાઉસગ્ગીયા) છે. તે પ્રત્યેક કાઉસગ્ગીયામાં, વચ્ચેના મુખ્ય કાઉસગ્ગીયા અને બંને બાજુ તથા ઉપરની મૂર્ત્તિઓ મળીને કુલ બાર જિન-મૂર્ત્તિઓ, બે ઈંદ્રો, એક શ્રાવક અને એક શ્રાવિકાની મૂર્ત્તિઓ કોતરેલી છે. અને તે બંને મૂર્ત્તિઓ એક જ ધણીએ (વ્યાપારી કુંવરસિંહે) બનાવરાવી હોય તેમ લાગે છે. તેમાંના ડાબી બાજુના કાઉસગ્ગીયા ઉપર વિ. સં. ૧૩૦૨નો લેખ છે. બન્ને મૂર્ત્તિઓ એક જોડીની છે.

ત્રીજા દ્વારના મૂળનાયકજીની ડાબી બાજુની ધાતુની મૂર્ત્તિ ઉપર વિ. સં. ૧૫૬૬નો, જમણી બાજુની આરસની મૂર્ત્તિ ઉપર વિ. સં. ૧૫૩૭નો અને ચોથા દ્વારના મૂળ-

નાયકજીની બંને બાજુની ધાતુની બંને મૂર્ત્તિઓ ઉપર વિ. સં. ૧૫૬૬ના લેખો છે.[૨૧]

આ પ્રમાણે નીચેના મૂળ ગભારામાં મૂળનાયકજીની ધાતુની મોટી મૂર્ત્તિઓ ૪, ધાતુના મોટા કાઉસગ્ગીયા ૨, ધાતુની મોટી એકલ મૂર્ત્તિઓ ૩, આરસની મૂર્ત્તિ ૧ અને આરસના મોટા કાઉસગ્ગીયા ૨ છે. મૂલ ગભારાની બહાર ગૂઢમંડપના બન્ને બાજુના દેરી જેવા બન્ને ગોખલામાં થઈને ભગવાનની આરસની મૂર્ત્તિઓ ૩ છે.

સભામંડપની અંદર બન્ને બાજુએ એક એક ગભારો છે, તેમાંના જમણી બાજુના ગભારાની અંદર મૂલનાયક **શ્રીપાર્શ્વ**નાથ ભગવાન, તેમની જમણી બાજુએ **શ્રીશાંતિ**-નાથ ભગવાન અને ડાબી બાજુએ **શ્રીન**મિનાથ ભગવાનની મૂર્ત્તિઓ છે. આ ત્રણે મૂર્ત્તિઓ વિ. સં. ૧૬૯૮માં **સિ**રોહીના રહેવાસી પોરવાડ શાહ વણવીરના પુત્રો શાહ **રા**ઉત, લખમણ અને કુંમચંદે કરાવેલ છે. આવી મતલબના આ ત્રણે મૂર્ત્તિઓ ઉપર લેખો છે. આ ગભારામાં કુલ મૂર્ત્તિઓ ૩ છે.

ડાબી બાજુના ગભારામાં મૂળનાયક **શ્રીને**મિનાથ ભગવાનની ધાતુની બહુ સુંદર મૂર્ત્તિ છે. આ મૂર્ત્તિ વિ. સં. ૧૫૧૮માં પ્રાગ્વાટ (પોરવાડ) જ્ઞાતીય દોસી ડુંગરના પુત્ર

૨૧. ચૌમુખજીના મંદિરની બધી મૂર્ત્તિઓ, કાઉસગ્ગીયા અને પાદુકાપટ્ટ પરના લેખો માટે 'અર્બુદ પ્રાચીન જૈન લેખ સંદોહ'ના નંબર ૪૬૪થી ૪૮૪ સુધીના લેખો તથા તેનું અવલોકન જુઓ.

દોસી ગોઈંદે (ગોવિંદે) કરાવી છે, એવી મતલબનો તેના ઉપર લેખ છે. આ મૂર્ત્તિ પણ કુંભલમેરુથી અહીં લાવવામાં આવી છે. મૂલનાયકજીની બન્ને બાજુમાં શ્રીઆદિનાથ અને શ્રીકુંથુનાથભ.ની બે મૂર્ત્તિઓ છે. તે બન્ને ઉપર ઉપર્યુક્ત સિરોહીનિવાસી પોરવાડ શાહ વણુવીરના પુત્રોના વિ. સં. ૧૬૯૮ના લેખો છે. આ ગભારામાં પણ કુલ મૂર્ત્તિઓ ૩ છે.

આ મંદિરની ભમતીમાં બીજા માળ ઉપર ચડવાના રસ્તા પાસે આરસની એક દેરી છે. તેમાં એક પાદુકાપટ્ટ છે. અર્થાત્ એક જ પાષાણુની અંદર નવ જોડી પગલાં કોતરેલાં છે. તેમાં સૌથી વચ્ચે (૧) શ્રીજંબૂસ્વામીનાં પગલાં છે, તેની ચારે બાજુમાં (૨) શ્રીવિજયદેવસૂરિ, (૩) શ્રીવિજયસિંહસૂરિ, (૪) પં. શ્રી. સત્યવિજય ગણિ, (૫) પં. શ્રી કપૂરવિજય ગણિ, (૬) પં. શ્રી. ક્ષમાવિજય ગણિ, (૭) પં. શ્રી. જિનવિજય ગણિ, (૮) પં. શ્રી. ઉત્તમવિજય ગણિ અને (૯) પં. શ્રી. પદ્મવિજયગણિનાં પગલાં છે. આ પટ્ટ આબૂ ઉપર આવેલા અચલગઢમાં સ્થાપન કરવા માટે કરાવેલ છે. કરાવનારનું નામ લખેલું નથી. આ પટ્ટની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૮૮ના માહ સુદિ ૫ ને સોમવારે પં. શ્રી. રૂપવિજય ગણિએ કરેલ છે. ઉપરની મતલબનો તેના ઉપર લેખ છે. આ પાદુકાપટ્ટની પ્રતિષ્ઠા પં. શ્રી પદ્મવિજય ગણિના શિષ્ય પં. શ્રી રૂપવિજયજી ગણિએ કરેલ હોવાથી અને તેમના ઉપદેશથી આ દેરી બનેલ હોવાથી, અહીંના લોકો આ દેરીને રૂપવિજયજીની દેરી કહે છે.

બીજે માળે ચૌમુખજી તરીકે મૂલનાયકજી (૧) પાર્શ્વનાથજી, (૨) આદિનાથજી, (૩) આદિનાથજી અને

(૪) આદિનાથજી બિરાજમાન છે. આ ચારે મૂર્ત્તિઓ ધાતુની છે. પૂર્વ દ્વારની મૂર્ત્તિ ઉપર લેખ નથી. તે મૂર્ત્તિ વધારે પ્રાચીન હોય તેમ જણાય છે. બાકીની ત્રણે મૂર્ત્તિઓ પર વિ. સં. ૧૫૬૬ના લેખો છે. બીજા માળમાં આ ચાર મૂર્ત્તિઓ છે.

આ મંદિરના બન્ને માળમાં ધાતુ અને આરસની બેઠી તથા ઊભી મળીને કુલ ૨૫ મોટી જિનમૂર્ત્તિઓ છે. તેમાં બેઠી તથા ઊભી મળીને ધાતુની ૧૪ અને આરસની ૧૧ મૂર્ત્તિઓ છે. ધાતુની ૧૪ મૂર્ત્તિઓમાંથી ૭ મૂર્ત્તિઓ પર સં. ૧૫૬૬ના ફા. શુ. ૧૦ના લેખો છે. અર્થાત્ એ સાત મૂર્ત્તિઓ આ મંદિરની પ્રતિષ્ઠા વખતે ખાસ નવીન બનેલ છે. બાકીની ૭ મૂર્ત્તિઓમાંથી ૬ મૂર્ત્તિઓ પર જુદા જુદા સંવતોના લેખો છે. એક પર લેખ નથી. આ સાતે મૂર્ત્તિઓ બહારગામથી આવેલ છે. આરસની ૧૧ મૂર્ત્તિઓમાંથી કેટલીક બહારગામથી આવેલી છે, અને કેટલીક પાછળથી શ્રાવકોએ અહીં પધરાવવા માટે કરાવેલ છે. કુલ ૨૫ મૂર્ત્તિઓમાંથી ૨૧ મૂર્તિઓ પર લેખો છે, ચાર પર લેખો નથી. પ્રતિષ્ઠાસમયના (સં. ૧૫૬૬ના) લેખવાળી સાત મૂર્ત્તિઓમાંથી પણ સંઘવી સહસાએ તો ફક્ત એક જ[૨૨] મૂર્ત્તિ કરાવી છે; બાકીની મૂર્ત્તિઓ અન્ય

૨૨. "ગુરુગુણરત્નાકર કાવ્ય" સર્ગ ૩, શ્લોક ૭૭માં લખ્યું છે કે–સં. સહસાએ અચલગઢના ચુતુર્મુખ પ્રાસાદના મુખ્ય (ઉત્તર દિશાના) મૂળનાયકજીને સ્થાને બિરાજમાન કરવા માટે ૧૨૦ મણ ધાતુની એક મોટી મનોહર મૂર્તિ નવી કરાવી હતી, એને બાકીનાં ત્રણ દ્વારોમાં બિરાજમાન કરવા માટે એના જેવડી બીજી ત્રણ

ગૃહસ્થોએ અને સંઘે કરાવી છે.

સંઘવી **સહસાએ** આ મંદિરમાં મૂળનાયકજી તરીકે સ્થાપન કરવા માટે ધાતુની, મોટી અને અતિમનોહર મૂર્ત્તિ કરાવી હતી, તે આ મંદિરના મુખ્ય (ઉત્તર દિશાના) દ્વારમાં મૂળનાયકજીને સ્થાને બિરાજમાન છે. સં. **સહસાના** કુટુંબ આદિની માહિતી માટે આ મૂર્ત્તિ પરના લેખ સિવાય બીજો એકે લેખ અહીં નથી.

આ મંદિરના બન્ને માળમાં થઈને ઊભી તથા બેઠી મળીને કુલ ધાતુની ૧૪ મૂર્ત્તિઓ છે. સર્વ સાધારણ જનતાની માન્યતા છે અને એ વાત બહુ પ્રસિદ્ધિમાં આવી ગઈ છે કે–" ઉક્ત ચૌદે પ્રતિમા મળીને અથવા તો માત્ર નીચેના માળના મૂળનાયકજીની ચારે પ્રતિમા મળીને ૧૪૪૪ મણ વજનની છે. " આ વિષયમાં તીર્થમાલાઓ, સ્તવનો અને ગ્રંથકારોએ પણ પોતપોતાના ભિન્ન ભિન્ન મતો દર્શાવ્યા છે; તેમાંના કેટલાક નીચે મુજબ છે —

૧. કવિ **ઋષભદાસે** સં. ૧૬૮૫માં રચેલ **જગદ્‌ગુરુ** ' શ્રી હીરવિજયસૂરિરાસ 'ની ચોપાઇ ૧૫થી ૧૮માં લખ્યું છે કે " **અચલગઢમાં ચાર** જિનમંદિરો છે; **અચલેશ્વરની** પાસે મુનિવરોની એક પોષાળ (ઉપાશ્રય) છે; ત્યાંથી બાંધેલાં હજાર પગથિયાં ચડવાથી ચૌમુખજીના મંદિરે જવાય છે, **સહસા** ને **સુલતાને** ઉક્ત મંદિર કરાવીને તેમાં **પિત્તલમય એંશી એંશી મણની ચાર** મનોહર મૂર્ત્તિઓ ભરાવી. "

મૂર્ત્તિઓ શ્રી. લક્ષ્મીસાગરસૂરિજીએ પ્રતિષ્ઠિત કરેલી, બહારગામથી લાવવામાં આવી હતી.

૨. " શ્રીવિજયપ્રશસ્તિ મહાકાવ્ય " સર્ગ ૧૨, શ્લોક ૩૫ની ટીકામાં (ટીકાકાર ગુણવિજયજીએ વિ. સં. ૧૬૮૮માં ટીકા રચી.) લખ્યું છે કે **અચલગઢના** ઊંચા શિખર પર ધાતુમય ચાર જિનપ્રતિમાઓથી અલંકૃત, અનુપમ શ્રીચૌમુખજીનું મંદિર શોભે છે. "

૩. **અંચલગચ્છીય** શ્રી. **જ્ઞાન**સાગરજીએ સં. ૧૭૨૨ લગભગમાં રચેલ ' આબુચૈત્યપરિપાટી 'ની ચોવીશમી કડીમાં " **ચૌમુખજીના મંદિરમાં ૧૪૦૦ મણ પિત્તલની બાર પ્રતિમા** " હોવાનું લખ્યું છે.

૪. શ્રી**ધીર**વિમલજીશિષ્ય શ્રી**નય**વિમલજીએ સં. ૧૭૨૮માં રચેલ ' શ્રીઅર્બુદગિરિતીર્થસ્તવન 'ની ૨૭મી કડીમાં લખ્યું છે કે–" **માંડવગઢવાસી સહસા–સુલતાને અચલગઢમાં આદિદેવનું** મોટું મંદિર બંધાવ્યું. **તેમાં ૧૪૦૦ મણ પિત્તલની બાર પ્રતિમાઓ છે.** "

૫. અંચલગચ્છીય શ્રીવિનયશીલ વાચકે સં. ૧૭૪૨ માં રચેલ ' શ્રી અર્બુદાચલઉત્પત્તિ–ચૈત્યપરિપાટીસ્તવન ' ની ઢાળ ૫, કડી ૧૫માં કહ્યું છે કે–" **લખપતિ (લાખા)** રાજાની આજ્ઞાથી **માંડવગઢ**નિવાસી **સહસાએ અંચલગઢ** ઉપર મોટું મંદિર કરાવીને તેમાં **ધાતિની ચાર મૂર્તિઓ** ભરાવી. "

૬. શ્રી**શીલ**વિજયજીએ સં. ૧૭૪૬માં રચેલી ' પ્રાચીન તીર્થમાલા 'ની કડી ૪૩થી ૪૫માં કહ્યું છે કે–" **માંડવ**ગઢનિવાસી, **પોરવાડ, સહસા** ને **સુલતાન** પ્રધાને, **ચૌમુખ**જીનું મંદિર બંધાવ્યું; **તેમાં ૧૪૦૦ મણ પિત્તલની બાર**

પ્રતિમાઓ ભરાવી, ભીમાશાહે તેમાં ભાગ કરીને દશ ધડી[23] ધાતુ પોતાના તરફથી આપી અને **સહસાએ સેવકોને** (ભોજકોના જેવી મારવાડમાં સેવકોની એક જ્ઞાતિ છે.) લાખ રૂપિયા વહેંચ્યા."

૭. સં. ૧૭૪૮ના વૈશાખ શુદિ ૩ ને વાર ગુરુવારે લખાયેલા હસ્તલિખિત એક છૂટક પાનામાં લખ્યું છે કે– "**અચલગઢ** ઉપર, **માંડવગઢ**ના રહેવાસી **સહસા** ને **સુલતાને** **૧૪૦૦ મણ પિત્તલની બાર પ્રતિમાઓ ભરાવી,** લાખો રૂપિયાની લહાણી કરી અને તેણે યાત્રાની છૂટ કરાવી."

૮. શ્રીજ્ઞાનવિમલસૂરિજીએ વિ. સં. ૧૭૫૫માં રચેલ 'પ્રાચીન તીર્થમાલા'ની કડી ૬૧–૬૨ માં લખ્યું છે કે– "**ચૌમુખજી**ના મંદિરમાં **૧૪૦૦ મણ પિત્તલની પ્રતિમાઓ** છે અને તેમને જમણે પડખે આરસની સાત મૂર્તિઓ શોભે છે."[24]

૯. વાચક **પ્રેમચંદે** વિ. સં. ૧૭૭૯ના જેઠની બીજને બુધવારે પૂર્ણ કરેલ 'આબુ સ્તવન'ની ૨૦મી કડીમાં "**સહસાએ** બંધાવેલ **અચલગઢ** ઉપરના **ચૌમુખજી**ના

---

૨૩. ૪૦૦ તોલાના વજનને એક ધડી કહેવામાં આવે છે.

૨૪. આ સાત મૂર્તિઓથી શ્રી**ઋષભદેવજી**નાં મંદિરનું સૂચન કર્યાનું સંભવે છે. કેમ કે આ તીર્થમાલામાં **અચલગઢ** ઉપરના બીજાં ત્રણ મંદિરોનું વર્ણન છે. પણ શ્રી**ઋષભદેવજી**ના દેરાસરજીનું સ્પષ્ટ રીતે તેમાં વર્ણન કર્યું નથી, અને ઉક્ત સંવત્ પહેલાં આ મંદિરની પ્રતિષ્ઠા થઈ ચૂકી હતી.

મંદિરમાં ૧૭૦૦ મણ **પિત્તલની ચૌદ મૂર્ત્તિઓ** " હોવાનું લખ્યું છે.

૧૦. શ્રીપુણ્યસાગરજીના શિષ્ય શ્રીજ્ઞાનસાગરજીએ સં. ૧૮૨૧માં રચેલ 'તીર્થમાલા સ્તવન'ની ઢાળ ૭, કડી ૧૫માં "ચોમુખજીના મંદિરમાં **ધાતુની મોટી પ્રતિમાઓ બાર**" હોવાનું અને કડી ૧૬માં "તેના સભામંડપમાં સામસામે શ્રી ગોડી પાર્શ્વનાથ અને સુવ્રતસ્વામીના ગભારા" હોવાનું લખ્યું છે. પરંતુ મારા ધારવા પ્રમાણે ત્યાં 'સુવ્રતસ્વામી'ને બદલે 'નેમિનાથ' લખવું જોઈએ. અત્યારે પણ સં. ૧૫૧૮ના લેખવાળી શ્રીનેમિનાથ ભગવાનની મૂર્ત્તિ ડાબી બાજુના ગભારામાં મૂળનાયકજીના સ્થાને બિરાજમાન છે.

૧૧. વિ. સં. ૧૮૭૫ના વૈશાખ શુદિ ૮ ને દિવસે લખાયેલ 'આબુકલ્પ'ના એક હસ્તલિખિત છૂટક પાનામાં લખ્યું છે કેઃ—"ગોરીસા (માલવાધિપતિ ગ્યાસુદ્દિન) બાદશાહના પ્રધાન માંડવગઢનિવાસી, વિશા પોરવાડ, સંઘવી સહસાએ **૧૪૪૪ મણ પિત્તલ ગળાવીને તેની ચાર પ્રતિમાઓ મોટી અને સાત પ્રતિમાઓ નાની કરાવી.** તેણે (આ મંદિર બંધાવવામાં, મૂર્તિ કરાવવામાં અને મોટો સંઘ કાઢીને ધામધૂમથી પ્રતિષ્ઠામહોત્સવ અને યાચકોને દાન આપવા વગેરેમાં થઈને) ૭૬ કરોડ પીરોજી (ઉક્ત બાદશાહના વખતનો ચાંદીનો સિક્કો.) ખરચી.

૧૨. શ્રી શાંતિવિજયજીરચિત 'જૈન તીર્થ ગાઈડ'માં 'તવારીખ તીર્થ આબુ' નામના પ્રકરણમાં આબુ ઉપરનાં

મંદિરોનું વર્ણન લખતાં લખ્યું છે કે—" **અચલગઢ** ઉપરના **ચૌમુખજીના** મંદિરમાં **૧૪૪૪ મણ પિત્તલની ૧૪ મૂર્ત્તિઓ છે.**"

૧૩. સં. ૧૬૭૮, આસો શુદિ ૨ શુક્રવારે રચાયેલ 'આબુતીર્થસ્તવન' (કર્તાનું નામ નથી.)ની કડી ૫-૬ માં લખ્યું છે કે—"ચૌમુખજીમાં મોટી મૂર્ત્તિઓ **બાર** છે, અને સૂખડ ઘસવાના **ઓરસીયા એકાવન** છે. તેમજ અરબુદાજીના દેહરામાં પ્રતિમાજી ૩૬૦ છે."[૨૫]

૧૪. શ્રીદાનસાગરજીના શિષ્ય શ્રીઅમીસાગરજીએ સં. ૧૮૬૨ ચૈત્ર વદિ ૮ (સંઘ સાથે યાત્રા કરી તે સંબંધી) રચેલ " શ્રી અર્બુદગિરિસ્તવન "ની કડી ૪-૫માં લખ્યું છે કે—ચૌમુખજીના મંદિરમાં **ધાતુની ૧૪ મૂર્ત્તિઓ છે, તેનું ૧૪૪૪ મણ વજન છે,** તેમ જ અચલગઢમાં કુલ **પાંચ** દેહરાં અને તેમાં કુલ ૨૨૯ જિનમૂર્ત્તિઓ છે.[૨૬]

---

૨૫. આ અરબુદાજીનું દેહરું કયું ?—તે કાંઈ સ્પષ્ટ રીતે સમજાતું નથી. અચલગઢમાં અરબુદાજીના નામથી કોઈ જૈનોનું કે હિંદુઓનું પણ દેરાસર પ્રસિદ્ધિમાં આવેલું નથી. કદાચ अद्‌भुतजी=अदबदजी=अरबुदजी આમ અપભ્રંશ શબ્દ વાપર્યો હોય તો अद्‌भुतजी થી બહુ મોટી મૂર્ત્તિવાળું મંદિર એટલે ચૌમુખજીનું મંદિર લઈ શકાય. કેમ કે આબુ ઉપરનાં સમસ્ત જૈન મંદિરોમાં મૂલનાયકજીનાં સ્થાને બિરાજમાન સૌથી મોટી મૂર્તિવાળું મંદિર અચલગઢ ઉપરનું ચૌમુખજીનું મંદિર છે. આવી રીતે શ્રી શત્રુંજય અને શ્રી ગિરનાર તીર્થ ઉપર પણ જૈન અદબદજી (અદ્‌ભુતજી)ની મૂર્તિઓ છે, જેથી અહીં પણ એ પ્રમાણે કહ્યું હોય એમ જણાય છે.

૨૬. આ સ્તવનમાં અચલગઢમાં કુલ **પાંચ** જૈન મંદિરો હોવાનું લખ્યું છે. પણ અત્યારે તો ચાર મંદિરો છે. આ ચાર

આમ ભિન્ન ભિન્ન સમયમાં ભિન્ન ભિન્ન પુસ્તકોમાં દંતકથાઓને આધારે ભિન્ન ભિન્ન મતો લખાયા છે, તેમ અત્યારે પણ લોકોમાં ભિન્ન ભિન્ન જાતની દંતકથાઓ ચાલે છે. તેમાં સાચું શું છે? એ તો અતિશયજ્ઞાની હોય તે જ કહી શકે. મારા નમ્ર મત પ્રમાણે આ ચૌદ મૂર્ત્તિઓમાંથી ઘણી મૂર્ત્તિઓ જુદા જુદા સમયમાં, જુદા જુદા ગામમાં અને જુદા જુદા ધણીએ કરાવેલ હોવાથી ૪, ૧૨ કે ૧૪ મૂર્તિઓનું અમુક જ વજન કરાવવું છે એવું લક્ષ રાખી ન જ શકાય. હા, કદાચ અનાયાસ જ એવો સંયોગ બનવો હોય તો બની શકે ખરો. અહીં એમ જ બન્યું હોય તેમ લાગે છે. ચૌમુખજીના મંદિરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૫૬૬માં થયા પછી થોડાં જ વર્ષોમાં રચાયેલ "શ્રીગુરુગુણરત્નાકર કાવ્ય" સર્ગ ૩, શ્લોક ૭૭માં લખ્યું છે કે "સંઘવી સહસાએ મૂલનાયક શ્રીઆદીશ્વર ભગવાનની ૧૨૦ મણ વજનની એક મૂર્ત્તિ કરાવી." તેમજ એ ગ્રંથના ત્રીજા સર્ગના ચોથા શ્લોકમાં લખ્યું છે કે–(આ મંદિરના ત્રીજા દ્વારના મૂલનાયકજીને સ્થાને બિરાજમાન) શ્રીશાંતિનાથ ભગવાનની ધાતુની

મંદિરો સિવાય વિ. સં. ૧૮૬૨ની આસપાસમાં અહીં પાંચમું જૈન દેરાસર હોય એવો સ્પષ્ટ ઉલ્લેખ કે બીજું કાંઈ પ્રમાણ મને મળ્યું નથી. કદાચ ચૌમુખજીનું મંદિર એ માળનું હોવાથી તેને બે મંદિરો ગણ્યાં હોય, અથવા તો અચલેશ્વર મહાદેવના મંદિરની સામેના એક નાના શિવાલયમાં કોઈ પડી ગયેલ જૈન મંદિરનો દરવાજો લગાવેલો છે, એટલે તે સમયમાં અચલગઢમાં પાંચમું દેરાસર હોય અને પછીથી જીર્ણ થઈને પડી ગયું હોય, તેથી તેની મૂર્તિઓ બીજાં મંદિરમાં પધરાવી દીધી હોય તો તે પણ બનવા યોગ્ય છે.

મનોહર મૂર્ત્તિ ડુંગરપુરના પ્રધાન સાલ્હાએ ૧૨૦ મણ વજનની વિ. સં. ૧૫૧૮માં કરાવી છે. આ ગ્રંથ તે અરસામાં બનેલ હોવાથી આના ઉપર વધારે વિશ્વાસ રાખી શકાય. સંઘવી સહસા માંડવગઢના (માળવાના) રહેવાસી હોવાથી, અને શાહ સાલ્હા ડુંગરપુર (મેવાડ)ના રહેવાસી હોવાથી રાજપૂતાનાના હિસાબે ઉપર્યુક્ત ૧૨૦ મણ બંગાળી (૮૦ તોલાના શેરના પ્રમાણવાળા) લેવા જોઈએ. જો એમ જ હોય તો પછી એ હિસાબે ૧૨ કે ૧૪ મૂર્ત્તિઓ મળીને ૧૪૪૪ કે ૧૪૦૦ મણ (ગુજરાતી ૪૦ તોલાના શેરના પ્રમાણવાળા) વજનની હોય એમાં કંઈ પણ આશ્ચર્ય જેવું નથી.

ધાતુની મૂર્તિઓ, એ સર્વધાતુની અથવા પંચધાતુની મૂર્ત્તિઓ કહેવાય છે. મતલબ કે પિત્તલ કે કાંસાની મૂર્ત્તિઓ કરાવનારા દરેક ગૃહસ્થો પોતપોતાની શક્તિ અનુસારે પાંચે ધાતુ તેમાં અવશ્ય નાખે છે. ચૌમુખજીના મંદિરના નીચેના માળના ચારે મૂળનાયકજીની મૂત્તિઓમાંથી સંઘવી સહસાએ કરાવેલ પિત્તળની મુખ્ય મૂળનાયકજીની મૂર્ત્તિની કાંતિ ઉપરથી તેમાં સુવર્ણનો ભાગ કાંઈક વિશેષ હોવાનું અને બાકીની મૂત્તિઓમાં સુવર્ણનો ભાગ નહીં જેવો જ હોવાનું સ્પષ્ટ જણાય છે. પરંતુ આ બધી મૂર્ત્તિઓ ખાસ કરીને તો પિત્તલની જ બનેલી હોય છે, તેથી તે પિત્તલની અથવા તો ધાતુની મૂર્ત્તિઓ કહેવાય છે.

શ્રીમાન્ મેરુતુંગસૂરિજીએ વિ. સં. ૧૪૩૮માં રચેલ 'અંચલગચ્છીય પટ્ટાવલી'માં લખ્યું છે કે “ભીનમાલનિવાસી, શ્રીમાલીજ્ઞાતિ અને કાશ્યપ ગોત્રવાળા લોલા સંઘવીએ બાવીશ હજાર દ્રવ્ય ખરચીને અચલગઢ ઉપરના ચૌમુખજીના

મંદિરમાં બે કાઉસગ્ગીયા (ઊભી જિનમૂર્ત્તિઓ) કરાવેલ છે. ” પરંતુ આ કાઉસગ્ગીયા અત્યારે ચૌમુખજીના મંદિરમાં તો નથી, પણ અચલગઢ ઉપરના બીજા કોઈ જૈન મંદિરોમાં પણ વિદ્યમાન હોય તેમ જણાતું નથી.

આ મંદિર[૨૭] પહાડના એક ઊંચા શિખર ઉપર આવેલું હોવાથી તેના બીજા માળ ઉપર ચઢીને જોતાં **આબુ** પહાડની કુદરતી રમણીયતા, **આબુ**ની નીચેની ભૂમિ અને દૂર દૂર સુધીનાં ગામોનું દૃશ્ય બહુ જ ચિત્તાકર્ષક લાગે છે.

આ મંદિરમાં બંને માળના મૂળનાયકજી વગેરે થઈને ધાતુની મૂર્ત્તિઓ ૧૨, ધાતુના કાઉસગ્ગીયા ૨, આરસના સુંદર કાઉસગ્ગીયા ૨, આરસની મૂર્ત્તિઓ ૯, ધાતુની નાની પંચતીર્થી ૧ અને ધાતુની નાની એકલ મૂર્તિઓ ૨, એ પ્રમાણે આ મંદિરમાં કુલ મૂર્ત્તિઓ ૨૮ અને પાદુકાપટ્ટ ૧ છે.

(૨) શ્રીઋષભદેવ ભગવાનનું મંદિર

ચૌમુખજીથી ૩૩ પગથિયાં નીચે ઊતરતાં એક મોટા મેદાનમાં શ્રીઋષભદેવજી (**આદીશ્વરજી**)નું મંદિર આવે છે.

---

૨૭ અહીંના લોકોમાં દંતકથા છે કે—અચલગઢ નામના કિલ્લામાંના પોતાના મહેલના ઝરુખામાં બેસીને મેવાડના મહારાણા કુંભકર્ણ, આ ચૌમુખજીના મંદિરના બીજા માળના મૂળનાયકજી ભગવાનનાં દર્શન કરી શકે એવી રીતે આ ચૌમુખજીનું મંદિર બંધાવવામાં આવ્યું છે. પરંતુ આ દન્તકથામાં કંઈ વજૂદ હોય એવું લાગતું નથી, કારણ કે મહારાણા કુંભકર્ણનો સ્વર્ગવાસ વિ. સં. ૧૫૨૫માં થયો છે, અને આ મંદિર વિ. સં. ૧૫૬૬માં પ્રતિષ્ઠિત થયું છે. કદાચ સિરોહીના મહારાવ જગમાલના સંબંધમાં આ દન્તકથા હોય તો તે બનવાયોગ્ય છે, કારણ કે તે વખતે **આબુ** ઉપર તેમનું આધિપત્ય હતું.

આ મંદિર સાદું અને અર્વાચીન જણાય છે. પોણા ત્રણસો વર્ષથી વધારે જૂનું હોય તેમ લાગતું[૨૮] નથી.

૨૮. શ્રીકુંથુનાથજીના દેરાસરની બહારની સુરહી (સરઈ)ના વિ. સં. ૧૬૩૪ના ચૈત્ર વદિ ૩ના લેખમાં ('અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ'માં લેખાંક ૬૬૪ જુઓ.) અચલગઢમાં ત્રણ મંદિરો હોવાનું લખ્યું છે, અને શ્રીસમયસુંદર વાચકે સં. ૧૬૭૮માં સંઘ સાથે યાત્રા કરી તે સંબંધી રચેલ 'આબૂ તીરથભાસ'ની પાંચમી કડીમાં અચલગઢમાં ૧ શ્રીશાંતિનાથજી, ૨ શ્રીચોમુખજી અને ૩ શ્રીકુંથુનાજી—આ ત્રણ જ મંદિરો હોવાનું લખ્યું છે. એટલે તે વખતે આ મંદિર નહીં બન્યું હોય એમ ચોક્કસ જણાય છે. તેમજ પં. મહિમાએ વિ. સં. ૧૭૨૧માં (જેઠ મહિના પહેલાં) યાત્રા કરીને સં. ૧૭૨૨ માં રચેલી 'ચૈત્યપરિપાટી'ની ચોથી ઢાળની ચોથી-પાંચમી કડીમાં પણ અહીં (અચલગઢમાં) ત્રણ મંદિરો હોવાનું લખ્યું છે. એટલે આ મંદિર સં. ૧૭૨૧ના જેઠ શુદિ ૩ ને રવિવારે પહેલી વાર પ્રતિષ્ઠિત થયું હોય તેમ લાગે છે. આ મંદિરના મૂળનાયક શ્રીઋષભદેવ ભગવાનની મૂર્તિ પર એ જ સંવત્-મિતિનો લેખ મોજૂદ છે. (જુઓ 'અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ'નો લેખાંક ૪૮૫.)

શ્રીઋષભદાસ કવિએ વિ. સં. ૧૬૮૫માં રચેલા જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરિરાસની ચોપાઈની કડી ૧૫માં અચલગઢમાં ચાર મંદિરો હોવાનું લખ્યું છે. પરંતુ મારા ધારવા પ્રમાણે ઉક્ત સંવતમાં આ મંદિરનું કામ ચાલુ થયું હશે, તૈયાર થયા બાદ અમુક વર્ષો પછી સં. ૧૭૨૧માં પ્રતિષ્ઠા થઈ હશે. જો સં. ૧૬૮૫માં અથવા તે પહેલાં આ મંદિર પણ પ્રતિષ્ઠિત થઈ ચૂક્યું હોત તો ઉપર્યુક્ત સરઈના લેખમાં, આબુ તીરથભાસમાં અને ચૈત્યપરિપાટીમાં પણ અહીં ત્રણને બદલે ચાર મંદિરો હોવાનું જરૂર લખત; કેમકે બાકીનાં ત્રણ મંદિરો તો એ વખતે પ્રતિષ્ઠિત થઈ ચૂકેલાં જ હતાં.

મંદિરની રચના :—મૂળ ગભારો અને તેની પછી સભામંડપ બનેલો છે. કોરણીવાળું બેઠા ઘાટનું શિખર છે. પાછળના ભાગમાં નાની પણ શિખરબંધી ૨૪ દેરીઓ અને તે દેરીઓની વચ્ચેના ભાગમાં પગલાં વગેરેની ચાર છત્રીઓ[૨૯] છે. જમણા હાથ તરફ કુદરતી પથ્થરોની વચ્ચે જુદી જ અંબિકાદેવીની એક શિરબંધી દેરી છે.

મૂર્તિસંખ્યા અને તેની હકીકત :—આ મંદિરમાં મૂળનાયકજીના સ્થાને શ્રીઆદીશ્વર ભગવાન બિરાજમાન છે. તેમની બંને બાજુએ આરસની બે મૂર્તિઓ છે.

મૂળનાયકજીની મૂર્તિ ઉપર વિ૦ સં૦ ૧૭૨૧નો લેખ છે. આ મૂર્તિ અમદાવાદના રહેવાસી શ્રી શ્રીમાલી જ્ઞાતિના દોસી શાંતિદાસ શેઠે ખાસ અહીં પધરાવવા માટે કરાવી છે. તે ઉપરથી કદાચ આ મંદિર પણ તેમણે જ બંધાવ્યું હોય એમ અનુમાન કરી શકાય.

આ મંદિરની ભમતીમાં નાની નાની દેરીઓ ૨૪, પગલાં વગેરેની છત્રીઓ ૪ અને શ્રીઅંબિકાદેવીની દેરી ૧ છે. આ ૨૪ દેરીઓમાંથી પ્રત્યેકમાં ભગવાનની એક એક મૂર્તિ છે. તેમાં એક દેરીમાં પંચતીર્થીના પરિકરવાળી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ છે, તેના ઉપર વિ૦ સં૦ ૧૩૮૦નો નાનો લેખ છે. ચાર છત્રીઓમાં પાદુકા જોડી

---

૨૯. આ ૨૪ દેરીઓ હાલમાં જ એટલે સં. ૧૯૬૦ની આસપાસમાં બની છે અને તેની પ્રતિષ્ઠા સં. ૧૯૬૩માં થઈ છે. આ ચોવીશ દેરીઓની વચ્ચે (મૂળ મંદિરની પાછળના ભાગમાં) આરસની ચાર છત્રીઓ છે, તે કદાચ આ દેરીઓની પહેલાં જ બનેલી હશે, કેમકે તેમાં સ્થાપન કરેલી કેટલીક વસ્તુઓ જૂની છે.

૪, (પ્રાયઃ તે ચારે પાદુકા જોડી યતિઓની છે. પાદુકા જોડી ઉપર અર્વાચીન નાના નાના લેખો છે.) સરસ્વતી[30] દેવીની નાની મૂર્તિ ૧, હાથીસવાર યક્ષની મૂર્તિ ૧ (ઘણું કરીને આ મણિભદ્ર યક્ષની મૂર્તિ હશે.) અને શ્રી સિદ્ધચક્રજીનો આરસ પાષાણનો[31] યંત્ર ૧ છે. અંબિકા દેવીની દેરીમાં અંબાજીની મૂર્તિ ૧ છે.

આ મંદિરમાં ભગવાનની કુલ મૂર્તિઓ ૨૭, પાદુકા જોડી ૪, સરસ્વતી દેવીની મૂર્તિ ૧, અંબિકા દેવીની મૂર્તિ ૧, હાથીસવાર યક્ષની મૂર્તિ ૧ અને સિદ્ધચક્રજીનો આરસ પાષાણનો યંત્ર ૧ છે.

આ મંદિર અને તેના ફરતી ૨૪ દેરીઓ વગેરે ઉપર

---

૩૦. સરસ્વતી દેવીનું દેવસ્થાન ઘણાં વર્ષોથી 'અચલગઢ' ઉપર હોવાનું જણાય છે. આ મૂર્તિ પહેલાં ઉપર્યુક્ત અંબિકા દેવીની દેરીમાં અથવા અન્ય કોઈ ખાસ સ્થાનમાં હોવી જોઈએ. અને તેનું તે સમયમાં વિશેષ માહાત્મ્ય પ્રચલિત હોવું જોઈએ, કેમ કે મહારાણા કુંભકર્ણ જેવા પુરુષો પણ તેમની સામે બેસીને ધાર્મિક પંચાયતો કરતા હતા.

દાખલા તરીકેઃ—આબુની યાત્રાએ આવતા કોઈ પણ યાત્રાળુઓ પાસેથી મુંડકું કે વળાવું (ચોકી) નહિ લેવા સંબંધીનો મેવાડના મહારાણા કુંભકર્ણ (કુંભારાણા) નો વિ. સં. ૧૫૦૬નો લેખ, જે હાલ દેલવાડામાં લૂણવસહી મંદિરની બહારના કીર્તિસ્તંભની પાસે છે, તે લેખ અચલગઢ ઉપર સરસ્વતી દેવીની સામે બેસીને લખાયેલો છે.

૩૧. આ યંત્ર ઉપર વિ. સં. ૧૫૫૮ના કારતક વદિ ૧૩નો લેખ છે. આ યંત્ર અચલગઢના રહેવાસી શ્રાવકે કરાવેલ છે.

કલશ અને ધજા–દંડ ન હતાં. વિ. સં. ૧૯૯૨ના વર્ષમાં અમારું રોહિડા જવાનું થતાં ત્યાંના ઓસવાલ અને પોરવાડ સમસ્ત સંઘને એકત્ર કરી, એ માટે ઉપદેશ આપતાં તેમણે આ વાતનો સહર્ષ સ્વીકાર કર્યો અને થોડા સમયમાં બધી તૈયારીઓ કરીને મોટા ઉત્સાહ તથા મહોત્સવ પૂર્વક શ્રીસંઘે સુવર્ણ કલશો અને ધજા–દંડો વિ. સં. ૧૯૯૨ના વૈશાખ શુદિ ૧૦ને દિવસે પ્રતિષ્ઠિત કરાવીને ચઢાવ્યા છે.

આ મંદિરના કોટના મુખ્ય દરવાજાની બહાર ચોકીદારોને બેસવા માટેની એક દલાણ (ઓસરી) છે. તેની પછી બન્ને બાજુએ થઈને ચોકીદારો તથા નોકરોને રહેવા તેમજ સામાન રાખવા માટે પાંચ ઓરડીઓ છે. તેમાંની છેલ્લી ઓરડી પાસે યુરોપીયનો વગેરે વિશ્રાંતિ લે છે, અને ચામડાના બૂટ બદલીને યુરોપીયનોને કપડાના બૂટ અહીં પહેરાવવામાં આવે છે.

ત્યાંથી થોડું નીચે આવતાં એક ચોક આવે છે. તેની પછી એક પોળ (દરવાજો) છે, તે દરવાજા માથે એક મોટો હોલ છે. તેમાં યુરોપીયનો અથવા અમલદાર વગેરે કોઈને રાત રહેવું હોય તો તે માટે સગવડ રાખેલી છે. ત્યાંથી થોડું નીચે ઊતરતાં પૂર્વ સન્મુખ કારીગરોને કામ કરવા માટે તથા રહેવા માટેનાં મકાનોની એક લાઈન છે. ત્યાંથી થોડું નીચે ઊતરતાં શ્રીસંઘે બંધાવેલી બે માળની મોટી ધર્મશાળા આવે છે.

આ બધાં મકાનોની આસપાસ પહાડ અને વૃક્ષોનું કુદરતી દૃશ્ય બહુ મનોહર છે.

(૩) શ્રીકુંથુનાથ ભગવાનનું મંદિર

અચલગઢનાં મંદિરોના કાર્યાલયની પેઢીના મકાનમાં, પેઢીની ગાદી સામે, ઉપરના ભાગમાં શ્રી કુંથુનાથ **પ્રભુ**જીનું દેરાસર આવેલું છે. આ દેરાસરનું મકાન બે ખંડનું અને માથે ધાબાવાળું છે. ભગવાનના ઉપર ધાબામાં શિખર જેવો નાનો ગુંબજ (ઘૂમટ) બનાવેલ છે. બીજા ખંડની આગળ નાનો ચોક છે. દેરાસરની જોડે ઉપાશ્રયનું બે ઓરડાવાળું મકાન આવેલું છે. ઉપાશ્રયની ઉપર તથા સામેના ભાગમાં કાર્યાલયના ૪ ઓરડા છે. આ દેરાસર જૂનું હોય તેમ લાગે છે. **અચલગઢ**ના રહેવાસીઓને હમેશાં દર્શન-પૂજનની અનુકુળતા માટે ધાબાવાળું આ નાનું દેરાસર ગામની અંદર કરાવ્યું હોય તેમ લાગે છે. આ દેરાસર કોણે અને ક્યારે બંધાવ્યું તે ચોક્કસ રીતે જાણવામાં આવ્યું નથી, પરંતુ શ્રીમાન્ **સોમસુંદરસૂરિજી**એ વિ. સં. ૧૫૦૦ લગભગમાં રચેલ 'શ્રીઅર્બુદગિરિકલ્પ'માં **અચલગઢ**માં **મહારાજા** કુમારપાળે બંધાવેલ શ્રી**મહાવીરસ્વામી**ના એક જ મંદિરનું વર્ણન આપ્યું છે; તે સિવાયના **અચલગઢ** ઉપરના બીજા એકે મંદિરનું વર્ણન આપ્યું નથી. તેમજ શ્રી**શાંતિસૂરિજી**-કૃત 'શ્રીઅર્બુદાચલ ચૈત્ય પરવાડી વિનતિ' કે જેમાં રચ્યાસંવત્ આપ્યો નથી, પણ તેમાં દેલવાડામાં ત્રણ જ મંદિર હોવાનું લખ્યું છે, તેથી તેની રચના સં. ૧૫૧૫ પહેલાં થઈ હશે એમ ખાતરી થાય છે. આ વિનતિની કડી ૧૯માં **અચલગઢ**માં મ. કુમારપાલનું બંધાવેલું એક જ મંદિર હોવાનું લખ્યું છે. આ ઉપરથી તલેટીમાં આવેલા **મહારાજા**

કુમારપાલના મંદિર સિવાય વિ.સં. પંદરસો લગભગમાં અચલગઢમાં બીજું એકે મંદિર નહોતું એમ જણાય છે. જ્યારે આ મંદિરની બહારના જમણી તરફના ચોતરા ઉપર એક ખૂણામાં દીવાલની લગોલગ ઊભા કરેલા એક ગધૈયા પથ્થરના વિ. સં. ૧૬૩૪ના[૩૨] લેખમાં તથા પં. મહિમાકૃત 'ચૈત્યપરિપાટી' (રચ્યાસંવત્ ૧૭૨૨)ની ચોથી ઢાળની ચોથી-પાંચમી કડીમાં પણ અચલગઢમાં ત્રણ જિનમંદિરો હોવાનું લખ્યું છે. આ વખતે શ્રીઋષભદેવ ભગવાનનું મંદિર નહોતું એટલે આ મંદિર વિદ્યમાન હતું એમ ખાતરી થઈ શકે છે. આ ઉપરથી આ મંદિર વિ. સં. ૧૫૦૦ પછી અને સં. ૧૬૩૪ પહેલાં બન્યું હોય એમ ચોક્કસ જણાય છે.

શ્રીજ્ઞાનસાગરજીએ વિ. સં. ૧૭૨૨ લગભગમાં રચેલ 'આબુ ચૈત્યપરિપાટી'ની ૨૬મી કડીમાં "અચલગઢનું શ્રી કુંથુનાથજીનું મંદિર ખેતા શાહે કરાવ્યા"નું લખ્યું છે. જો આ વાત સાચી હોય તો આ મંદિર સં. ૧૫૨૭માં પ્રતિષ્ઠિત થયાનું ચોક્કસ માની શકાય. કેમ કે આ મંદિરના મૂલનાયકજી શ્રીકુંથુનાથ ભગવાનની ધાતુની મનોહર મૂર્ત્તિની અંજનશલાકા વિ. સં. ૧૫૨૭ના વૈશાખ શુદિ ૮ ને દિવસે થઈ છે. ઉક્ત સંવતનો આ મૂર્ત્તિ પર સુસ્પષ્ટ લેખ છે.[૩૩] આ મૂર્ત્તિ સંઘવી ખેતા શાહે ભરાવેલી છે. એટલે આ

---

૩૨. 'અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ'નો લેખાંક ૬૬૪ વાળો લેખ જુઓ.

૩૩. 'અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ' નો લેખાંક ૪૯૧ અને તેનું અવલોકન જુઓ.

મંદિર પણ કદાચ તેમણે જ કરાવ્યું હોય, એમ અનુમાન કરી શકાય.

અંચલગચ્છીય શ્રીવિનયશીલ વાચકે વિ. સં. ૧૭૪૨માં રચેલ 'અર્બુદાચલ ઉત્પત્તિ ચૈત્ય પરિપાટી સ્તવન' ઢાળ ૫, કડી ૧૨–૧૩માં "અચલગઢ ઉપરના આ મંદિરના મૂલનાયક શ્રીકુંથુનાથજી ભગવાનની મૂર્ત્તિ સંઘવી ખેતા શાહે ભરાવ્યાનું" લખ્યું છે, અને તપાગચ્છીય શ્રીઉત્તમવિજયજીએ વિ. સં. ૧૮૬૯માં રચેલ 'આબુ તીર્થમાલ' ઢાળ ૧૨, કડી ૧૫માં "અચલગઢમાં શ્રીકુંથુનાથજી ભગવાનનું દેહરું હોવાનું" લખ્યું છે.[૩૪]

---

૩૪. શ્રીનયવિમલજીએ વિ. સં. ૧૭૨૮માં રચેલ 'શ્રી અર્બુદ ગિરિ તીર્થ સ્તવન'ની ૨૮મી કડીમાં અને શ્રીજ્ઞાનવિમલસૂરજીએ વિ. સં. ૧૭૫૫માં રચેલ 'પ્રાચીન તીર્થમાલા'ની ૬૩મી કડીમાં પણ "અચલગઢની તલેટીમાં મહારાજા કુમારપાલે બંધાવેલા મંદિર સિવાયનું અચલગઢ ગામમાં શ્રીશાંતિનાથ ભગવાનનું મંદિર (શાંતિવિહાર)" હોવાનું લખ્યું છે. આ મંદિર કયું ?–તે કાંઈ સમજવામાં આવતું નથી. અત્યારે અચલગઢની તલેટીમાં આવેલ મહારાજા કુમારપાલના મંદિર સિવાય બીજા કોઈ મંદિરમાં મુખ્ય મૂલનાયકજીને સ્થાને શ્રીશાંતિનાથ ભગવાનની મૂર્ત્તિ બિરાજમાન નથી. તેમ અચલગઢ ગામમાં શ્રીશાંતિનાથ ભગવાનનું મંદિર હોય એવો ઉલ્લેખ ઉપર્યુક્ત સ્તવન અને તીર્થમાલા (આ બન્નેના કર્તા એક જ છે.) સિવાય બીજા કોઈ શિલાલેખો કે ગ્રંથોમાં જોવામાં નથી આવ્યો. ઉક્ત સ્તવન અને તીર્થમાલામાં અચલગઢનાં બીજાં ત્રણ મંદિરોનું વર્ણન છે, પણ શ્રીકુંથુનાથજી ભગવાનના મંદિરનું વર્ણન નથી. એટલે કદાચ સ્મૃતિચૂકથી શ્રીકુંથુનાથજીના બદલે

મૂર્ત્તિસંખ્યા અને વિશેષ હકીકત:—

આ દેરાસરમાં મૂળનાયકજીના સ્થાને શ્રીકુંથુનાથ ભગવાનની ધાતુની બહુ મનોહર મૂર્ત્તિ બિરાજમાન છે. તેના ઉપર વિ. સં. ૧૫૨૭ના વૈશાખ શુદિ ૮ નો સુસ્પષ્ટ લેખ છે. આ મૂર્ત્તિ પોરવાડજ્ઞાતીય સંઘવી કુર્માના પુત્ર સં૦ સપદાના પુત્ર સં૦ ખેતાએ કરાવી છે, અને તેની પ્રતિષ્ઠા તપાગચ્છીય લક્ષ્મીસાગરસૂરિજીએ કરી છે. આ મૂર્ત્તિ મહેસાણાનિવાસી મીસ્ત્રી હાજા તથા કાળાએ તૈયાર કરી છે.

મૂળનાયકજીની ધાતુની મનોહર મૂર્ત્તિ ૧, તેમની બન્ને બાજુએ ધાતુના કાઉસગ્ગીયા ૨, આરસની મૂર્ત્તિ ૧, ધાતુની મોટી એકલ મૂર્ત્તિઓ ૨, ધાતુના સમવસરણ યુક્ત ચૌમુખજીની સંયુક્ત મૂર્ત્તિઓ ૪, ગણધર ભગવંતની ધાતુની મૂર્ત્તિ ૧ અને ધાતુની નાની મૂર્ત્તિઓ (એકતીર્થી, ત્રિતીર્થી, પંચતીર્થી અને ચોવીશી મળીને) ૧૬૩ છે. આ નાની મૂર્ત્તિઓમાં કેટલીક મૂર્ત્તિઓ[૩૫] વધારે પ્રાચીન પણ છે. આ નાની મૂર્ત્તિઓને ચૂના વડે સ્થિર કરેલી હતી, પણ અમો સં. ૧૯૯૨માં શ્રીઋષભદેવજીના મંદિરના કલશ–ધ્વજદંડાદિની પ્રતિષ્ઠા વખતે અચલગઢ ગયા હતા, તે વખતે તેના કાર્યવાહકોને સમજાવવાથી તેમણે તે બધી મૂર્ત્તિઓને ઉખેડાવી

શ્રીશાંતિનાથજીનો ઉલ્લેખ કર્યો હોય અથવા તો તે અરસામાં આ દેરાસરને શ્રીશાંતિનાથ પ્રભુજીનું મંદિર પણ કહેતા હોય.

૩૫. આ ૧૬૩ મૂર્ત્તિઓમાંથી ૧૫૭ મૂર્ત્તિઓ પર નાના–મોટા લેખો છે. આને માટે "અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ" ના નં. ૫૦૭ થી ૬૬૩ સુધીના લેખો જુઓ.

દીધી. ઘણાં વર્ષો સુધી ચૂનામાં રહેવાથી કેટલીક મૂર્ત્તિઓનો નીચેનો ભાગ ખવાઈ ગયો હતો, અને પાછળના ભાગમાં ઘણો જ કાટ ચડી ગયો હતો. કારખાનાવાળાઓએ તે બધું સાફ કરાવી દીધું, એટલે તેમાંથી ૧૫૭ મૂર્ત્તિઓ પર નાના-મોટા લેખો હતા તે બધા ઉતારી લીધા છે.[૩૬] ઉપર પ્રમાણે આ દેરાસરમાં (સમવસરણની સંયુક્ત ચારે મૂર્ત્તિઓને જુદી જુદી ગણતાં) કુલ ૧૭૪ મૂર્ત્તિઓ છે.

આ દેરાસરમાં મૂળનાયકજીના ડાબા હાથ તરફની ધાતુઓની પંચતીર્થીઓની પંક્તિની વચ્ચે ધાતુની એક એકલ મૂર્ત્તિ છે. આ મૂર્ત્તિ પદ્માસનવાળી છે, તેના જમણા ખભા ઉપર મુહપત્તિ અને શરીર ઉપર કપડાની નિશાની છે, ઓઘો (રજોહરણ) અત્યારે નથી, પણ તે ગરદનની પાછળ બનેલો હશે; પાછળથી નીકળી ગયો હશે એમ લાગે છે. દેલવાડામાં ભીમાશાહના મંદિર અન્તર્ગત શ્રીસુવિધિનાથજીના મંદિરમાં શ્રીપુંડરીકસ્વામીની મૂર્ત્તિ છે, તેના જેવી જ આકૃતિવાળી આ મૂર્ત્તિ જણાય છે. તેથી આ મૂર્ત્તિ શ્રીપુંડરીકસ્વામીની અથવા કોઈ પણ ગણધર ભગવાનની હોવી જોઈએ. મૂર્ત્તિ ઉપર લેખ નથી.

પિત્તલના ત્રણ ઘોડા—

પેઢીના મકાનની અંદરના ભાગમાં ડાબી બાજુના એક ખૂણામાં ચોતરાની ઉપર લાકડાની એક છત્રી બનેલી છે,

---

૩૬. અહીં ધાતુની આ નાની મૂર્ત્તિઓનો પરિવાર ઘણો છે, તેથી બીજે કોઈ ઠેકાણે નવાં મંદિરોમાં મૂર્ત્તિઓની જરૂર હોય ત્યાં આપવામાં આવે તો સારી રીતે પૂજાય. માટે તેમ કરવા કારખાનાના વહીવટદારોએ ધ્યાન આપવાની જરૂર છે.

તેમાં સિંહાસનમાં શ્રીઆદીશ્વર ભગવાનની ચાંદીની પાદુકા જોડી ૧ (પગલાં) રાખેલ છે, તેની પાસે પિત્તળના ત્રણ સુંદર ઘોડા છે, તે ત્રણેના ઉપર ઢાલ, તરવાર અને ભાલા આદિ શસ્ત્રોથી સજ્જ થયેલા સવારો બેઠેલા છે. વચ્ચેના ઘોડાના સવારને માથે છત્ર છે. બીજા બંને ઘોડાના સવારોને માથે પણ છત્ર હોવાનાં ચિહ્નો છે, પરંતુ પાછળથી છત્રો નીકળી ગયાં હોય તેમ જણાય છે. સવાર સહિત આ પ્રત્યેક ઘોડાનું વજન રાા મણ છે, અને એક એક ઘોડાને બનાવવામાં એકસો મહમુદી[૩૭]નો ખર્ચ થયો છે. આ ઘોડા ડુંગરપુરમાં બન્યા છે.

તેમાં વચ્ચેનો છત્રવાળો ઘોડો કલ્કી (કલંકી) અવતારના પુત્ર ધર્મરાજ દત્ત રાજાનો છે, અને તે મેવાડ દેશમાં કુંભલમેરુ નામના મહાદુર્ગમાં મહારાણા કુંભકર્ણના રાજ્યમાં ચૌમુખજીને પૂજનાર શાહ પન્ના પુત્ર શાહ શાર્દૂલે વિ૦ સં૦ ૧૫૬૬ના માગશર શુદિ ૧૫ ને દિવસે કરાવેલ છે. આ મતલબનો તેના ઉપર લેખ છે.[૩૮] આ લેખ

૩૭. મહમુદી એટલે તે વખતે તે દેશમાં ચાલતો ચાંદીનો સિક્કો.

૩૮. વિ. સં. ૧૫૬૬ના લેખમાં श्रीमेदपाटदेशे कुंभलमेरमहादुर्गे श्रीराणाश्रीकुंभकरणविजयराज्ये એ પ્રમાણે લખ્યું છે, પરંતુ તે અસંબદ્ધ લાગે છે, કારણ કે મેવાડના મહારાણા કુંભકર્ણનો વિ. સં. ૧૫૨૫માં સ્વર્ગવાસ થઈ ગયો હતો. તો પણ મહાપ્રતાપી કુંભારાણાએ મેવાડના રાજ્યને ખૂબ આબાદ કર્યું હોવાથી તેમના પુત્ર–પૌત્રાદિના રાજ્યકાળમાં પણ મહારાણા 'કુંભકર્ણનું વિજયી રાજ્ય' એમ કહેવાની લોકોમાં પ્રથા હોય અને એ જ હેતુથી આ લેખમાં એમ લખાયું હોય તો તે બનવાયોગ્ય છે.

ઉપરથી ઘોડા કુંભલમેરુ મહાદુર્ગના ચૌમુખ શ્રીઆદિનાથજીના મંદિરમાં મૂકવા માટે કરાવ્યો હોય અને પછી ત્યાંથી બીજી મૂર્ત્તિઓની સાથે અહીં લાવવામાં આવ્યો હોય એમ અનુમાન થઈ શકે છે.

તેની બંને બાજુના ઘોડા સિરોહી રાજ્યના તાબાના કોઈ પણ બે ક્ષત્રિય રાજા (ઠાકોરો) ના છે, અને તે પોતાના કરાવેલા દેરાસરમાં મૂકવા માટે વિ૦ સં૦ ૧૫૬૬ માં તેમણે જ કરાવ્યા છે, એવી મતલબના તે બંને ઉપર લેખો છે.[૩૯] લોકો આ ત્રણે ઘોડા કુંભારાણાના છે એમ કહે છે, પણ તે વાત બરાબર નથી. ખરી હકીકત ઉપર લખ્યા પ્રમાણે છે.[૪૦]

આ કાર્યાલયની પેઢીનું મકાન થોડાં વર્ષોમાં નવું બનેલું છે, તેની ઉપરના ભાગનાં મકાનો સાધુ-સાધ્વીઓ તથા યાત્રાળુઓને ઊતરવા માટે ધર્મશાળા તરીકે વપરાય છે. કેટલાક ઓરડામાં કારખાનાનો સામાન રહે છે.

(૪) શ્રીશાંતિનાથ ભગવાનનું મંદિર

મંદિરની રચના —

શ્રીશાંતિનાથ ભગવાનનું મંદિર, અચલગઢની તલેટીમાં

૩૯. આ ત્રણે ઘોડા પરના લેખો માટે "અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ" ના નં. ૪૯૩–૯૪–૯૫ વાળા લેખો જુઓ.

૪૦. આ ત્રણે ઘોડા, કારખાનાથી મોટી જૈન ધર્મશાળા તરફ જતાં રસ્તા ઉપર જ ડાબા હાથ પર, પ્રાયઃ કરીને ખાસ તેને જ માટે બનેલી એક દેરીમાં રાખવામાં આવતા હતા. પણ ત્યાં બરાબર સંભાળ રહેતી નહીં હોવાથી કેટલાંક વર્ષોથી આ ઘોડા કારખાનામાં રાખવામાં આવ્યા છે. ઉપર્યુક્ત દેરી અત્યારે ખાલી પડી છે.

સડકથી ૭૦ કદમ દૂર પશ્ચિમ તરફ એક જરા ઊંચી ટેકરી ઉપર પૂર્વ સન્મુખ એકાંતમાં વિશાળ કમ્પાઉન્ડમાં આવેલું છે.

મૂળ ગભારો, ગૂઢમંડપ, નવચોકીઓ, શિખર, ભમતીનો કોટ, શૃંગારચોકી અને વચ્ચે મોટા ચોકવાળું આ મંદિર બનાવવામાં આવેલું છે. મૂળ ગભારો અને ગૂઢમંડપ મોટા છે. નવચોકીઓમાંથી ગૂઢમંડપમાં જવાનો દરવાજો છે, તે જીર્ણોદ્ધાર વખતે નવો બનાવ્યો હશે એમ લાગે છે. કેમ કે ગૂઢમંડપની દીવાલો અને આ દરવાજાના કોતરકામમાં ફરક લાગે છે. નવચોકીઓના ભાગને દીવાલો ચણી લઈને એક સભામંડપ અથવા હૉલના રૂપે પાછળથી બનાવી દીધેલ છે. નવચોકીઓથી પાંચ પગથિયાં નીચે ઊતરતાં મોટો સભામંડપ બનાવવા માટે જગ્યા ખાલી રાખેલ ચોક આવે છે. કોઈ કારણથી સભામંડપ બંધાવવો બાકી રહી ગયો લાગે છે. ત્યાંથી ૧૩ પગથિયાં નીચે ઊતરતાં ઘુંમટ યુક્ત મોટી શૃંગારચોકી અને દરવાજો આવે છે. આ દરવાજાથી અઢાર પગથિયાં ઊતરતાં નીચેના કંપાઉંડની જમીન આવે છે. મંદિરનો કોટ બહુ જ મજબૂત બનેલ છે. ત્યારપછી એક નીચી દીવાલનો કોટ, વંડી અને તેમાં લોખંડનું ફાટક બનેલું છે. આ મંદિરના કંપાઉંડની અંદરની બધી ખાલી જમીન પણ મંદિરના તાબાની જ છે. તેમાં આંબા વગેરેનાં વૃક્ષો પણ છે. આ સ્થાન રમણીય અને એકાંત શાંતિવાળું છે.

આ મંદિર બંધાવનાર—

આ મંદિર બંધાવનાર સંબંધીનો આ મંદિરમાં એક પણ શિલાલેખ મળતો નથી, પરંતુ આને લોકો મહારાજા

કુમારપાળનું મંદિર કહે છે. વિ. સં. ૧૩૬૦ લગભગમાં રચેલ ‘વિવિધતીર્થકલ્પ’ અન્તર્ગત શ્રી ‘અર્બુદ કલ્પ’ માં શ્રી જિનપ્રભસૂરિજી, અને વિ. સં. ૧૫૦૦ લગભગમાં રચેલ ‘અર્બુદગિરિકલ્પ’ ના ૨૧મા શ્લોકમાં શ્રીમાન્ સોમસુંદરસૂરિજી લખે છે કે :—“આબુના ઊંચા શિખર ઉપર ગુજરાતના મહારાજા સોલંકી કુમારપાલે બંધાવેલું શ્રીમહાવીરસ્વામીનું મનોહર મંદિર શોભે છે.” આબુના ઊંચા શિખરથી ‘અચલગઢ’ ગામ લેવું જોઇએ; કેમકે આબુ કેમ્પ અને દેલવાડાથી અચલગઢ ગામ ઊંચું છે. તેમ જ તે વખતે ઉક્ત મંદિરમાં મૂળનાયકજીના સ્થાને શ્રીમહાવીરસ્વામી ભગવાનની મૂર્ત્તિ બિરાજમા નહતી. આ ઉપરથી, નીચે આપેલાં બીજાં પ્રમાણોથી અને મંદિરની બાંધણી[41] ઉપરથી પણ જણાય છે કે :—મહારાજા કુમારપાળે આબુ ઉપર બંધાવેલું મંદિર આ જ છે.

---

૪૧. સાંભળ્યું છે કેઃ—જૈન શિલ્પશાસ્ત્રોમાં રાજા, મંત્રી અને શેઠ (શ્રાવક) બંધાવેલાં જૈન મંદિરોમાં સિંહમાળ, ગજમાળ અને અશ્વમાળ વગેરે જુદી જુદી નિશાનીઓ હોવાનું લખ્યું છે. બહુ મોટાં મંદિરોમાં વધારે થર આવે છે. નાનાં મંદિરોમાં થોડા થર આવે. વધારે થર હોય તેમાં સિંહમાળ થર, ગજમાળ થર, અશ્વમાળ થર અને નરમાળ થર વગેરે હોય છે. નાનાં મંદિરોમાં તેમાંનો એકાદ થર અથવા ગ્રાસ (ચતુષ્પાદ એક પ્રાણીનો) થર હોય છે. જ્યારે આ મંદિરના મૂળ ગભારો, ગૂઢમંડપ અને નવચોકીઓની પણ ખુરશીમાં ગ્રાસથર, ગજથર, સિંહથર અને તેના ઉપર નરથર આપેલ છે, એટલે મહારાજા કુમારપાલે બંધાવેલું તે આ જ મંદિર છે, એમ ખાતરી પૂર્વક કહી શકાય.

નીચે આપેલાં ગ્રંથો અને તીર્થમાલા-સ્તવનો વગેરેનાં પ્રમાણો ઉપરની વાતને પુષ્ટિ આપી રહ્યાં છે :

(૧) શ્રીમાન્ શાંતિસૂરિજીએ વિ. સં. ૧૫૧૫ પહેલાં રચેલ 'શ્રીઅર્બુદાચલ ચૈત્ય પરવાડી વિનતિ' માં લખ્યું છે કે–અચલગઢમાં **અચલેશ્વર મહાદેવની સામે મહારાજા કુમારપાલે બંધાવેલ જિનચૈત્ય શોભે છે.**

(૨) શ્રીદેવવિમલ ગણિએ વિ. સં. ૧૬૪૬માં પૂર્ણ કરેલ 'શ્રીહીરસૌભાગ્ય મહાકાવ્ય' સર્ગ ૧૨, શ્લોક ૧૨૭ માં લખ્યું છે કે–"આ મુનીંદ્ર (શ્રીમાન્ હીરવિજયસૂરિજી મહારાજ) **ચૌલુક્ય મહારાજા કુમારપાલે બંધાવેલા** મનોહર ચૈત્યને (દેલવાડાથી અચલગઢ જતાં) **માર્ગમાં** નમીને પછી અચલગઢ ઉપરના ચતુર્મુખ મંદિરમાં શ્રી આદીશ્વર ભગવાનને નમ્યા." આમાં 'માર્ગમાં' લખેલું હોવાથી અચલગઢની તલેટીમાં આવેલ આ મંદિરને માટે જ એ ઉલ્લેખ હોવાનું જણાય છે. જો ઓરીયાના મંદિર માટેનો આ ઉલ્લેખ હોત તો તેમાં ઓરીયા ગામનું નામ અવશ્ય લખત. વળી ઓરીયા ગામનું મંદિર માર્ગમાં નથી આવતું; માર્ગથી અરધો માઈલ દૂર રહે છે.

(૩) 'વિજયપ્રશસ્તિ મહાકાવ્ય' સર્ગ ૧૨, શ્લોક ૩૫ની ટીકા (ટીકા પૂર્ણ કર્યા સં. ૧૬૮૮)માં લખ્યું છે કે– **"કુમારવિહાર–મહારાજા કુમારપાલે બંધાવેલ મંદિર અચલગઢની તલેટીમાં—અચલગઢની નીચે છે."**

(૪) શ્રીમાન્ વિનયવિજય ઉપાધ્યાયે વિ. સં. ૧૭૧૦ની આસપાસ રચેલ 'ઇન્દુદૂત'માં લખ્યું છે કે–**"કુમારપાલ મહારાજાનું બંધાવેલું મંદિર, અચલગઢની નીચે છે."**

(५) अंचलगच्छीय श्री**विनय**शील वाचके वि. सं. १७४२ मां रचेल 'श्री**अर्बुदाचल उत्पत्ति चैत्य परिपाटी स्तवन**' ढाळ ५, कडी ७मां लख्युं छे के–"कुमारपाल महाराजाए बंधावेल मंदिर **अचलेश्वर महादेवनी पासे छे,** अने तेमां पित्तलनी एक जिनप्रतिमा छे." (आ पित्तलनी प्रतिमा श्री**म**हावीर भगवाननी होवी जोईए.)

(६) श्रीमान् **ज्ञान**विमलसूरिजीए सं. १७५५मां रचेल 'प्राचीन तीर्थमाला'नी ६३मी कडीमां लख्युं छे के–"**अचल-गढ गामनी बहार महाराजा** कुमारपाले बंधावेलुं श्री**वीर**जिननुं मंदिर मूर्त्तिओथी भर्युं छे."

(७) श्री**ज्ञान**सागरजीए वि. सं. **१८२१**मां रचेल '**तीर्थ-माला स्तवन**'नी ढाळ ७, कडी १४मां लख्युं छे के–"महा-राजा कुमारपाले बंधावेलुं श्री**शां**तिनाथ भगवाननुं मंदिर **अचलगढना पादरमां छे.**"

(८) वि. सं. १८७५मां लखायेला 'आबुकल्प'ना हस्त-लिखित छूटा पत्रमां पण लख्युं छे के–"कुमारपाल महा-राजानुं बंधावेलुं मंदिर, **अचलेश्वर महादेवना मंदिर-नी पासे छे,** अने तेमां मूलनायक श्री**शां**तिनाथजीनी प्रतिमा छे."

आ बधां प्रमाणो उपरथी जणाय छे के–महाराजा कुमारपाले **आबु** उपर मंदिर बंधाव्युं छे, ते आ ज मंदिर छे. आना सिवाय करावनाराना लेखो विनानुं एवुं बीजुं एक पण विशाळ जिनमंदिर **आबु** उपर नथी के जे महाराजा कुमारपाले बंधाव्युं होय, एवुं अनुमान करी शकाय.

આ મંદિરના મૂલનાયકજી—

ઘણું કરીને આ મંદિરની પ્રથમ પ્રતિષ્ઠા વખતે **શ્રી. શાંતિનાથ** ભગવાનની ધાતુની મનોહર મૂર્ત્તિ મૂલનાયકજીના સ્થાને પ્રતિષ્ઠિત કરવામાં આવી હશે. વાચક **પ્રેમચંદે** સં. ૧૭૭૯માં રચેલ 'આબુ-સ્તવનની'ની ૨૫મી કડીમાં લખ્યું છે કે–"કુમારવિહાર (મહારાજા કુમારપાલે બંધાવેલ મંદિર)માંની **શ્રીશાંતિનાથ** ભગવાનની ધાતુની મૂર્ત્તિ ગળાવવાથી **પરમાર પાલણસી (પ્રહ્લાદનદેવ–ધારાવર્ષાદેવનો** નાનો ભાઈ; તેરમી શતાબ્દિ)ને શરીરે કોઢ નીકળ્યો હતો. તેમજ ઉપર્યુક્ત વાચક **વિનયશીલે** 'અ૦ઉ૦ ચૈત્ય પરિપાટી સ્તવન' (રચ્યા સં. ૧૭૪૨) ઢાળ ૫, કડી ૮–૧૧માં **અચલેશ્વર** મહાદેવની પાસેના કુમારવિહાર નામક મંદિરનું વર્ણન કરતાં લખ્યું છે કે–"**પાલ્હણે** (પ્રહ્લાદને) પિત્તલની ત્રણ જિનપ્રતિમા ગળાવીને તેનો મહાદેવની સામે પોઠીઓ[૪૨] કરાવ્યો. તેના પ્રાયશ્ચિત્તરૂપે તેણે **પાલ્હણપુરમાં પાલ્હણવિહાર** નામનું અતિ વિશાળ અને મનોહર જિનાલય બંધાવ્યું.

આવા પ્રકારનો ઉલ્લેખ બીજા પણ કેટલાક ગ્રંથોમાં

૪૨. **અચલેશ્વર** મહાદેવની સામે હાલ જે પિત્તલનો પોઠીઓ છે, એ તો વિ. સં. ૧૪૬૪માં બનેલો છે, તેના પર ઉક્ત સંવતનો લેખ છે. તો આ ઉપર લખેલો ઉલ્લેખ તેની પહેલાંના બીજા કોઈ પોઠીઆ માટે હોય, તેનો પછીથી નાશ થયો હોય, તેથી તે જગ્યાએ સં. ૧૪૬૪માં આ નવો પોઠીઓ કરાવ્યો હોય. અથવા તો **અચલેશ્વર** સિવાયના બીજા કોઈ પણ શિવાલયમાં પોઠીઓ કરાવ્યા સંબંધીનો આ ઉલ્લેખ હોય.

જોવામાં આવે છે કે-ઉપર્યુક્ત પાલ્હણુસીએ (પ્રહ્લાદને) ધાતુની જિનપ્રતિમાઓ ગળાવી નાંખી હતી. તેથી તેના શરીરે કોઢ નીકળ્યો હતો. કેટલાક સમય બાદ તેણે કોઈ જ્ઞાની જૈનાચાર્યને આ માટે ખુલાસો પૂછતાં, તેમણે ઉપરનું કારણ બતાવ્યું અને તેના પ્રાયશ્ચિત્તરૂપે એક મનોહર જિન-મંદિર બંધાવવાનું સૂચવ્યું. તેથી પ્રહ્લાદને પોતે વસાવેલા પાલ્હણુપુર શહેરમાં પોતાના નામથી 'પાલ્હણુવિહાર' નામનું તીર્થસ્વરૂપ વિશાળ અને રમણીય જિનમંદિર બંધાવ્યું અને તેમાં મૂલનાયકના સ્થાને શ્રીપાર્શ્વનાથ ભગવાનની મૂર્ત્તિ બિરાજમાન કરી. તે મૂર્ત્તિનું પ્રક્ષાલન (સ્નાન) જળ કેટલાક દિવસ સુધી પોતાના શરીરે લગાવવાથી તેનો કોઢ નષ્ટ થઈ ગયો અને તેની કાયા કંચનવર્ણી થઈ.

પ્રહ્લાદન (પાલ્હણુસી)ના મોટા ભાઈ પરમાર ધારા-વર્ષાદેવે વિ. સં. ૧૨૨૦થી ૧૨૭૬ લગભગ સુધી ચંદ્રા-વતીનું રાજ્ય ભોગવ્યું હતું. તે વખતે આબુ પર્વત તેના આધિપત્યમાં હતો, અને તે ગુજરાતના મહારાજાઓનો શૂરવીર સામંત રાજા હતો. મહારાજા કુમારપાલના સ્વર્ગવાસ (વિ. સં. ૧૨૩૦) પછી તેનો ભત્રીજો અજયપાલ તેની ગાદીએ બેઠો. તે જૈનધર્મનો કટ્ટર વિરોધી અને શિવભક્ત હતો. તેણે મહારાજા કુમારપાલે બંધાવેલાં ઘણાં જૈન મંદિરો અને જ્ઞાનભંડારોનો નાશ કર્યો હતો. તેની પ્રસન્નતા મેળવવાને માટે પ્રહ્લાદને કદાચ મહારાજા કુમારપાલના બંધાવેલા આ મંદિરમાંની શ્રીશાંતિનાથ ભગવાનની ધાતુની મનોહર મૂર્ત્તિ અને બીજી બે મૂર્ત્તિઓ ગળાવી નાંખી હોય, અને પિત્તળનો પોઠીઓ કરાવ્યો હોય તો તે બનવા-

યોગ્ય છે. મહારાજા અજયપાલના સ્વર્ગવાસ (વિ. સં. ૧૨૩૩) પછી મહારાજાને સંતુષ્ટ કરીને શ્રીનેમિનાથ પ્રભુજીની મૂર્ત્તિ અને ત્યારપછી કોઈ જૈન ગૃહસ્થે અથવા જૈન સંઘે શ્રીમહાવીર ભગવાનની ધાતુની મનોહર મૂર્ત્તિ બનાવરાવીને આ મંદિરમાં મૂલનાયકજીના સ્થાને પધરાવી હશે એમ લાગે છે. શ્રીવીરપ્રભુની આ પ્રતિમા, આ મંદિરમાં મૂલનાયકજી તરીકે ઘણાં વર્ષો સુધી પૂજાતી રહી હોય એમ જણાય છે, અને તેથી જ આ મંદિર શ્રીમહાવીરસ્વામીના મંદિર તરીકે તે કાળમાં બહુ પ્રસિદ્ધિમાં આવ્યું હતું. લગભગ પાંચ સૈકા બાદ (અઢારમી શતાબ્દિમાં) કોઈ કારણથી જૈન સંઘે ખંભાતનગરથી[૪૩] આરસની શ્રી. શાંતિનાથ ભગવાનની મનોહર મૂર્ત્તિ લાવીને આ મંદિરમાં મૂલનાયકજીના સ્થાને પધરાવી છે. (જે અત્યારે પણ એ જ સ્થાને બિરાજમાન છે.) મૂળનાયકજીની ફેરબદલી થયા પછી પણ લગભગ એકાદ સૈકા સુધી[૪૪] ઉક્ત શ્રી. વીર પ્રભુની ધાતુની મૂર્ત્તિ આ મંદિરમાં નૂતન મૂલનાયક

૪૩. વાચક વિનયશીલે વિ. સં. ૧૭૪૨માં રચેલ 'શ્રી. અ. ઉ. ચૈત્ય પરિપાટી' ઢાલ ૫, કડી ૧૨–૧૩ માં લખ્યું છે કે– "કુમારવિહારના મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાનની મૂર્તિ ખંભાત નગરથી લાવીને અહીં પધરાવવામાં આવી છે."

૪૪. ઉપર્યુક્ત વાચક વિનયશીલની 'ચૈત્ય પરિપાટી' ઢાળ ૫, કડી ૭માં અને શ્રીઉત્તમવિજયજીએ વિ. સં. ૧૮૬૯માં રચેલ 'આબુ તીર્થમાલ' ઢાળ ૧૨, કડી ૯–૧૦ માં લખ્યું છે કે– "કુમારવિહારમાં મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાનની બાજુમાં શ્રી. વીરપ્રભુની ધાતુની મૂર્તિ બિરાજમાન છે.

શ્રીશાંતિનાથ ભગવાનની બાજુમાં બિરાજિત રહી. હાલ આ મૂર્ત્તિ અહીં નથી.

આ મંદિરના મૂલનાયકજી માટે જુદા જુદા સમયમાં રચાયેલા ભિન્ન ભિન્ન ગ્રંથોમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે:

ગ્રંથ રચ્યા સંવત્	ગ્રંથનું નામ	ગ્રંથકારનું નામ	મૂલનાયકજી
૧૩૦૨	આ મંદિરમાંના કાઉસ્સગીયા	પરનાસં. ૧૩૦૨ નાશિલાલેખમાં	શ્રીનેમિનાથજી
લગ૦ ૧૩૬૦	વિવિધતીર્થકલ્પમાં અર્બુદાદ્રિકલ્પ શ્લોક ૫૦	શ્રીજિનપ્રભ-સૂરિજી મ૦	શ્રીમહાવીર-સ્વામી
લગ૦ ૧૫૦૦	શ્રીઅર્બુદગિરિકલ્પ શ્લો. ૨૩	શ્રીસોમસુંદર-સૂરિજી મ૦	,,
૧૬૭૮	શ્રીઆબુચૈત્યપરિપાટી, કડી ૫	વાચક સમય-સુંદરજી	શ્રીશાંતિનાથજી
લગ૦ ૧૭૨૨	શ્રીઆબુચૈત્યપરિપાટી. કડી ૨૭-૨૮	શ્રીજ્ઞાનસાગરજી	શ્રીશાંતિનાથજી
૧૭૨૮	અર્બુદગિરિ તીર્થસ્તવન, કડી ૨૯	શ્રીનયવિમલજી	શ્રીમહાવીર-સ્વામી
૧૭૪૨	શ્રીઅ. ઉ. ચૈત્યપરિપાટી સ્તવન, ઢાળ ૫, કડી૧૨-૧૩	શ્રીવિનયશીલ-વાચક	શ્રીશાંતિનાથજી
૧૭૫૫	પ્રાચીન તીર્થમાલા, કડી ૬૩	શ્રીજ્ઞાનવિમલ-સૂરિજી	શ્રીમહાવીરપ્રભુ
૧૭૭૯	આબુસ્તવન, કડી ૨૨	વાચક પ્રેમચંદ	,,
૧૮૨૧	તીર્થમાલા સ્તવન, ઢાળ ૭, કડી ૧૪	શ્રીજ્ઞાનસાગરજી	શ્રીશાંતિનાથજી
૧૮૬૯	આબુ તીર્થમાલ, ઢાળ ૧૨, કડી ૯	શ્રીઉત્તમ-વિજયજી	,,
૧૮૭૫	આબુકલ્પનું છૂટક પાનું		,,

આમાં અઢારમી શતાબ્દિના ગ્રંથોમાંથી કોઇમાં મૂળનાયકજી શાંતિનાથજી ભગવાન તો કોઇમાં મહાવીરસ્વામી લખેલ છે. ઉપર લખ્યા પ્રમાણે સં. ૧૭૨૨ પહેલાં આ મંદિરમાં મૂળનાયકજીના સ્થાને શ્રીશાંતિનાથજી ભગવાનને બિરાજમાન કરી દીધેલ હોવા છતાં, આ મંદિર મહાવીરસ્વામીના મંદિર તરીકે ઘણા સમયથી પ્રસિદ્ધ હોવાથી, તેમજ મૂળનાયકજીની ફેરબદલી થયા પછી પણ શ્રીમહાવીરસ્વામીની મૂર્તિ મૂળનાયકજીની બાજુમાં કેટલાક સમય સુધી બિરાજિત રહેવાથી, આમ બન્યું હોય એમ જણાય છે.

આ બધા ઉપરથી જણાય છે કે—આ મંદિરમાં મૂળનાયકજીના સ્થાને સૌથી પ્રથમ સ્થાપન કરેલ શ્રીશાંતિનાથ પ્રભુની ધાતુની મૂર્તિ તો બહુ થોડાં જ વર્ષો સુધી ત્યાં બિરાજિત રહી. ત્યારપછી શ્રીનેમિનાથજીની મૂર્તિ પણ ત્યાં થોડાં વર્ષો સુધી મૂળનાયકજીના સ્થાને બિરાજિત રહી હોય એમ લાગે છે. ત્યારપછી શ્રીમહાવીરસ્વામી ભગવાનની ધાતુની મૂર્તિ ઘણાં વર્ષો (લગભગ પાંચ સૈકા) સુધી મૂળનાયક તરીકે બિરાજમાન રહેલ. અને ત્યારપછી ખંભાત નગરથી આવેલ શ્રીશાંતિનાથ ભગવાનની આરસની મનોહર મૂર્તિ મૂળનાયકજીના સ્થાને સ્થાપન થયેલ છે, કે જે હાલ પણ ત્યાં જ બિરાજમાન છે.

શ્રીશીલવિજયજીએ વિ. સં. ૧૭૪૬માં પૂર્ણ કરેલ 'પ્રાચીન તીર્થમાલા'ની ૪૩થી ૪૬ સુધીની કડીઓમાં અચલગઢનાં જૈન મંદિરોનું વર્ણન કરતાં કહ્યું છે કે—"મહારાજા કુમારપાલે બંધાવેલા ભાણવસહી નામક

મંદિરમાં મૂળનાયક શ્રીનેમિનાથ પ્રભુ છે." પરંતુ આ તેમણે શા ઉપરથી લખ્યું તે સમજવામાં આવ્યું નથી. મહારાજા કુમારપાલે આબુ ઉપર બંધાવેલા મંદિરનું નામ 'ભાણુ-વસહી' હોવાનું કોઇ પણ શિલાલેખો કે ગ્રંથોમાં લખ્યું હોય તેવું મારા જોવામાં આવ્યું નથી. તેમજ મૂળનાયકજી તરીકે શ્રીનેમિનાથ પ્રભુજીની મૂર્ત્તિ સં. ૧૩૦૨ના લેખના આધારે તે વખતમાં એકાદ સૈકો જ રહી હોય એમ લાગે છે. સં. ૧૩૬૦ની પહેલાં તો મૂળનાયકજીના સ્થાને શ્રીમહાવીર-સ્વામીની ધાતુની મૂર્ત્તિ બિરાજિત થઇ ચૂકી હતી.

મૂર્ત્તિઓનું વર્ણન —

શ્રીશાંતિનાથ ભગવાનની સુંદર પરિકરવાળી બહુ જ ભવ્ય, મોટી અને મનોહર મૂર્ત્તિ આ મંદિરના મૂળ ગભારા-માં મૂળનાયકજી તરીકે બિરાજમાન છે. તેમની બાજુમાં પરિકર વિનાની આરસની બીજી ૧ મૂર્ત્તિ છે. રંગમંડપમાં કાઉસગ્ગ ધ્યાને ઊભી, મોટી અને બહુ જ મનોહર મૂર્ત્તિઓ (કાંઉસગ્ગીયા) ૨ છે. તે પ્રત્યેકમાં મૂળનાયકજી તરીકે વચ્ચે કાઉસગ્ગીયા છે, અને તેની આજુબાજુમાં ભગવાનની ત્રેવીશ ત્રેવીશ નાની નાની મૂર્ત્તિઓ કોતરેલી છે, એટલે બંનેમાં એકેક ચોવીશી છે. આ બન્ને કાઉસગ્ગીયા, બ્રહ્માણગચ્છ અને પલ્લીવાલ જ્ઞાતિના ભંડારી ધનદેવના પુત્ર ભં. વાગડે અથવા તેની સંતતિએ વિ. સં. ૧૩૦૨ના જેઠ શુદિ ૯ ને શુક્રવારે ભરાવ્યા છે. તેમાંના જમણી બાજુના કાઉસગ્ગીયા નીચે ઉક્ત સંવતનો લેખ છે, પણ લેખનો ઘણો ભાગ ચણતરમાં દબાયેલો છે.

એ પ્રમાણે આ મંદિરમાં ભગવાનની મૂર્ત્તિઓ ૨ અને કાઉસગ્ગીયા ૨ મળીને કુલ મૂર્ત્તિઓ ૪ છે.

કોરણી —

મૂળનાયકજીની પાસે ગર્ભાગારમાં સુંદર નકશીવાળા આરસના બે સ્તંભોની ઉપર નકશીદાર આરસની મેરાબવાળું એક તોરણ છે. તે બંને સ્તંભોમાં થઈને ભગવાનની ૧૦ મૂર્ત્તિઓ કોતરેલી છે.

મૂળ ગભારામાં મૂળનાયકજીની બંને બાજુમાં ઉત્તર-દક્ષિણમાં પબાસણ (પદ્માસન) બનેલ છે, તેમાં ડાબા હાથ તરફનું પબાસણ કોરણીવાળું અને જમણા હાથ તરફનું સાદું છે, અને આખા ગૂઢમંડપમાં ભગવાનને બિરાજમાન કરવાની જગા બનેલ છે. પણ હાલમાં તે બધું ખાલી છે.

ગર્ભાગાર (મૂળગભારા)ના દરવાજાની બારશાખની બંને તરફની કોરણીમાં શ્રાવકો હાથમાં કળશ, ફૂલમાળા વગેરે પૂજાની સામગ્રી લઈને ઊભેલા કોતર્યા છે.

ગૂઢમંડપમાં જવાના મુખ્ય દરવાજાની ઉપર મંગલમૂર્ત્તિના માથે ભગવાનની બીજી ત્રણ મૂર્ત્તિઓ કોતરેલી છે, અને દરવાજાની બંને બાજુની ગૂઢમંડપની દીવાલોની કોરણીમાં બન્ને તરફ થઈને ચાર કાઉસગ્ગીયા તથા બીજી દેવદેવીઓની સુંદર મૂર્ત્તિઓ કોતરેલી છે.

મંદિરની બહારની બાજુની (ભમતી તરફની) દીવાલમાં ખુરશી નીચે ચારે બાજુમાં ગજમાળ અને સિંહમાળની લાઈનોની ઉપરની નરથરની લાઇનમાં જાતજાતની સુંદર કોરણી છે. તેમાં ઠેકાણે ઠેકાણે ભગવાનની મૂર્ત્તિઓ, કાઉસગ્ગીયા, આચાર્યો અને સાધુઓની મૂર્ત્તિઓ, પાંચ પાંડવ, મલ્લકુસ્તી,

લડાઈ, સવારી, નાટક અને બીજા પણ ધાર્મિક તથા વ્યાવહારિક ભાવો કોતરેલા છે.

મૂળ ગભારાની તથા ગૂઢમંડપની બહારની બાજુની ખુરશીથી ઉપરના ભાગની ત્રણે તરફની દીવાલોમાં બહુ સુંદર કોરણી કરેલી છે. તેમાં કાઉસગ્ગીયા અને દેવ-દેવીઓની મોટી મોટી મૂર્ત્તિઓ વગેરે કોતરેલું છે. કોરણી ઘણી જ મનોહર છે.

નવચોકીઓના ખુરશી-ચોતરા સુધીના ભાગની દીવાલોમાં ખૂબ સુંદર કોરણી કરેલ છે. એટલે તે ભાગ જૂનો છે, અને નવચોકીઓની ત્રણે તરફની દીવાલો બહારથી તથા અંદરથી તેમજ તેનો દરવાજો સાવ સાદાં અને અર્વાચીન છે.

શિખર નીચા ઘાટનું પણ સુંદર કોરણીવાળું છે.

આ મંદિરના ગૂંઢમંડપમાંના જમણી બાજુના કાઉસગ્ગીયા નીચેના વિ. સં. ૧૩૦૨ના લેખમાં લખ્યું છે કે-"આ કાઉસગ્ગીયા અર્બુદાચલ (આબુ) તીર્થમાં શ્રીઅરિષ્ટનેમિ (નેમિનાથ) ભગવાનના મંદિરમાં પધરાવવા માટે કરાવ્યા છે." આ ઉપરથી જણાય છે કે—દેલવાડાના લૂણવસહી (નેમિનાથજીના) મંદિરમાં પધરાવવા માટે અથવા તો અચલગઢમાં તે વખતે વિદ્યમાન બીજા કોઈ શ્રીનેમિનાથ ભગવાનના મંદિરમાં પધરાવવા માટે કરાવવામાં આવ્યા હોય અને પછી કોઈ કારણથી ત્યાંથી લાવીને અહીં પધરાવ્યા હોય, અથવા તો આ મંદિરમાં જ તે સમયમાં મૂળનાયક શ્રીનેમિનાથ પ્રભુજી હોય, અને આ મંદિરમાં પધરાવવા માટે જ આ કાઉસગ્ગીયા કરાવ્યા હોય તો આ પણ વિશેષ સંભવિત છે.

શ્રીવિનયશીલ વાચકે વિ. સં. ૧૭૪૨માં રચેલ ' શ્રી અ० ઉ० ચૈત્યપરિપાટી'ની છઠ્ઠી ઢાળના બીજા દૂહામાં કહ્યું છે કે-"આબુ ઉપર શાલિગ્રામમાં ઊજલશાહે બંધાવેલ જિનમંદિર છે."

આબુકેંપથી ઈશાન ખૂણામાં બે માઈલ અને દેલવાડાથી લગભગ પૂર્વ દિશામાં એક માઈલ દૂર 'સાલગામ' નામનું ગામ વિદ્યમાન છે, એ જ આ 'શાલિગ્રામ' હોવું જોઈએ. આ સાલગામમાં અત્યારે જૈન મંદિર વગેરે કાંઈ નથી. આ શેઠ ઊજલશાહે ભરાવેલી શ્રીપાર્શ્વનાથ પ્રભુજીની એક મૂર્ત્તિ ઓરિયાના જિનાલયમાં મૂલનાયકજીની ડાબી બાજુએ બિરાજમાન છે. સાલગામમાં જૈનોની વસ્તી નહિ રહેવાથી આ મૂર્ત્તિ ત્યાંથી લાવીને અહીં પધરાવી હશે, એમ જણાય છે.

અચલેશ્વર મહાદેવના મંદિરના કમ્પાઉન્ડના મુખ્ય દરવાજાની સામે જ મહાદેવનું એક નાનું જીર્ણ મંદિર છે. તેના દરવાજાનો ઉત્તરંગના મધ્ય ભાગમાં મંગલમૂર્ત્તિ તરીકે તીર્થંકર ભગવાનની મૂર્ત્તિ કોતરેલી છે, તેથી આ મંદિર અસલમાં ખાસ કરીને જૈનોનું હોવું જોઈએ, અથવા તો તે દરવાજાના પથ્થરો કોઈ જૈન મંદિરમાંથી લાવીને અહીં લગાવી દીધા હોય. આ દરવાજાનો ઉંબરો પાછળથી નવો કરાવીને લગાવેલો જણાય છે.

અચલગઢ અને ઓરીયાના જૈન મંદિરોની મૂર્ત્તિઓની સંખ્યા

નંબર	મૂર્ત્તિઓ વગેરે	ચૌમુખજી	ઋષભદેવજી	કુંથુનાથજી	શાંતિનાથજી	ઓરીયા મહાવીરસ્વામી	કુલ
૧	ચોમુખજીના મંદિરના નીચેના માળના મૂળનાયકજીની ધાતુની ભવ્ય અને મોટી મૂર્ત્તિઓ	૪	૦	૦	૦	૦	૪
૨	ધાતુના મોટા કાઉસગ્ગીયા ...	૨	૦	૨	૦	૦	૪
૩	ધાતુની એકલ મોટી મૂર્ત્તિઓ ...	૮	૦	૩	૦	૦	૧૧
૪	આરસનાં સુંદર કાઉસગ્ગીયા ...	૨	૦	૦	૨	૦	૪
૫	આરસની પરિકર વિનાની મૂર્ત્તિઓ...	૯	૨૬	૧	૧	૩	૪૦
૬	પરિકરવાળી મૂળનાયકજી શાંતિનાથ ભ૦ ની આરસની મનોહર મૂર્ત્તિ...	૦	૦	૦	૧	૦	૧
૭	પંચતીર્થીના પરિકરવાળી આરસની મૂર્ત્તિ	૦	૧	૦	૦	૦	૧
૮	ધાતુના સમવસરણ યુક્ત ચૌમુખજીની સંયુક્ત મૂર્ત્તિઓ	૦	૦	૪	૦	૦	૪
૯	ધાતુની નાની પંચતીર્થી, ત્રિતીર્થી, એકતીર્થી અને ચોવીશી ...	૩	૦	૧૬૩	૦	૦	૧૬૬

નંબર	મૂર્તિઓ વગેરે	ચૌમુખજી	ઋષભદેવજી	કુંથુનાથજી	શાંતિનાથજી	ઓરિયા મહાવીરસ્વામી	કુલ
૧૦	ચોવીશીના પટ્ટમાંથી છૂટી પડી ગયેલી ભગવાનની નાની મૂર્તિઓ	૦	૦	૦	૦	૩	૩
૧૧	ગણધર ભગવાનની ધાતુની મૂર્ત્તિ...	૦	૦	૧	૦	૦	૧
૧૨	જિન–માતાની ચોવીશીનો ખંડિત પટ્ટ	૦	૦	૦	૦	૧	૧
૧૩	શ્રીજમ્બૂસ્વામી અને સાધુઓની પાદુકા જોડી નવનો પટ્ટ ...	૧	૦	૦	૦	૦	૧
૧૪	પગલાં જોડી	૦	૪	૦	૦	૦	૪
૧૫	સરસ્વતીદેવીની મૂર્ત્તિ	૦	૧	૦	૦	૦	૧
૧૬	અંબિકાદેવીની મૂર્ત્તિ	૦	૧	૦	૦	૦	૧
૧૭	આરસનો સિદ્ધચક્ર યંત્ર	૦	૧	૦	૦	૦	૧
૧૮	યક્ષ–યક્ષિણીની મૂર્ત્તિઓ	૨	૧	૦	૦	૦	૩
૧૯	પેઢીના મકાનમાં સવાર સહિત પિત્તલના ઘોડા ૩	૦	૦	૦	૦	૦	૦
	કુલ સંખ્યા...	૩૧	૩૫	૧૭૪	૪	૭	૨૫૧

જુદા જુદા સંવતોમાં અચલગઢના જૈન મંદિરોમાં બિરાજમાન ફક્ત જિન-મૂર્ત્તિઓની સંખ્યા

નંબર	કયા ગ્રંથના આધારે	કયા સંવતમાં	ચોમુખજીનું મંદિર	ઋષભદેવજીનું મંદિર	કુંથુનાથજીનું મંદિર	કુમારવિહાર	કુલ મૂર્ત્તિ સંખ્યા
૧	પં. મહિમા-રચિત ચૈત્ય-પરિપાટી	૧૭૨૧	...	...	...	...	૩૫૦
૨	શ્રીજ્ઞાનસાગર-રચિત આબુ-ચૈત્ય-પરિપાટી	૧૭૨૨ લગભગ	૪૫	૫	૨૫૩	૬૫	૩૬૮
૩	વાચક પ્રેમચંદ-રચિત આબુ-સ્તવન	૧૭૭૯	૨૮	...	૬૮૭	૬૭	૭૮૨
૪	શ્રીખમીસાગરજીકૃત શ્રીઅર્બુદગિરિસ્તવન	૧૮૬૨	...	...	...	...	૨૨૯
૫	શ્રીઉત્તમવિજયજી-રચિત આબુ-તીર્થમાલ	૧૮૬૯	૧૬	૫	૧૩૫	૫	૧૬૧
૬	મેં જાતે કરેલી ગણતરી પ્રમાણે	૧૯૯૨	૨૮	૩+૨૪	૧૭૩	૪	૨૩૨
૭	આબુતીર્થ-સ્તવન	૧૬૭૮	...	...	...	...	અરબુદાજી ૩૬૦

નં. ૧- પં. મહિમારચિત "ચૈત્ય-પરિપાટી"માં અચલગઢનાં ત્રણ મંદિરોમાં થઇને ૩૫૦ જિનબિંબો હોવાનું

લખ્યું છે. તેમણે વિ૦ સં૦ ૧૭૨૧ માં (જેઠ મહિના પહેલાં) આબુની યાત્રા કરી હતી. તે વખતે ઋષભદેવજીના મંદિરની પ્રતિષ્ઠા થઇ ન હતી, એટલે તે સિવાય બાકીનાં ત્રણ જિનાલયોમાંની મૂર્ત્તિસંખ્યા તેમણે લખી છે.

નં. ૨—શ્રીઋષભદેવજીના મંદિરની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૭૨૧ના જેઠ સુદિ ૩ ને રવિવારે થઈ છે, અને આ "આબુ ચૈત્ય પરિપાટી"માં આ મંદિરની મૂર્ત્તિસંખ્યા આપેલી છે તેથી આ 'આબું-ચૈત્ય-પરિપાટી' ઉપર્યુક્ત સમય પછી રચાઈ હોય તેમ જણાય છે.

નં. ૩—આ 'આબુ-સ્તવન'માં ઋષભદેવજીના મંદિરની મૂર્ત્તિસંખ્યા (તે વખતે આ મંદિર પ્રતિષ્ઠિત થઈ ગયેલ હોવા છતાં) લખી નથી. પરંતુ વધારામાં 'રાય-વિહારી' દેરાસરમાં સાત જિનબિંબ હોવાનું લખ્યું છે. આ 'રાયવિહારી' એ કયું મંદિર ? તે સમજાતું નથી. પણ 'રાયવિહારી'થી ચૌમુખજીના મંદિરના સભામંડપમાંનો શ્રીનેમિનાથજીનો ગભારો કદાચ લીધો હોય; કેમકે ઉક્ત સભામંડપમાંના ફક્ત શ્રીપાર્શ્વનાથ ભગવાનના ગભારાની મૂર્ત્તિસંખ્યા આ સ્તવનમાં જુદી આપેલી છે, પણ શ્રીનેમિનાથ પ્રભુજીના ગભારાની મૂર્ત્તિસંખ્યા જુદી આપી નથી. પણ આ ગભારાને 'રાયવિહારી' શાથી કહ્યો હોય ? તે અને શ્રીઋષભદેવજીના મંદિરની મૂર્ત્તિસંખ્યા કેમ ન આપી ? તે કાંઈ સમજાતું નથી. શ્રીશાંતિનાથ પ્રભુજીના મંદિરની મૂર્ત્તિસંખ્યા તો તેમાં જુદી જણાવી છે જ.

નં. ૫—આ "તીર્થમાળ"માં આપેલી ચૌમુખજીના મંદિરની મૂર્ત્તિસંખ્યા ઠીક હોય તેમ લાગતું નથી.

પ્રકરણ છઠ્ઠું

હિંદુ તીર્થો અને દર્શનીય સ્થાનો

(અચલગઢ અને તેની આસપાસમાં)

(૧) શ્રાવણ-ભાદરવો —

અચલગઢ ઉપરની મોટી જૈન ધર્મશાળાના મુખ્ય દરવાજા પાસેથી કિલ્લા તરફ થોડું ઊંચે ચઢવાથી બે જલાશય (પાણીનાં સ્થાનો) આવે છે. આને લોકો **શ્રાવણ ભાદરવો** કહે છે. તે બન્ને ખોદ્યા વિના પહાડમાં સ્વાભાવિક રીતે કુંડના આકાર-નાં બની ગયાં હોય એમ જણાય છે. ત્રણ બાજુ કુદરતી પથ્થર છે. પૂર્વ તરફનો એક બાજુનો કિનારો બાંધેલો છે. એક બાજુ ચણતરકામ કરવાની કુંડો બની ગયા છે. આ બન્ને કુંડોમાં બારે માસ પાણી રહે છે. અહીં પૂર્વ દિશા (ચૌમુખજીના મંદિર) તરફ પાણીની એક નાની ટાંકી-કુંડી બનાવેલી છે. તેમાં નળ લગાડવાથી ઠેઠ ધર્મશાળા સુધી પાણી પહોંચાડવામાં આવે છે. કિલ્લામાં રહેનારાઓને પાણી પૂરું પાડવા માટે આ કુંડો બનાવવામાં આવ્યા હશે.

(૨) ચામુંડા દેવી —

શ્રાવણ-ભાદરવાના ઉત્તર તરફના કિનારા ઉપરના ભાગમાં, કિનારાથી થોડે દૂર **ચામુંડા** દેવીનું એક નાનું મંદિર આવેલું છે. તેમાં વચ્ચે **ચામુંડા** દેવીની મૂર્ત્તિ છે, અને તેની આજુબાજુ **ભૈરવજી** અને **ખેતલાજી** છે. જૈન દેવીઓમાં **ચામુંડાદેવીનું** નામ આવે છે અને **ભૈરવજી** તથા

ખેતલાજીને જૈન લોકો ક્ષેત્રપાલ તરીકે માને છે. એટલે આ મંદિર કોઇ જૈન ગૃહસ્થે અથવા જૈન સંઘે બંધાવ્યું હોય તેમ જણાય છે. પણ અત્યારે તેની સારસંભાળ ગામ રાખે છે, અને પૂજાપો કારખાનું તથા ગામના લોકો આપે છે.

(૩) અચલગઢ કિલ્લો —

શ્રાવણ–ભાદરવાથી થોડું ઊંચે ચઢતાં પહાડના એક શિખર ઉપર અચલગઢ નામનો તૂટચો ફૂટચો એક કિલ્લો આવે છે. આ કિલ્લો મેવાડના મહારાણા કુંભકરણે (કુંભાએ) વિ૦ સં૦ ૧૫૦૯માં નવો બંધાવ્યો અથવા સમરાવ્યો હતો. મહારાણા કુંભકરણ પોતાના પરિવાર સાથે કોઇ કોઇ વખત આ કિલ્લામાં રહેતા હતા. કહેવાય છે, કે મહારાણા કુંભકરણના સમયમાં આ કિલ્લાના મુખ્ય દરવાજાથી લઇને અચલેશ્વર મહાદેવના મંદિર સુધીમાં સાત પોળો હતી. નીચેથી ગણતાં છઠ્ઠી પોળની અંદર દાખલ થયા પછી જુદી જુદી ટેકરીઓ ઉપર કિલ્લાને લગતાં જુદાં જુદાં ખાતાંનાં મકાનો બનેલાં જણાય છે. એક ટેકરી ઉપર મહારાણા કુંભકરણનો મહેલ, એક જગ્યાએ દારૂગોળાનું. ગોદામ–કોઠાર (જેમાં દરવાજો કે પગથિયાં નથી), એક જગ્યાએ લશ્કરને રહેવાનું સ્થાન વગેરે છે.

શ્રાવણ–ભાદરવાથી જરા ઊંચે જતાં એક કોઠાર આવે છે, તે મીઠાનો કોટ કહેવાય છે. પહેલાં આ કોઠાર દારૂગોળા માટે બનાવ્યો હશે; પછીથી કદાચ તેમાં મીઠું રાખતા હશે, તેથી પાછળથી. તે મીઠાના કોટ તરીકે ઓળખાતો હશે.

છઠ્ઠી પોળની અંદરના ભાગમાં નિશાન તાકવાના ત્રણ

ચાર મોરચાઓ જુદી જુદી દિશામાં બનેલા છે. તેમાંનો એક કુંભારાણાના મહેલની પાસે જ ઊભો કરવામાં આવેલો છે. ત્યાં તે વખતે ઘડિયાળ વાગતી હતી, એમ કહેવાય છે. એક મોરચો પડી ગયો છે..

(૪) હરિચંદ્ર–ગુફા —

તે કિલ્લા પાસેથી એક બાજુ થોડું નીચે ઊતરવાથી પહાડમાં કુદરતી રીતે જ બનેલી એક ગુફા આવે છે. આ ગુફા બે માળની છે. નીચેના માળમાં ત્રણ ખંડ (ઓરડા) બનાવેલા છે. લોકો આ સ્થાનને સત્યવાદી હરિચંદ્રની ગુફા કહે છે, ત્યારે કેટલાક લોકો આને ગોપીચંદજીની ગુફા કહે છે. આ ગુફામાં બે ધૂણીઓ બનેલી છે, તેથી લાગે છે કે અહીં પહેલાં હિંદુ સાધુસન્તો રહેતા હશે.

આ ગુફાની ઉપર એક જૂનું મકાન છે. તેને લોકો કુંભારાણાનો મહેલ કહે છે. આ મહેલમાં પાછળથી દુર્ગાદાસ રાઠોડ અમુક વખત રહ્યા હતા. આ વાત દુર્ગાદાસ રાઠોડની ચોપડીમાં પ્રાય: લખી છે.

(૫) બગીચો —

કપૂરસાગર તળાવની નજીકમાં સડક પાસે એક જૂની વાવ છે. તેમાં બારે માસ પાણી રહે છે. લોકો આ વાવનું પાણી પીએ છે. તે વાવડીની પાસે, કપૂરસાગરને કિનારે, લાંબી અને સાંકડી જમીનમાં કારખાનાનો નાનો બગીચો છે. તેને સામે છેડે એક પાકો કૂવો–અરટ બનેલ છે. બગીચામાં ફળ–ફૂલ અને શાક–ભાજી પણ થાય છે. ફૂલ મંદિરમાં આવે છે, ને ફળો તથા શાક–ભાજી માટે કૉન્ટ્રાક્ટ અપાય છે.

(૬) અચલેશ્વર મહાદેવનું મંદિર—[૪૫]

અચલગઢની નીચે તળેટીમાં **અચલેશ્વર** મહાદેવનું સાવ સાદું પણ પ્રાચીન મંદિર છે. આ મંદિર એક વિશાળ કમ્પાઉન્ડમાં આવેલું છે. આ કમ્પાઉન્ડમાં તથા તેની આસપાસ બીજાં નાનાં નાનાં મંદિરો, વાવ અને મંદાકિની કુંડ વગેરે છે. હિંદુ લોકો **અચલેશ્વર** મહાદેવને **આબુના** અધિષ્ઠાયક દેવ માને છે. પહેલાં **આબુના પરમાર** રાજાઓના અને જ્યારથી **આબુ** ઉપર **ચૌહાણ** રાજાઓનું રાજ્ય થયું ત્યારથી તે **ચૌહાણ** રાજાઓના પણ **અચલેશ્વર** મહાદેવ કુલદેવ મનાય છે.

અચલેશ્વર મહાદેવનું મંદિર મૂળ ગભારો, સભામંડપ, તેની આગળ એક ચોકી અને નીચા ઘાટના શિખરવાળું બનેલું છે. સભામંડપમાં ઉત્તર તરફ એક દરવાજો છે, તેને ધર્મદરવાજો કહે છે. કોઈ મોટું પુણ્ય કામ કરે ત્યારે જ તેને ઉઘાડવામાં આવે છે. મંદિર પશ્ચિમ સન્મુખ બનેલું છે. મૂળ મંદિર હિંદુ ધર્મની માન્યતા પ્રમાણે બહુ પ્રાચીન છે, અને ઘણી વાર તેના જીર્ણોદ્ધારો[૪૬] થયા છે. આમાં શિવલિંગ

૪૫. ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્ય રા. રા. દુર્ગાશંકર કેવલરામ શાસ્ત્રી 'ગુજરાત' માસિકના પુસ્તક બારમાના બીજા અંકમાં પ્રગટ થયેલ "આબુ–અર્બુદગિરિ" નામના પોતાના લેખમાં લખે છે કે "(અચલગઢ નીચે) અચલેશ્વર મહાદેવનું મોટું દેવાલય છે. આ મૂળ જૈન મંદિર હતું, એમ અનુમાન થાય છે."

૪૬. ચંદ્રાવતીના ચૌહાણ મહારાવ લુંભાએ વિ. સં. ૧૩૭૭ માં અથવા તેની આસપાસમાં શ્રીઅચલેશ્વર મહાદેવના મંદિરના મંડપનો જીર્ણોદ્ધાર કરાવ્યો, અને તે મંદિરમાં પોતાની તથા પોતાની

નહિ પણ શિવજીના પગનો અંગૂઠો પૂજાય છે. મૂળ ગભારાની વચ્ચેના ભાગમાં શિવજીના પગનો અંગૂઠો અથવા અંગૂઠાનું ચિહ્ન છે, સામેની દીવાલમાં વચ્ચે પાર્વતીજીની મૂર્ત્તિ અને તેની આજુબાજુમાં એક ઋષિ અને બે રાજા અથવા કોઈ પણ બે ગૃહસ્થ સેવકોની મૂર્ત્તિઓ છે.

આ મંદિરના ગૂઢમંડપ (મૂળ ગભારાની બહારના મંડપ)માં જમણા હાથ તરફ આરસનો અષ્ટોત્તરશત શિવલિંગનો એક પટ્ટ છે. તેમાં ૧૦૮ નાનાં નાનાં શિવલિંગો બનાવેલાં છે. આ સિવાય ગૂંઢમંડળમાં બીજાં દેવ–દેવીઓની મૂર્ત્તિઓ વગેરે છે. મંદિરની અંદર અને બહારની ચોકીમાં શિવભક્ત રાજાઓ તથા ગૃહસ્થોની કેટલીક મૂર્ત્તિઓ છે. તેમાંથી કેટલીક મૂર્ત્તિઓ પર તેરમીથી અઢારમી શતાબ્દિ સુધીના લેખો છે.

મંદિરના કમ્પાઉન્ડમાં એક લક્ષ્મીનારાયણનું મંદિર અને એક ચામુંડા દેવીની દેરી છે, તે સિવાય નાની–મોટી ૧૬ દેરીઓ અને ૭ ચબૂતરા (ચોતરા) બનેલા છે. તેમાં વિશેષે કરીને શિવલિંગો, ગણપતિ, પાર્વતી વગેરેની મૂર્ત્તિઓ છે.

લક્ષ્મીનારાયણના મંદિરમાં દશાવતારની મૂર્ત્તિઓ,

રાણીની મૂર્ત્તિઓ સ્થાપન કરી તેમજ હેઠુંજી ગામ (કે જે આબુ ઉપર આવેલું છે.) અચલેશ્વરના મંદિરને અર્પણ કર્યું. ઉપર્યુક્ત મહારાવ લુંભાના પુત્ર મહારાવ તેજસિંહના પુત્ર મહારાવ કાન્હડ-દેવની પથ્થરમાં બનેલી સુંદર મૂર્ત્તિ અચલેશ્વરજીના સભામંડપમાં છે, તેના ઉપર વિ. સં. ૧૪૦૦નો લેખ છે.

શેષશાયી નારાયણની મૂર્ત્તિ તથા બીજી પણ ઘણી મૂર્ત્તિઓ છે. દશાવતારમાં બુદ્ધાવતાર પણ છે. ચોકમાં એક ચોતરા ઉપર મોટો દરવાજો છે. તેને લોકો રત્નમાળ કહે છે.

અચલેશ્વર મહાદેવના મંદિરની બહારના ભાગની જમણા હાથ તરફની દીવાલમાં, વિ. સં. ૧૨૯૪થી કંઈક પહેલાંનો મહામાત્ય વસ્તુપાલ-તેજપાલનો આરસની મોટી શિલામાં કોતરેલો એક મોટો શિલાલેખ લગાવેલો છે. તે શિલાલેખ ખુલ્લામાં હોવાથી તેના ઉપર હમેશાં તડકો, પવન, વરસાદનું પાણી વગેરે પડવાને લીધે ખરાબ થઈ ગયો છે, ઘણો ભાગ ખવાઈ ગયો છે, છતાં તેમાંથી આબુના પરમાર રાજાઓનું, ગુજરાતના સોલંકી રાજાઓનું અને મંત્રી વસ્તુપાલ-તેજપાલના વંશનું વિસ્તૃત વર્ણન વાંચી શકાય છે. બાકીનો ભાગ ખવાઈ ગયો હોવાથી મહામંત્રી વસ્તુપાલ—તેજપાલે આ મંદિરમાં શું કરાવ્યું ?—તે આ શિલાલેખ પરથી જાણી શકાતું નથી. પણ આ લેખના પ્રારંભમાં અચલેશ્વર મહાદેવને નમસ્કાર કરેલો છે, તેથી આ લેખ આ મંદિરને માટે જ બન્યો છે, એમ ચોકકસ માની શકાય તેવું છે.

ત્યારે મહામંત્રી વસ્તુપાલ—તેજપાલે આ મંદિરમાં શું કરાવ્યું?—તે જાણવા માટે હવે આપણે પ્રાચીન ગ્રંથો પર દૃષ્ટિ નાખવી જોઈએ :—

(૧) શ્રીજિનહર્ષગણિવિરચિત ‘વસ્તુપાલચરિત્ર’ (સર્ગ ૮, શ્લો. ૧૭)માં લખ્યું છે કે–“ચંડપના વંશમાં થયેલા મહામાત્ય વસ્તુપાલ-તેજપાલે આબુ ઉપરના અચલેશ્વર મહાદેવના મંદિરનો સભામંડપ કરાવ્યો.

(૨) સિંઘી ગ્રંથમાલાથી પ્રકાશિત 'પુરાતનપ્રબંધ-સંગ્રહ'માંના 'વસ્તુપાલ–તેજપાલ પ્રબંધ' (પૃ. ૫૩)માં લખ્યું છે કે–"અર્બુદગિરિ પરના અચલેશ્વર મહાદેવના મંદિરના, પહેલાં અગ્નિએ બાળી નાંખેલ નાલિમંડપ (સભામંડપ ?)ને સારા ચારિત્રવાળા આ બંને મંત્રીઓએ નવો કરાવ્યો."

(૩) તેમજ રાજશેખરસૂરિકૃત 'પ્રબંધકોષ'ના પ્રથમ પરિશિષ્ટમાં મંત્રી વસ્તુપાલકૃત સુકૃતસૂચિ પ્રકટ થઈ છે, તેમાં લખ્યું છે કે "ઉકત બન્ને મંત્રીઓએ પોતાના સ્વર્ગ-વાસી વૃદ્ધ લોકોના પુણ્યાર્થે અચલેશ્વર મહાદેવના મંદિર-માં એક લાખ દ્રવ્ય આપ્યું."

આ ઉપરથી, મહામંત્રી વસ્તુપાલ–તેજપાલે અચલે-શ્વર મહાદેવના મૂલ ગભારાની આગળનો સભામંડપ વિ. સં. ૧૨૯૦ની આસપાસમાં નવો કરાવ્યો હોય તેમ જણાય છે.[૪૭]

આ મંદિરની પાસેના મઠમાં એક મોટી શિલા ઉપર મેવાડના મહારાવલ સમરસિંહનો વિ. સં. ૧૩૪૮નો લેખ છે. આ લેખથી જણાય છે કેઃ–સમરસિંહે અહીંના મઠા-ધિપતિ ભાવશંકર (કે જે મોટા તપસ્વી હતા) ની આજ્ઞાથી આ મઠનો જીર્ણોદ્ધાર કરાવ્યો, અચલેશ્વર મહાદેવના મંદિર ઉપર સોનાનો ધ્વજદંડ ચઢાવ્યો, અને અહીં રહેનારા તપસ્વીઓના ભોજનની વ્યવસ્થા કરી. ત્રીજો લેખ ચૌહાણ

૪૭. મહામંત્રી વસ્તુપાલ-તેજપાલ દૃઢ જૈન હોવા છતાં તેમણે ઘણાં શિવાલયો અને મસ્જિદો વગેરે નવાં કરાવ્યાં તથા સમરાવ્યાં હતાં, તેનાં આ સિવાય બીજાં પણ ઘણાં પ્રમાણો મળે છે. તે તેમની તથા જૈનધર્મની ઉદારતાની ખાતરી આપી રહ્યાં છે.

મહારાવ લુંભાનો વિ. સં. ૧૩૭૭નો મંદિરની બહાર એક ગોખલામાં લાગેલો છે. તેમાં ચૌહાણોની વંશાવલી તથા મહારાવ લુંભાજીએ આબુનો પ્રદેશ તથા ચંદ્રાવતીને જીતી લીધાનો ઉલ્લેખ છે.

અચલેશ્વરના મંદિરની પાછળ એક જૂની, ઊંડી, ચાલુ વાવડી છે. તેમાં મહારાવ તેજસિંહનો વિ. સં. ૧૩૮૭ના માહ શુદ ૩ નો લેખ છે. આ વાવડી તેણે બંધાવી હોય એમ લાગે છે. વાવડીનું પાણી મીઠું છે.

મંદિરની સામે જ પિત્તળનો બનેલો એક મોટો નંદિ (પોઠિયો) છે. તેની ગાદી ઉપર વિ. સં. ૧૪૬૪ના ચૈત્ર શુદિ ૮નો લેખ છે. પોઠિયાની પાસે જ પ્રસિદ્ધ ચારણ કવિ દુરાસા આઢાની પિત્તળની, તેણે પોતે જ કરાવેલી મૂર્ત્તિ છે. તેના ઉપર વિ. સં ૧૬૮૬ના વૈશાખ સુદિ ૫નો લેખ છે. પોઠિયાની દેરીની બહાર લોઢાનું બનેલું એક મોટું ત્રિશૂલ છે, તેના ઉપર વિ. સં. ૧૪૬૮ના ફાગણ શુદિ ૧૫નો લેખ છે. આ ત્રિશૂલ રાણા લાખા, ઠાકોર માંડણ તથા કુંવર ભાદાએ ધાણેરાવ ગામમાં બનાવરાવીને અચલેશ્વરજીને અર્પણ કર્યું છે. આટલું મોટું ત્રિશૂલ બીજે ઠેકાણે જોવામાં આવ્યું નથી.

અચલેશ્વર મહાદેવના મંદિરની આસપાસમાં એટલે અચલગઢની તલેટીમાં દર વરસે (ગુજરાતી) ફાગણ વદિ ૦)) ને દિવસે મેળો ભરાય છે. આ મેળામાં તમામ વર્ણના લોકો આવે છે. અને ઉચ્ચ વર્ણનાં લોકો બધાંય મંદિરોનાં દર્શન કરે છે. તે ઉપરાંત દર વરસે હોળીમાં આઠ દિવસ સુધી આબુ ઉપરનાં જુદાં જુદાં સ્થાનોમાં હિંદુઓના મેળા ભરાય છે.

અચલેશ્વરથી દક્ષિણ તરફ તેના મહંતનું એક નાનકડા રાજમહેલ જેવું મકાન આવેલું છે. તેમાં મહંત અને સાધુ-સંતો રહેતા હતા, પરંતુ રાજ્યની સાથે અણબનાવ થવાથી, અથવા ગમે તે કારણે, રાજ્યે તેમને રજા આપી બધાં મકાનો કબજે કરી લીધાં છે. અત્યારે તેમાંના કેટલાક ઓરડાઓ અખંડ છે, કેટલાક ઉપરથી છાપરાં ઉપાડી લીધાં છે, તેથી કેટલોક ભાગ પડવા લાગ્યો છે. મકાનો અત્યારે ઉજ્જડ જેવાં થઈ ગયાં છે. તેમાંના એક ઓરડામાં ત્રિશૂળની સ્થાપના છે. તે **ચામુંડાદેવીના** નામથી પૂજાય છે.

અચલેશ્વર મહાદેવના મંદિરના કંપાઉન્ડના મુખ્ય દરવાજાની સામે–રસ્તાની બીજી તરફ—**મહાદેવનું** એક નાનું જીર્ણ મંદિર છે. આ મંદિરનો દરવાજો કોઈ જૈન મંદિરમાંથી લાવીને અહીં લગાવેલો છે. આ શિવાલયમાં શિવલિંગ, પાર્વતી, ગણપતિ અને પોઠિયો, એ બધું આરસનું છે. મંદિર જીર્ણ થઈ ગયેલું છે. આની સન્મુખ--દરવાજાની સામે—જૂની—જીર્ણ અને સૂકાઈ ગયેલી એક નાની વાવડી છે.

(૭) મંદાકિનીકુંડ—

અચલેશ્વરના મંદિરની બાજુમાં, ઉત્તર તરફ **મંદાકિની** નામનો એક મોટો પ્રાચીન કુંડ છે,[૪૮] જેની લંબાઈ

૪૮. ચિત્તોડના કીર્તિ-સ્તંભની પ્રશસ્તિમાં મહારાણા કુંભાએ આબુ ઉપર કુંભસ્વામીનું મંદિર અને તેની પાસે એક કુંડ બનાવરાવ્યાનું લખ્યું છે. કુંભસ્વામીના મંદિરની પાસે આ મંદાકિની કુંડ જ છે, તેથી સંભવ છે કે–મહારાણા કુંભાએ આ કુંડનો જીર્ણોદ્ધાર કરાવ્યો હોય.

—(सिरोही राज्यका इतिहास, पृ. ७४.)

૯૦૦ ફીટ અને પહોળાઈ ૨૪૦ ફીટ લગભગ છે. આવો વિશાલ કુંડ બીજે ઠેકાણે ભાગ્યે જ કોઈના જોવામાં આવ્યો હશે. આ કુંડને લોકો મંદાકિની અર્થાત્ ગંગા નદી પણ કહે છે. આ કુંડ અત્યારે બહુ જીર્ણ થઈ ગયેલો છે. તેના ઉત્તર તરફના કાંઠા ઉપર આબુના પરમાર રાજા ધારાવર્ષની[૪૯] ધનુષ્ય સહિત મકરાણાની બનેલી સુંદર મૂર્ત્તિ છે, તેની આગળ કાળા પથ્થરના બનેલા, પૂરા કદના ત્રણ મોટા પાડા એક જ પંક્તિમાં જોડાજોડ ઊભેલા છે. તેના શરીરના મધ્ય ભાગમાં આરપાર[૫૦] એક છિદ્ર છે, તેની મતલબ એ છે કે–ધારાવર્ષ રાજા એવો પરાક્રમી હતો, કે એક સાથે ઊભેલા ત્રણ પાડાને તે એક જ બાણથી વીંધી નાખતો હતો. કેટલાક કહે છે કે–આ ત્રણ પાડા છે તે દૈત્યો છે, પણ તે વાત બરાબર નથી.

---

૪૯. આ મૂર્ત્તિ ક્યારે બની તે નક્કી કહી શકાતું નથી. આ મૂર્તિના ધનુષ્ય પર વિ. સં. ૧૫૩૩ના ફાગણ વદિ ૬નો એક લેખ છે. પરંતુ મૂર્તિ તેથી પણ વધારે પ્રાચીન જણાય છે, તેથી સંભવ છે કે મૂર્તિની સાથે જોડેલો છે તે ધનુષ્યનો ભાગ, પહેલાંનો તૂટી જવાના કારણે, પાછળથી કોઈએ નવો કરાવીને લગાવરાવ્યો હોય. આ મૂર્તિ લગભગ ૫ ફીટ ઊંચી છે, અને દેલવાડાના મંદિરમાં જે વસ્તુપાલ વગેરેની મૂર્તિઓ છે, તેની સાથે મળતી છે, તેથી સંભવ છે કે તે એ જ સમયની આસપાસ બનેલી હોય.

–(सिरोही राज्यका इतिहास, पृ. ७४.)

૫૦. જો કે છિદ્રો અત્યારે આરપાર દેખાતાં નથી, પણ તેમાં માટી વગેરે કાંઈ ભરી દીધેલું હોય તેમ જણાય છે. એક પાડાના છિદ્રની એક તરફ લોઢાની ભૂંગળી નાખેલી સ્પષ્ટ દેખાય છે.

આ કુંડના ઉત્તર તરફના કાંઠાના એક ખૂણા ઉપર મહારાણા કુંભકરણે (કુંભાજીએ) બંધાવેલું કુંભસ્વામીનું એક મંદિર છે, જે હાલ જીર્ણ થઈ ગયું છે.

(૮) સારણેશ્વરજી—

આ મંદાકિની કુંડના પશ્ચિમ તરફના કિનારા પાસે સિરોહીના મહારાવ માનસિંહના સ્મરણ માટે બંધાવેલું શ્રીસારણેશ્વરજી મહાદેવનું એક મંદિર છે. (મહારાવ માનસિંહ આબુ ઉપર એક પરમાર રજપૂતના હાથે વિશ્વાસઘાતથી મરાયો હતો, અને તેનો એ મંદિરવાળા સ્થાન ઉપર અગ્નિસંસ્કાર થયો હતો.) આ શિવમંદિર તેની માતા ધારબાઈએ વિ. સં. ૧૬૩૪માં બંધાવ્યું હતું. મંદિરમાં વચ્ચે શિવલિંગ છે, સામી ભીંત વચ્ચે પાર્વતીની મૂર્ત્તિ છે, તેની એક બાજુએ માનસિંહ અને તેની પાંચ રાણીઓની તથા બીજી બાજુએ એક સ્ત્રીપુરુષના યુગલની આરસની મૂર્ત્તિઓ શિવજીની આરાધના કરતી હાથ જોડીને ઊભી છે. આ પાંચે રાણીઓ તેની સાથે સતી થઈ હશે એમ લાગે છે. મંડપમાં આરસનો પોઠિયો છે. નાના કમ્પાઉન્ડમાં નાના શિખરવાળું આ શિવાલય છે.[૫૧]

(૯) ભર્તૃહરિ–ગુફા—

મંદાકિની કુંડના ઉત્તર તરફના કિનારાથી થોડે દૂર એક ગુફા છે, તેને લોકો ભર્તૃહરિની ગુફા કહે છે. આ

૫૧. અચલેશ્વર મહાદેવ અને બીજાં હિંદુ મંદિરોના મળીને લગભગ ૩૦ લેખો ઉપલબ્ધ થાય છે. તેમાં સૌથી જૂનામાં જૂનો વિ. સં. ૧૧૮૬નો લેખ છે. બીજા લેખો ત્યારપછીના છે. (જુઓ પ્રા. જૈ. લે. સં. ભાગ બીજાનું અવલોકન, પૃ. ૧૪૦.)

ગુફાને પાકા મકાનના રૂપમાં બાંધી લેવામાં આવી છે. લગભગ ૨૫ વર્ષ પહેલાં સાધુ અવધૂતાનંદે ગુફા પાસે નાનાં પણ પાકાં મકાનો અને શિવાલય વગેરે બંધાવીને મઠ સ્થાપ્યો હતો. તેમાં સાધુ–સન્તો રહેતા હતા. પણ રાજ્યની સાથે અણબનાવ થવાથી મકાનો અત્યારે ઉજ્જડ જેવાં થઈ ગયાં છે. કેટલાક ઓરડા અને મંદિર અખંડ છે, જ્યારે કેટલોક ભાગ પડવા લાગ્યો છે.

(૧૦) રેવતીકુંડ—

અચલેશ્વર મહાદેવના મંદિરથી લગભગ બે ફર્લાંગ (૦। માઈલ) અને મંદાકિની કુંડના પૂર્વ તરફના કિનારાની પાછળ થોડે દૂર 'રેવતીકુંડ' નામનો એક નાનો કુંડ છે. તેમાં બારે માસ પાણી રહે છે. પાણી ઘણું મીઠું છે. કુંડ પ્રાચીન હોય એમ જણાય છે. તેની બે બાજુએ ઘાટ–પગથિયાં બાંધેલાં છે, અને બે બાજુએ કુદરતી પથ્થર આવવાથી સામાન્ય દીવાલ બાંધી લીધી છે. બાંધકામ ઘણું જીર્ણ થઈ ગયું છે. આસપાસ થોડી ઝાડી વગેરે છે.

(૧૧) ભૃગુઆશ્રમ (અ) —

રેવતીકુંડથી આશરે અરધો માઈલ દૂર પૂર્વ દિશામાં 'ભૃગુઆશ્રમ' છે. ત્યાં જરા નીચાણવાળા ભાગમાં વચ્ચે એક નાનું પણ શિખરબંધી અને ભમતીની દીવાલયુક્ત દેરી જેવું શિવાલય છે. તેમાં મહાદેવનું લિંગ અને સામે ગોખલા-માં પાર્વતીની મૂર્તિ છે. તેની પાસે એક નાની વાવડી અને પાસે જ નાનો કુંડ છે. તેમાં એક ગૌમુખ બનેલું છે.

તે ગૌમુખદ્વારા ઝરણાનું પાણી નિરંતર-બારે માસ-કુંડમાં પડયા કરે છે. પાસે જ નાની તલાવડી જેવો પાણીનો ખાડો છે. જ્યારે જ્યારે ગૌમુખથી કુંડમાં વધારે પાણી આવે છે ત્યારે તે પાણી તલાવડીમાં કાઢી નાખવામાં આવે છે.

શિવાલયની સામે એક ઊંચા ચોતરા ઉપર ચંપાવૃક્ષની નીચે એક સાદી છત્રીમાં બ્રહ્માજીની આરસની સાવ નાની ચૌમુખ મૂર્ત્તિ છે, અને પગલાં જોડી ૧ છે. ચંપાના થડની ઓથમાં એક શિવલિંગ વગેરે છે. વાવડીની કુંડ તરફની દીવાલના ગોખલામાં ગણપતિની એક મૂર્ત્તિ છે.

શ્રીતીર્થવિજયઆશ્રમ (ખ) —

ભૃગુઆશ્રમમાં એક જરા ઊંચી ટેકરીના એક મોટા પથ્થર પર **યોગિરાજ શ્રીશાંતિસૂરિ** માટે, તેમના ઉપદેશથી, શ્રીવિજયકેસરસૂરિજીના સ્મરણાર્થે, પાંચ ગૃહસ્થોની મદદથી, 'શ્રીતીર્થવિજયઆશ્રમ' નામનું પાકું મકાન વિ. સં. ૧૯૮૮માં બંધાવવામાં આવ્યું છે. તેમાં એક ઓરડો, તેની આગળ ઓસરી અને માથે અગાસી બનેલી છે. અહીંથી ચૌમુખજીનું મંદિર, જૈન ધર્મશાળા, શાંતિઆશ્રમ, કારખાનાનાં મકાનો વગેરેનો દેખાવ બહુ સુંદર લાગે છે, અને ચૌમુખજીના મંદિરથી આ તીર્થવિજયઆશ્રમની આસપાસનું કુદરતી દશ્ય ઘણું મનોહર લાગે છે.

આ આશ્રમની જોડે જ ભૃગુઆશ્રમનાં ૪-૫ ઝૂંપડાં છે, તેમાં એક મહંત રહે છે, તથા જતા-આવતા સાધુઓ ઊતરે છે. અહીંના મહંત, યાત્રાળુઓ તથા મુસાફરોને ઊતરવાની અને જમવાની વ્યવસ્થા કરાવી આપે છે. અહીં

રાત્રિનિવાસ પણ કરી શકાય છે. આ સ્થાન જરા નીચાણમાં છે, ને આસપાસ ઝાડી, જંગલ તથા નજીકમાં જલાશય છે તેથી, હિંસક પ્રાણીઓના ભયના લીધે, સંધ્યાસમય પછી મકાનથી બહાર નીકળવું ન જોઈએ, તેમજ મકાન કે ઝૂંપડાનું બારણું પણ ઉઘાડું રાખવું ન જોઈએ. 'રેવતીકુંડ' થી અહીં આવતાં માર્ગમાં અને અહીં પણ ઝાડી વગેરેનું દૃશ્ય રમણીય લાગે છે. સાથે ભોમિયો લઈને જવું. પાછા વળતાં સીધે રસ્તે ભર્તૃહરિની ગુફાની પાછળ થઈને અચલગઢ અવાય છે.

(ઓરિયા અને તેની આસપાસમાં)

(૧૨) કોટેશ્વર (કનખલેશ્વર શિવાલય)—

ઓરિયા ગામની બહાર દક્ષિણ દિશામાં, શ્રીમહાવીર સ્વામી ભગવાનના મંદિરથી લગભગ ૨ ફર્લાંગ દૂર, કોટેશ્વર (કનખલેશ્વર) મહાદેવનું એક નાનું પણ પ્રાચીન મંદિર છે. આ મંદિર જીર્ણ થઈ ગયેલું છે. મૂળ ગભારો અને તેની આગળ બે ચોકીઓ બનેલી સાબૂત છે, બાકીનું કમ્પાઉન્ડ વગેરે નષ્ટ થઈ ગયું છે. આમાં વચ્ચે શિવલિંગ અને પાર્વતીની તથા બહારના ગોખલામાં ગણપતિ વગેરેની મૂર્તિઓ છે. બીજી ચોકીમાં શિવલિંગ અને શિવની મૂર્તિ વગેરે છે.

હિંદુઓનું આ કનખલ નામનું તીર્થ છે. અહીં વિ. સં. ૧૨૬૫ના વૈશાખ શુદિ ૧૫નો એક લેખ છે. તે ઉપરથી જણાય છે કે—આ મંદિરનો વિ. સં. ૧૨૬૫માં દુર્વાસારાશિના (ઋષિના) શિષ્ય કેદારરાશિ (ઋષિ) નામના સાધુએ જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, અને તે વખતે ગુજરાતના મહારાજા-

સોલંકી બીજા ભીમદેવનો સામંત પરમાર ધારાવર્ષ આબુનો રાજા હતો. આ મંદિરની નજીકમાં બીજી ત્રણ જૂની અને જીર્ણ થયેલી દેરીઓ છે. તેમાંની બે નાની દેરીઓમાંના શિવલિંગો એક મોટી દેરીમાં લાવીને મૂકેલાં જણાય છે.

(૧૩) ભીમગુફા —

કનખલેશ્વર શિવાલયથી લગભગ ૨૫ કદમ દૂર એક મોટા વડલાની સઘન છાયામાં એક નાની ગુફા છે, તેનો આગળનો ભાગ ચણેલો છે. તેને લોકો 'ભીમગુફા'ના નામથી ઓળખાવે છે.

(૧૪) સક્કર કુંડ —

ભીમગુફાથી લગભગ પંદર કદમ દૂર, જરા નીચાણમાં એક નાનો કૂવો (કૂઈ) આવે છે. તેનો આગળનો ભાગ કુદરતી પથ્થરનો છે. પાછળનો થોડો ભાગ બાંધેલો છે. માણસ એક-બે પગણિયાં નીચે ઊતરીને હાથથી પણ પાણી લઈ શકે છે. તેમાં બારે માસ પાણી રહે છે. તેનું પાણી સાકરના જેવું મીઠું છે, તેથી લોકો તેને 'સક્કરકુંડ'ના નામથી ઓળખાવે છે.

(૧૫) ગુરુશિખર —

ઓરિયાથી વાયવ્ય ખૂણા તરફ લગભગ ૨ાા માઈલ દૂર 'ગુરુશિખર' નામનું આબુનું સૌથી ઊંચામાં ઊંચું શિખર છે.[૫૨] ઓરિયાથી લગભગ અરધો માઈલ દૂર જતાં

૫૨. ગુરુશિખર, રાજપૂતાના હોટલથી લગભગ ૭ માઈલ અને દેલવાડાથી ૬ માઈલ થાય છે. ગુરુશિખર સમુદ્રની સપાટીથી ૫૬૫૦ ફીટ ઊંચું છે.

જાવાઈ નામનું નાનું ગામ આવે છે, ત્યાં રજપૂતોનાં આશરે ૨૦ ઘર છે. અહીંથી ગુરુશિખર લગભગ બે માઇલ થાય છે. જાવાઈથી ચઢાવ શરૂ થાય છે. રસ્તો ઘણો જ વિકટ અને ઘણા ચઢાવવાળો છે. ઘણું ઊંચે ચઢયા બાદ નાનું શિવનાળું, શિવાલય, કમંડલકુંડ અને ગૌશાળા આવે છે. ગૌશાળાની નીચે નાનો બગીચો છે. ત્યાંથી આગળ ચાલતાં એક ઊંચા ખડક ઉપર નાની દેરીમાં ગુરુ દત્તાત્રેયનાં પગલાં છે, કે જેને લોકો વિષ્ણુનો અવતાર માને છે. તેમનાં દર્શન માટે અહીં દર વર્ષે ઘણા યાત્રાળુઓ આવે છે. અહીં એક મોટો ઘંટ લટકે છે. આ ઘંટનો અવાજ બહુ દૂર સુધી સંભળાય છે. આ નવો ઘંટ હાલમાં થોડાં વર્ષો પહેલાં જ અહીં લટકાવવામાં આવ્યો છે. પણ એ ઠેકાણે એક જૂનો ઘંટ પહેલાં લટકતો હતો. તે ઘંટ ઉપર વિ. સં. ૧૪૬૮નો લેખ છે. તે ફૂટી જવાથી તેને ઉતારીને તેને બદલે નાનો ઘંટ લટકાવવામાં આવ્યો છે. સાંભળવા પ્રમાણે આ જૂનો ઘંટ ત્યાંના મહંત પાસે હજુ પણ મોજૂદ છે.

ગુરુ દત્તાત્રેયના મંદિરથી ઉત્તર–પશ્ચિમ (વાયવ્ય ખૂણા) તરફ ગુરુ દત્તાત્રેયની માતાની એક રમણીય ટેકરી છે. આની ઉપર અનસૂયા દેવીનું નાનું મંદિર છે.

ગુરુશિખર પર ધર્મશાળા માટે બે ઓરડા છે, ત્યાં યાત્રાળુઓ ઊતરી શકે છે, અને રાત પણ રહી શકે છે. ત્યાં નાની નાની ગુફાઓ છે, તેમાં મહંત અને સાધુ-સંતો રહે છે. યાત્રાળુઓ–મુસાફરોને પાગરણ, વાસણ, સીધું–સામાન વગેરે અહીંના મહંત પાસેથી મળી શકે છે. એ જ મહંતના

પરિશ્રમથી યાત્રાળુઓ માટે એક નવી ધર્મશાળા બંધાવવાની તૈયારીઓ ચાલી રહી છે. આ ઊંચા સ્થાન ઉપરથી બહુ દૂરદૂરનાં સ્થાનો દેખાય છે, અને તે જોનારને બહુ આનંદ આપે છે. અહીંથી નીચેની જમીન પર ઘણું દૂર આવેલ સિરોહી શહેર દેખાય છે, તેમજ પૂર્વ દિશામાં આવેલ અરવલ્લી પહાડની લાઈનની બીજી ટેકરી ઉપરનું અંબાજીનું મંદિર પણ દેખાય છે. કુદરતી શોભા પ્રેક્ષકોને આનંદ આપે તેવી છે.

ગુરુશિખર પહોંચ્યા પછી, યાત્રાળુને અવકાશ હોય તો, તે મંદિરના ચોકીદારને સાથે રાખીને ગણેશનાળા તરફનું સૌંદર્ય જોવા જઇ શકે છે. ગુરુશિખરથી સહેજ નીચેનો ભાગ ખીણો તથા ઝાડીથી ભરપૂર હોવાથી મુસાફરોને એકલા જવા દેવામાં આવતા નથી. ગણેશનાળાવાળું સ્થાન ઘણું એકાંત અને રમ્ય છે. પાણી જો કે વહેતું નહિ હોવાથી સ્વચ્છ નથી, પણ બારે માસ રહેતું હોવું જોઈએ.

ગણેશનાળાથી ઉતરોજ ગામ જવાના રસ્તે થઈને પણ ગુરુશિખર પાછા આવી શકાય છે. જો કે આ રસ્તો વિકટ અને નિર્જન જેવો લાગે છે, તોપણ પહાડનાં રમણીય દૃશ્યો નિહાળવા માટે આ માર્ગ ઉપયોગી છે.

ઉપસંહાર

આ પ્રમાણે અચલગઢના ઠેઠ ઊંચામાં ઊંચા શિખરથી લઈને અચલગઢની તલેટીમાં, તેની આસપાસના મેદાનમાં તેમજ ઓરીયામાં અને તેની નજીકમાં આવેલાં જૈન, વૈષ્ણવ, શૈવ વગેરે ધર્મનાં તીર્થો તથા મંદિરો તેમજ કુદરતી અને કૃત્રિમ બીજાં પ્રાચીન દર્શનીય સ્થાનો, જે જે મારા જોવામાં–જાણવામાં આવ્યાં, તેનું મેં આ પુસ્તિકામાં સંક્ષેપમાં વર્ણન આપ્યું છે. બનતાં સુધી અચલગઢ અને તેની આસપાસમાં આવેલાં દરેકે દરેક ધર્મસ્થાનો અને કુદરતી દશ્યોનો પત્તો લગાડી તેની હકીકત આમાં આપવાનો મેં પ્રયત્ન કર્યો છે, છતાં કોઈ નાનાં નાનાં ધર્મસ્થાનોનો પત્તો મને ન લાગ્યો હોય તો તે પણ બનવા યોગ્ય છે.

જેમને, આમાં નહીં આપેલાં એવાં કોઈ સ્થાનો સંબંધી માહિતી મળે તે, અને આમાં આપેલી માહિતીઓ ઉપરાંત કાંઈ નવું જાણવામાં આવે તે, તેઓ અમને લખી જણાવશે તો અમો તેમના આભારી થઈશું, અને નવી આવૃત્તિમાં તેને દાખલ કરી દેવાનો પ્રયત્ન કરીશું.

યાત્રા કેવી રીતે કરવી જોઈએ ?

આ પુસ્તિકાના અંતમાં " યાત્રાળુઓએ તીર્થયાત્રામાં પાળવાના સામાન્ય નિયમો " આપ્યા છે, તે ધ્યાનમાં લઈ તે પ્રમાણે તીર્થયાત્રામાં વર્તવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

રસ્તામાં કે તીર્થસ્થાનમાં કલેશ-કંકાસ, હાંસી-મશ્કરી, અસત્ય વચન, પરનિંદા, સાત વ્યસન[1] વગેરે દુર્ગુણોનો ત્યાગ કરવો જોઇએ. તીર્થસ્થાનમાં જઈને તીર્થ નિમિત્તનો ઓછામાં ઓછો એક ઉપવાસ કરવો જોઈએ. વિકથાઓને[2] દૂર કરી; ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ અને મોહ ઇત્યાદિ દૂષણોનો ત્યાગ કરી, અપૂર્વ શાંતિને ધારણ કરીને તીર્થનાં દર્શન, સેવા-પૂજા આદિ કાર્યોમાં ઉદ્યમવંત થવું જોઇએ. યથાશકિત વિશેષ પ્રકારે સ્નાત્રપૂજા, અષ્ટપ્રકારી આદિ મોટી પૂજાઓ, અંગરચના (આંગી), રાત્રિજાગરણ વગેરે મહોત્સવો કરવા; ભગવાનના ગુણોને યાદ કરી શુભ ભાવના પૂર્વક વિશેષ પ્રકારના શુભ ધ્યાનની અંદર આરૂઢ થવું-ધર્મધ્યાનમાં તત્પર રહેવું; સવાર-સાંજ પ્રતિક્રમણ (સંધ્યા-વંદનાદિ) કરવું; અભક્ષ્ય અને સચિત્ત (સજીવ) ભોજનનો યથાશકિત ત્યાગ કરવો; જીર્ણોદ્ધાર વગેરે કાર્યોમાં મદદ કરવી; મંદિરમાં આશાતના થતી હોય તો તેને શાંતિપૂર્વક દૂર કરવા-કરાવવા પ્રયત્ન કરવો; સધર્મીબંધુઓની ભક્તિ કરવી; સધર્મીવાત્સલ્ય કરવું; યથાશકિત પાંચે પ્રકારનાં દાન (અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન) આપવાં; તીર્થસ્થાનમાં વિદ્યાલય, પુસ્તકાલય વગેરે

---

૧. (૧) માંસભક્ષણ, (૨) મદ્યપાન, (૩) શિકાર કરવો, (૪) વેશ્યાગમન, (૫) પરસ્ત્રીગમન, (૬) ચોરી અને (૭) જુગાર રમવો —આ સાત વ્યસન કહેવાય છે.

૨. (૧) દેશપરદેશના સારા-નરસા રાજાઓની, (૨) સ્ત્રીઓની, (૩) ખાદ્ય પદાર્થોની અને (૪) દેશ, કે શહેર કે ગામોની નિરર્થક કથા, વાર્તા કે ચર્ચા કરવી તે—આ ચાર વિકથા કહેવાય છે.

કેળવણીની સંસ્થાઓ હોય તેમાં સહાયતા આપવી; અને ફુરસદના સમયમાં ધાર્મિક પુસ્તકો વાંચવાં; ઈત્યાદિ ધર્મ-કરણી કરવા સાથે શુભ ભાવપૂર્વક જે માણુસ યાત્રા કરે છે, તે જ માણુસ યાત્રાનું વાસ્તવિક ફળ—સમકિતની પ્રાપ્તિ, સ્વર્ગાદિનાં સુખો, કર્મની નિર્જરા અને યાવત્ મોક્ષનું સુખ—મેળવી શકે છે. માટે દરેક યાત્રાળુએ આ પ્રમાણે વર્તવા માટે પ્રયત્નશીલ થવું.

એવી જ રીતે કૉલેજ, સ્કૂલ અને સ્કાઉટની ટૂર (ભ્રમણ) કરનાર વિદ્યાર્થીઓએ તથા બીજા બધા પ્રેક્ષકોએ દર્શનીય સ્થાનો જોવા માટે કરેલો પ્રયત્ન, વાસ્તવિક રીતે ત્યારે જ સફળ કર્યો કહી શકાય કે, જ્યારે તેઓ તેમાંથી શોધ પૂર્વક ઐતિહાસિક જ્ઞાન મેળવે; તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરી તેમાંથી અલૌકિક તત્ત્વ પ્રાપ્ત કરે; જીવ અને પુદ્ગલની કુદરતી અનંત શક્તિઓ સંબંધી વિચાર કરે; શાંતિપૂર્ણ સ્થાનોમાં જઈ ક્રોધાદિ કષાયો અને હાસ્યાદિ ક્રીડાઓનો ત્યાગ કરી બે ઘડી શુભ ધ્યાનમાં તલ્લીન થઇ, પોતાની અંદર રહેલા દુર્ગુણોનો ત્યાગ કરવા, સદ્ગુણોને પ્રાપ્ત કરવા, સમાજ, દેશ અને ધર્મની સેવા કરી પોતાના આત્માને કૃતાર્થ કરવા તથા પોતાના આત્માને કર્મના બંધનથી મુક્ત કેવી રીતે કરી શકાય તે સંબંધી વિચારો કરે; અને પછી તે પ્રમાણે વર્તન કરવા માટે પ્રયત્ન કરે.

ઉપર્યુક્ત કાર્યો કરવાથી કુદરતી દૃશ્યો આદિ જોવા માટે કરેલો પ્રયત્ન ખરેખર રીતે સફલ થાય છે, માટે તેમ કરવા દરેક મનુષ્યે પ્રયત્ન કરવો જોઈએ.

ॐ शांतिः शांतिः शांतिः

યાત્રાળુઓએ તીર્થયાત્રામાં પાળવાના સામાન્ય નિયમો

૧ તીર્થસ્થાનમાં જઈ તીર્થનાં દર્શન, પૂજા, ભક્તિ વગેરેમાં ખૂબ તલ્લીન થવું.

૨ તીર્થસ્થાનમાં સ્નાત્રપૂજા, અભિષેક, મોટીપૂજા, આંગી, વરઘોડો તથા અઠ્ઠાઈમહોત્સવ આદિથી યથાશક્તિ પ્રભુ-ભક્તિ કરવી અને કરાવવી.

૩ ગુરુમહારાજને હંમેશાં વંદન કરવું.

૪ તીર્થ નિમિત્તે ઓછામાં ઓછો એક ઉપવાસ કરવો.

૫ સચિત્ત (સજીવ) ભોજનનો ત્યાગ કરવો.

૬ રાત્રિભોજન તથા અભક્ષ્ય-ભક્ષણનો ત્યાગ કરવો.

૭ બ્રહ્મચર્યનું પાલન કરવું.

૮ ભૂમિશયન કરવું.

૯ શક્તિ અનુસારે વ્રત–નિયમો લેવાં અને તેનું પાલન કરવું.

૧૦ જ્ઞાનદાન, સુપાત્રદાન અને અનુકંપાદાન આપવું.

૧૧ સધર્મી બંધુઓની ભક્તિ કરવી.

૧૨ સવારે તથા સાંજે પ્રતિક્રમણ (સંધ્યા–વંદનાદિ), સામાયિક, કાયોત્સર્ગ તથા ધ્યાન કરવું.

૧૩ તીર્થની આશાતના ન કરવી.

૧૪ પર્વતિથિએ પૌષધ કરવો. (એક દિવસ માટે સાધુપણું લેવું.)
૧૫ અવકાશના વખતે સારાં સારાં પુસ્તકો વાંચવાં.
૧૬ સાત વ્યસન તથા ચાર વિકથાનો ત્યાગ કરવો.
૧૭ જીવદયાનું રૂડી રીતે પાલન કરવું.
૧૮ ક્લેશ-કંકાસ કરવો નહિ.
૧૯ બીજા યાત્રાળુઓને દુઃખ થાય તેમ કરવું નહિ.
૨૦ મજૂરો, ગાડીવાળા કે કામ કરનારાઓને હેરાન કરવા નહિ, તેમની સાથે ઝઘડો કરવો નહિ; બે પૈસા વધારે આપીને પણ તેમને રાજી કરવાં.
૨૧ બીજા યાત્રાળુઓ માટે સગવડ રાખીને પોતાને ખાસ જરૂર પૂરતાં જ જગ્યા અને સાધનોથી કામ ચલાવવું.
૨૨ યાત્રા કરવા નીકળેલા સધર્મી બંધુઓનાં દુઃખ દૂર કરવાં, કરાવવાં અથવા તેમના દુઃખમાં ભાગ લેવો, એ ખરેખરું સધર્મીવાત્સલ્ય છે.
૨૩ તીર્થની રક્ષા માટે જે જે ખાતામાં જરૂર હોય તે તે ખાતામાં યથાશક્તિ દ્રવ્યની સહાયતા કરવી.
૨૪ જીર્ણોદ્ધાર તથા સાધારણ ખાતામાં મદદ કરવી.
૨૫ બીજી પણ દરેક ધાર્મિક સંસ્થાઓને મદદ આપવા ચૂકવું ન જોઈએ.

લેખકઃ-
ધર્મજયન્તોપાસક
મુનિ વિશાળવિજયજી

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭	છેલ્લા પેરેગ્રાફમાં 'હતું' ઉપર ફુટનોટ માટેનો બગડો જોઈએ.		
૨૫	૨૦	દેલવાડામાં	દેલવાડામાં તથા અચલગઢમાં
૨૯	૧૨	અવગડ	અગવડ
૩૦	૪	કરેક	દરેક
”	૨૪	એને	અને
૪૩	૧૯	ધાતિની	ધાતુની
૫૧	૬	શિરબંધી	શિખરબંધી
૫૬	૩	ચત્ય	ચૈત્ય
૫૭	૧૨	એકલમૂર્તિઓ ૨	એકલમૂર્તિ ૧
૫૮	૭	૧૭૪	૧૭૩
૬૫	૫	'આબુ–સ્તવનની'	'આબુ–સ્તવન'
૬૮	૪	ઉલ્લેખ	ઉલ્લેખ
”	૧૨	શ્રીઆબુચૈત્યપરિપાટી	શ્રીઆબુતીરથભાસ
૭૪	૮	૩।૦।૦।૧૧	૨।૦।૦।૧૦
૭૫	છેલ્લા સરવાળામાં ૧૭૪, ૨૫૧ના બદલે		૧૭૩, ૨૫૦
૭૮	૧૧	કરવાની	કરવાથી
૯૨	૧૪	પગણિયાં	પગથિયાં
૯૩	૧૪	નાનો	નવો

૯૪ ૧–૨ 'નવી ધર્મશાળા બંધાવવાની તૈયારીઓ ચાલી રહી છે.' એ વાક્ય 'નવી ધર્મશાળા તથા એક નવું મંદિર બંધાઈને તૈયાર થઈ ગયેલ છે.' એ પ્રમાણે સુધારવું.

આ ઉપરાંત કેટલેક સ્થળે 'મૂર્તિ'માંથી રેફ, અને 'ભૈરવ' 'ચૈત્ય' તથા 'ચૌમુખ' માંથી બે માત્રા ઊડી ગયેલ છે તે સુધારી લેવી.

ચિત્રમય અચલગઢ

શ્રી અચલગઢના પ્રવાસમાં અનુક્રમે આવતાં દેવસ્થાનો, દર્શનીય સ્થળો અને કુદરતી દશ્યોનું દર્શન કરાવતાં સોળ સુંદર ચિત્રોનો સંપુટ.



અચલગઢની તળેટીમાં આવેલા, અચલગઢના પ્રવેશદ્વાર સમા, મહારાજા કુમારપાળકૃત શ્રીશાંતિનાથના મંદિરનો બાહ્ય દેખાવ, દેલવાડાથી ઓરીયા જવાની સર્પાકાર કેડી અને આસપાસની વનરાજીનું દૃશ્ય (પાનું ૬૦-૬૧)



શ્રીશાંતિનાથના મંદિરના મૂળનાયક શ્રીશાંતિનાથપ્રભુની વિશાળ અને મનોહર કોરણીયુક્ત પરિકરવાળી ભવ્ય પ્રતિમા. પબાસણની નીચે ધર્મચક્ર કોતરેલું આ ચિત્રમાં સ્પષ્ટ દેખાય છે. (પાનું ૬૯-૭૦)

અચલેશ્વર મહાદેવના મંદિરની સામે આવેલ વિ. સં. ૧૪૬૪ નો પિત્તળનો વિશાળકાય નંદિ (પોઠિયો), અને ચારણકવિ દુરાસા આઢાની વિ. સં. ૧૬૮૬ ની પિત્તળની ઊભી મૂર્તિ. (પાનું ૮૫)



મંદાકિનીકુંડના કાંઠા ઉપરની પરમાર ધારાવર્ષાદેવની ધનુષબાણવાળી આરસની મૂર્તિ, અને પરમાર ધારાવર્ષાનું પરાક્રમ દર્શાવતા, કુદરતી કદના, વચમાં છિદ્રવાળા કાળા પથ્થરના ત્રણ પાડા. (પાનું ૮૭)

અચલગઢ ગામમાંનાં કાર્યાલયનાં મકાનો, લક્ષ્મીનારાયણનું મંદિર, કર્પૂરસાગર તળાવ, તળાવના કિનારે આવેલ કાર્યાલયનો બગીચો તથા અચલગઢની વનરાજીનું સામાન્ય દૃશ્ય. (પાનું ૨૨, ૮૦, ૮૨)

અચલગઢગામમાંના શ્રીકુંથુનાથજીનું મંદિર, ઉપાશ્રય, ધર્મશાળા તથા અચલગઢનાં જિનમંદિરોની પેઢીનાં મકાનો અને ગામની આસપાસની કુદરતનું સુરમ્ય દૃશ્ય. (પાનું ૨૨, ૫૪)



શ્રીકુંથુનાથજીના મંદિરના મૂળનાયક શ્રીકુંથુનાથજીની વિ. સં. ૧૫૨૭ની
અને બન્ને બાજુના કાઉસ્સગ્ગિયાની ધાતુની પ્રતિમાઓ. (પાનું ૫૭)

કુદરતી સૌંદર્યથી ભર્યા અચલગઢની માનવકૃત શોભાનું અદ્ભુત દર્શન

ચતુર્મુખ પ્રાસાદ, દેવકુલિકાઓ યુક્ત શ્રીઋષભદેવજીનું મંદિર, કાર્યાલયનાં મકાનો, મંદિરમાં જ[illegible] માર્ગો. ગઢ અને આસપાસની વનરાજીનું અતિ મનોહર દૃશ્ય. (પાનું [illegible]-૨૩)



શ્રીઋષભદેવજીના મંદિરનું પ્રવેશદ્વાર, ઘુમ્મટ, શિખર તથા આસપાસની દેવકુલિકાઓનું સુંદર દશ્ય. (પાનું ૫૧)

શ્રીઋષભદેવજીના મંદિરના મૂળનાયક શ્રીઆદીશ્વરપ્રભુની વિ. સં. ૧૭૨૧ ની તથા તેની બે બાજુની આરસની પ્રતિમાઓ. (પાનું ૫૧)

ચતુર્મુખ પ્રાસાદનું મુખ્ય પ્રવેશદ્વાર, અને અચલગઢની ઊંચી ટેકરી પર આવેલાં મંદિરોની ઊંચી ભૂમિકાનો તાદૃશ ખ્યાલ આપતાં પગથિયાંની હારમાળ. (પાનું ૩૧–૩૩)



વિશાળ ચતુર્મુખ પ્રાસાદના બે માળ તથા શિખર, ઘુમ્મટ અને બહારની કોરણીનું સુરેખ દૃશ્ય. (પાનું ૩૩)



ચતુર્મુખ પ્રાસાદના નીચેના માળનો સભામંડપ, મૂળ ગભારાનું પ્રવેશદ્વાર, દીવાલ ઉપરનું ચિત્રકામ તથા કોતરકામ અને મૂળનાયક શ્રીઆદીશ્વરપ્રભુની પ્રતિમા. (પાનું ૩૩-૩૪)



ચતુર્મુખ પ્રાસાદના મુખ્ય મૂળનાયક શ્રીઆદીશ્વરપ્રભુની વિ. સં. ૧૫૬૬ની ધાતુની વિશાળ અને ભવ્ય પ્રતિમા. (પાનું ૩૪-૩૫)

ચતુર્મુખ પ્રાસાદના ઉપરના માળના ચૌમુખજીના મૂળનાયક શ્રી. પાર્શ્વનાથપ્રભુની વિ. સં. ૧૫૬૬ ની ધાતુની મનોહર પ્રતિમા. (પાનું ૪૦)

આબુગિરિરાજનું ઊંચામાં ઊંચું સ્થાન ગુરુશિખર, ગુરુ દત્તાત્રેયનાં પગલાંવાળી દેરી, તેની નીચેની નાની ધર્મશાળા અને રસ્તાનું સુંદર દૃશ્ય. (પાનું ૯૨-૯૩)

મુનિરાજ શ્રીજયંતવિજયજીકૃત

તીર્થવર્ણનનાં બે સુંદર ઐતિહાસિક ગ્રંથો

આબુ ગિરિરાજ આબુ અને ત્યાંનાં જગવિખ્યાત જૈન મંદિરોની સંપૂર્ણ માહિતી આપતો ગ્રંથ. તીર્થના યાત્રાળુને અને દર્શક પ્રવાસીને જરૂરી દરેક પ્રકારની હકીકત આ ગ્રંથમાં આપવામાં આવી છે. ગ્રંથમાં ભિન્ન ભિન્ન દૃશ્યોનાં ૭૫ સુંદર ચિત્રો આપવામાં આવ્યાં છે. ગ્રંથ હિન્દી તથા ગુજરાતી બન્ને ભાષામાં જુદો જુદો છપાયેલ છે.

મૂલ્ય : અઢી રૂપિયા

હમ્મીરગઢ મારવાડના લુપ્ત થતા એક પ્રાચીન જૈન તીર્થનો સચિત્ર પરિચય આ નાની પુસ્તિકામાં આપવામાં આવ્યો છે

મૂલ્ય : છ આના

શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા

ગાંધીચોક : ભાવનગર (કાઠિયાવાડ)

શારદા મુદ્રણાલય, અમદાવાદ.